ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425



21 JANUARY, 2026 WEDNESDAY

પેજ 2

નાઈ સમાજના શૈક્ષણિક સંકુલનું ઉદ્ઘાટન

પેજ 3

'મહીસાગર શિક્ષા સરિતા' પ્રકલ્પનો ભવ્ય શુભારંભ

પેજ 7

છેતરપિંડીના કેસમાં એક મહિલાને ઝડપી પડાઇ

પેજ 5
30થી વધુ વાહનોને મેમો ફટકારતા ફફડાટ

I Pakkogujarat/ I VOL : 10 I Issue : 304 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com

### ટ્રમ્પના ટેરિફ વોર વચ્ચે EU સાથે ઐતિહાસિક વેપાર કરારના સંકેત

# ભારત અને યુરોપ વચ્ચે થશે 'મધર ઓફ ઓલ ડીલ'

### યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા 25 થી 27 જાન્યુઆરી દરમિયાન ભારતની મુલાકાતે



• નવી દિલ્હી

યુરોપિયન યુનિયન (EU) અને ભારત વચ્ચે એક ઐતિહાસિક વેપાર કરાર(ટ્રેડ ડીલ) થવા જઈ રહી છે, જેને વૈશ્વિક સ્તરે 'મધર ઓફ ઓલ ડીલ્સ' તરીકે જોવામાં આવી રહી છે. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)ની વાર્ષિક બેઠકમાં આ મહત્વપૂર્ણ જાહેરાત કરી. આ ડીલ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિઓનો સામનો કરી રહેલા ભારત માટે એક મોટી રાહત અને વ્યૂહાત્મક જીત સમાન માનવામાં આવે છે.

આ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) દ્વારા ભારત અને યુરોપના આશરે 200 કરોડ લોકોનું બજાર એકબીજા સાથે જોડાશે. વૈશ્વિક પ્રભાવની વાત કરીએ તો આ વેપાર કરાર વિશ્વની કુલ જીડીપી (GDP)ના ચોથા ભાગને (1/4) આવરી લેશે જે બંને દેશો માટે આર્થિક રીતે ગેમ-ચેન્જર સાબિત થશે. EU પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને જણાવ્યું હતું કે, 'અમે એક ઐતિહાસિક વ્યાપાર સમજૂતીની ખૂબ નજીક છીએ. જો કે, થોડું કામ બાકી છે પણ આ ડીલ યુરોપને વિશ્વના સૌથી ઝડપથી વિકસતા બજાર સાથે જોડશે. કેટલાક લોકો તેને 'મધર ઓફ ઓલ ડીલ' કહે છે'

EU પ્રમુખે એ પણ ટાંક્યું કે, યુરોપે ઉર્જા, કાચો માલ, સંરક્ષણ અને ડિજિટલ ક્ષેત્રમાં ઝડપથી પગલાં ઉઠાવ્યા છે, હવે સ્થાયી ફેરફાર માટે અવસરનો લાભ ઉઠાવવો પડશે. ભારત અને યુરોપિયન સંઘ 2004થી જ રણનૈતિક ભાગીદાર છે. વધુમાં તેમણે જિયોપોલિટિક્સનો પણ ઉલ્લેખ કરતાં કહ્યું કે રશિયા-યુક્રેન યુદ્ધ, ઉર્જા સુરક્ષા અને ટેકનોલોજી સ્પર્ધા જેવા મુદ્દાઓ EUની પ્રાથમિકતાઓ છે. પ્રસ્તાવિત સુરક્ષા અને સંરક્ષણ બંને પક્ષે ગાઢ સહયોગને સક્ષમ બનાવશે અને ભારતીય કંપનીઓને EUના 'સિક્યોરિટી એક્શન ફોર યુરોપ' (SAFE) કાર્યક્રમમાં ભાગ લેવાની તક પૂરી પાડશે.

યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા 25 થી 27 જાન્યુઆરી દરમિયાન ભારતની મુલાકાતે છે. તેઓ ભારતના 77માં ગણતંત્ર દિવસ (Republic Day)સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની બેઠક દરમિયાન આ ઐતિહાસિક FTA (ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ) ની સત્તાવાર જાહેરાત થઈ શકે છે. ભારત પ્રવાસ દરમિયાન વેપાર કરાર ઉપરાંત બંને દેશ વચ્ચે સંરક્ષણ તેમજ 2026-2030 માટે રણનૈતિક એજન્ડા પણ તૈયાર કરવાની યોજના છે.

આ ડીલનો સમય ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. એક તરફ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર 50% ટેરિફ લગાવ્યો છે, જેના કારણે ભારત-અમેરિકા ટ્રેડ ડીલ અટકી પડી છે. ટ્રમ્પની આકરી નીતિઓ વચ્ચે યુરોપિયન યુનિયન સાથેની આ ડીલ ભારત માટે એક મજબૂત વિકલ્પ સાબિત થશે. આ ડીલથી ટ્રમ્પના ભારત પર દબાણ બનાવવાની આશા પર પાણી ફરી વળશે તેવું નિષ્ણાતો માની રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ભારત અને EU વચ્ચે FTA માટેની વાતચીત 2007માં શરૂ થઈ હતી, જે 2013માં અટકી ગઈ હતી અને જૂન 2022માં ફરી શરૂ થઈ હતી. હવે તે તેના અંતિમ ચરણમાં છે. જેમાં માત્ર વેપાર જ નહીં, પરંતુ રોકાણ, સંરક્ષણ અને ટેકનિકલ સહયોગ પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

## ટ્રેડ અને ટેરિફના યુદ્ધમાં કોઈની પણ જીત નથી થતી : ચીનનો ટ્રમ્પને જવાબ

દાવોસ : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ વોર વચ્ચે ચીને વળતો જવાબ આપ્યો છે. ચીને કહ્યું છે કે ટ્રેડ અને ટેરિફ વોરમાં કોઈની પણ જીત થતી નથી. દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોર્મની વાર્ષીક બેઠકમાં સામેલ ચીનના ઉપપ્રમુખ હી લિફેન્ગે કહ્યું હતું કે ચીન સમગ્ર વિશ્વ માટે પોતાના દરવાજા ખોલશે.

ચીનના ઉપપ્રમુખે વધુમાં કહ્યું હતું કે વર્ષ ૨૦૨૬માં ચીનનો મુખ્ય એજન્ડા સ્થાનિક માગ પુરી કરવાનો છે, સાથે જ ઉત્પાદન ક્ષમતા પણ વધારવામાં આવશે. વૈશ્વિક અર્થતંત્રમાં એકબીજા સાથે સહયોગ બહુ જ જરૂરી છે. ટ્રેડ અને ટેરિફના વોરમાં કોઈની જીત નથી થતી. આ બેઠકમાં ભાગ લેવા માટે મંગળવારે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ અમેરિકાથી દાવોસ જવા માટે રવાના થઈ ગયા હતા. ટ્રમ્પ અમેરિકાના સૌથી મોટા ડેલિગેશન સાથે દાવોસ પહોંચવાના છે. દાવોસમાં ૧૩૦ દેશોના ત્રણ હજારથી વધુ પ્રતિનિધિઓ સામેલ થવાના છે, જેમાં વિશ્વની ટોચની કંપનીઓના ૮૫૦ જેટલા સીઈઓ પણ જોડાશે. અમેરિકાના પ્રમુખ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પની આ ત્રીજી દાવોસ મુલાકાત છે. દાવોસમાં શરૂ થયેલી વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં યુરોપ સહિતના પ્રાંતના અનેક દેશો ભાગ લઈ રહ્યા છે. એવામાં ગ્રીનલેન્ડ મુદ્દે અમેરિકા અને યુરોપના દેશો વચ્ચેનો વિવાદ પણ આ બેઠકમાં જોવા મળી રહ્યો છે.

## ઉત્તર પ્રદેશમાં દેશનું સૌથી મોટું એઆઈ આધારિત ડેટા સેન્ટર બનશે

લખનઉ : ઉત્તર પ્રદેશમાં દેશનાં સૌથી મોટા એઆઈ આધારિત ડેટા સેન્ટરની રચના કરવામાં આવશે. આ સંદર્ભમાં સ્વિટ્ઝરલેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમનાં સંમેલનમાં બીજા દિવસે રાજ્ય સરકારનાં પ્રતિનિધિમંડળ અને એએમ ગ્રીન સમૂહની વચ્ચે ૨.૨૭ લાખ કરોડ રૂપિયાથી વધુના રોકાણ અંગે સમજૂતી (એમઓયુ) પર સહી કરવામાં આવી છે. કંપની ગ્રેટર નોઈડામાં કોમ્પ્યુટર ડેટા કેન્દ્રની રચના કરશે.ઉત્તર પ્રદેશ સરકારનું એક પ્રતિનિધિ મંડળ નાણાકીય પ્રધાન સુરેશ ખન્નાનાં નેતૃત્ત્વમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમનાં સંમેલનમાં ભાગ લેવા માટે દાવોસ ગયું છે. સંમેલનનાં બીજા દિવસે વિભિન્ન ક્ષેત્રોના રોકાણકારોની સાથે પ્રતિનિધિમંડળે આઠથી વધારે બેઠકો યોજી હતી.આ દરમિયાન ગ્રેટર નોઈડામાં એએમ ગ્રીન સમૂહની સાથે એક ગીગાવોટનું કોમ્પ્યુટર ડેટા કેન્દ્ર સ્થાપિત કરવા અંગે એમઓયુ કરવામાં આવ્યું છે. આ ડેટા કેન્દ્રમાંથી વૈશ્વિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) વર્કલોડ્સની સેવાઓ આપવામાં આવશે.

## સીરિયામાં આઈએસના 1500થી વધુ આતંકીઓ જેલમાંથી ભાગી ગયા

દમાસ્કસ : સીરિયામાંથી આઈએસના ૧૫૦૦થી વધુ આતંકીઓ જેલમાંથી ભાગી ગયા હોવાનો ઘટસ્ફોટ ખુદ સીરિયન સૈન્ય દ્વારા કરવામાં આવ્યો છે. સીરિયાના સૈન્યએ જણાવ્યું છે કે ઉત્તરપૂર્વી સીરિયામાં આઈએસના ધરપકડ કરાયેલા હજારો આતંકીઓને રાખવામાં આવ્યા હતા, આ કેમ્પની સુરક્ષાની જવાબદારી કુર્દીશ સીરિયન ડેમોક્રેટિક ફોર્સની હતી. જોકે કુર્દીશ સૈન્યએ આ કેમ્પમાંથી સૈનિકો હટાવી લીધા હતા અને તેને તરછોડાયેલા હાલમાં મુકી દીધો હતો.

જેનો લાભ ઉઠાવીને અનેક આઈએસ આતંકીઓ આ કેમ્પમાંથી ભાગી ગયા છે. સીરિયન ડેમોક્રેટિક ફોર્સે પણ સ્વીકાર કર્યો હતો અને કહ્યું હતું કે આ કેમ્પની જવાબદારી અમારા સૈનિકોની હતી પરંતુ અમે સૈનિકોને સુરક્ષામાંથી હટાવી લીધા છે. કેમ કે આંતરરાષ્ટ્રીય કોમ્યુનિટી તરફથી કે અમને મદદ કરનારા દેશો તરફથી કોઈ જ ધ્યાન આપવામાં ના આવ્યું અને આ કેદીઓનો મુદ્દો લટકતો છોડી દેવામાં આવ્યો હતો. હાલમાં જે જગ્યાએ આઈએસનો ખતરો છે ત્યાં આ સૈનિકોને તૈનાત કરવામાં આવ્યા છે. આ પહેલા સીનિયર મંત્રીએ કહ્યું હતું કે ઉત્તરપૂર્વના કેમ્પમાંથી ૧૨૦ ઈસ્લામિક સ્ટેટના આતંકી ભાગી ગયા છે. જેમાંથી ૮૧ને પરત પકડી લેવામાં આવ્યા છે. જ્યારે એક રિપોર્ટ મુજબ ૧૫૦૦ આતંકીઓ ભાગી ગયા છે.

## વારંવાર એસેસમેન્ટ કરવું ટોર્ચર છે ઈન્કમટેક્સ વિભાગને રૂ. બે લાખનો દંડ

નવી દિલ્હી : એનડીટીવીના સ્થાપક અને પૂર્વ માલિક પ્રણય રોય અને રાધિકા રોય સામે ઈન્કમટેક્સ વિભાગ દ્વારા ૨૦૧૬માં રિએસેસમેન્ટની જે નોટિસ પાઠવવામાં આવી હતી તેને દિલ્હી હાઈકોર્ટે રદ કરી દીધી છે. એટલુ જ નહીં આ નોટિસ મોકલવા બદલ ઈન્કમટેક્સ વિભાગને હાઈકોર્ટે બે લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો જે પ્રણય રોય અને રાધિકા રોયને ટોકન ખર્ચ તરીકે આપવા આદેશ કર્યો હતો. આ સમગ્ર મામલો આરઆરપીઆર હોલ્ડિંગ પ્રા. લિ. સાથે સંકળાયેલો છે જેમાં પ્રણય રોય અને રાધિકા રોય ડાયરેક્ટર હતા અને ૫૦ ટકા શેર હોલ્ડર પણ હતા. વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના એસેસમેન્ટ માટે આઈટી વિભાગે ૨૦૧૧માં એસેસમેન્ટ ફરી ખોલ્યું હતું, એનડીટીવીના શેરની ખરીદી અને વેચાણ તેમજ આરઆરપીઆર પાસેથી લીધેલી લોનની તપાસ કરવામાં આવી હતી. દસ્તાવેજોની સંપૂર્ણ છણાવટ બાદ, રોય દંપતિનું સ્પષ્ટિકરણ લીધા બાદ માર્ચ ૨૦૧૩માં રિએસેસમેન્ટ લોનના મુદ્દા પર કોઈ જ વધારા વગર પૂર્ણ કરાયું હતું.

જોકે બાદમાં અચાનક જ ૨૦૧૬માં આઈટી વિભાગે નવેસરથી રિએસેસમેન્ટ શરૂ કરવા માટે નોટિસ મોકલી હતી. પ્રણય રોય અને રાધિકા રોય બન્નેએ પોતાની આવક ૧.૬૬ કરોડ જાહેર કરી હતી જેને આઈટી વિભાગે સ્વીકારી લીધી હતી અને બાદમાં ૨૦૧૬માં ફરી કાર્યવાહી શરૂ કરી હતી.

### ખામેનેઈ ફરી બંકરમાં છૂપાયા

## અમેરિકાની ધમકી બાદ ઈરાનમાં કંઈક મોટું થવાના એંધાણ !

• તહેરાન

પશ્ચિમ એશિયામાં ફરી એકવાર યુદ્ધના વાદળો ઘેરાયા છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુની સીધી ધમકી બાદ ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈ તેહરાન નજીક આવેલા સુરક્ષિત બંકરમાં છુપાઈ ગયા હોવાના અહેવાલ સામે આવ્યા છે. છેલ્લા સાત મહિનામાં તેઓ બીજી વખત બંકરમાં છૂપાયા છે.

તાજેતરમાં જ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે ઈરાનમાં સત્તાપલટો કરવાની ધમકી આપી હતી. અહેવાલો મુજબ ટ્રમ્પે ખામેનેઈની હાલત કાસિમ સુલેમાની અથવા બગદાદી જેવી કરવાની વાત કરી છે. બીજી તરફ નેતન્યાહૂએ પણ ચેતવણી આપી છે કે, ઈરાન પર એવો હુમલો થશે જેવો પહેલા ક્યારેય જોયો નહીં હોય. ઈરાન સરકારને ડર છે કે, અમેરિકી ગુપ્તચર



એજન્સી અને મોસાદ મળીને તેહરાન પર ગમે ત્યારે મોટું ઓપરેશન પાર પાડી શકે છે.

અમેરિકાએ તાજેતરમાં જ વેનેઝુએલાના રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરોનું તેમના નિવાસસ્થાનેથી અપહરણ કરી તેમને અમેરિકી જેલમાં મોકલી દીધા છે. આ ઘટનાથી ઈરાન એલર્ટ પર છે. જૂન 2025માં જ્યારે અમેરિકા અને ઈઝરાયેલે ઈરાનના પરમાણુ સ્થળો પર હુમલો કર્યો હતો, ત્યારે પણ ખામેનેઈ 21 દિવસ સુધી બંકરમાં રહ્યા હતા. ઈરાનની સરકારી મીડિયાના રિપોર્ટ મુજબ, ખામેનેઈ છેલ્લે 17 જાન્યુઆરીએ જાહેરમાં આવ્યા હતા અને તેમણે અમેરિકા-ઈઝરાયલ પર નિશાન સાધ્યું હતું.

ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેજેશકિયને સ્પષ્ટ કહ્યું છે કે, 'જો સુપ્રીમ લીડર પર કોઈ હુમલો થશે તો તેહરાન તેને સીધું યુદ્ધ માનશે.' ઈરાને 12 એફ-15 જેટ વિમાનોને જોર્ડન સરહદ પાસે તૈનાત કર્યા છે. તો અમેરિકાએ પણ 'યુએસએસ અબ્રાહમ' યુદ્ધ જહાજને મલક્કાની ખાડીમાં ઉતારીને ઈરાનની ઘેરાબંધી મજબૂત કરી છે. ઈરાનમાં ચાલેલા વિરોધ પ્રદર્શનમાં અત્યાર સુધીમાં 5000થી વધુ લોકોના મોત થયા હોવાનો દાવો પણ કરવામાં આવી રહ્યો છે.

**2024-25ના ઓડિટ રિપોર્ટ રજૂ કર્યો**

**2024-25માં લોકસભા, 8 રાજ્યોની વિધાનસભા અને પેટા ચૂંટણીમાં ભાજપે રૂ. 3,335.36 કરોડનો ખર્ચ કર્યો**

## ભાજપ પાસે રૂ. 10,000 કરોડની રોકડ અને ડિપોઝીટ્સનું જંગી ભંડોળ

નવી દિલ્હી : ભારત પર સતત ત્રણ વખતથી સત્તાના સૂત્રો સંભાળી રહેલા ભાજપ પાસે રૂ. ૧૦,૦૦૦ કરોડના મૂલ્યની રોકડ અને ડિપોઝીટ્સ છે તેમ ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરેલા પક્ષના વાર્ષિક ઓડિટ રિપોર્ટમાં જણાવાયું છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ભાજપે દિલ્હીમાં આપ, ઓડિશામાં બીજેડી સામે તથા કેન્દ્રમાં ફરી ચૂંટાવા માટે ચૂંટણી અભિયાનો કર્યા ત્યારે પક્ષે રૂ. ૩,૩૩૫.૩૬ કરોડનો ખર્ચ કર્યો હતો, જે એક વર્ષ પહેલાં તેના રૂ. ૧,૭૫૪.૦૬ કરોડના ચૂંટણી ખર્ચ કરતાં બમણો હતો. ભાજપે લોકસભા, વિધાનસભા અને પેટા ચૂંટણીઓમાં આ ખર્ચ કર્યો હતો.

દેશમાં રાજકીય પક્ષોમાં ભાજપની તાકાતનો એ બાબત પરથી જ પરચો મળે છે કે વર્ષ ૨૦૨૪-૨૫માં લોકસભા ચૂંટણી, આઠ રાજ્યોની વિધાનસભા ચૂંટણી અને પેટા ચૂંટણીઓ થઈ હતી. આ ચૂંટણીઓમાં ભાજપે કુલ રૂ. ૩,૩૩૫.૩૬ કરોડનો ખર્ચ કર્યો હતો તેમ ભાજપે ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરેલા ઓડિટ રિપોર્ટમાં જણાવાયું હતું.

આ રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૨૪-૨૫માં ભાજપની રોકડ અને ડિપોઝીટ્સમાં રૂ. ૨,૮૮૨.૩૨ કરોડનો વધારો થયો હતો. ૩૧ માર્ચ, ૨૦૨૫ના અંતે પક્ષનું જનરલ ફંડનું ક્લોઝિંગ બેલેન્સ રૂ. ૧૨,૧૬૪ કરોડ હતું, જે અગાઉના વર્ષમાં રૂ. ૯,૧૬૯ કરોડ હતું. જનરલ ફંડમાં રૂ. ૯,૯૯૬ કરોડની રોકડ અને બેન્ક ડિપોઝીટ્સ તથા રૂ. ૨૩૪.૧૧ કરોડની લોન્સ અને એડવાન્સનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ભાજપને રૂ. ૬,૧૨૫ કરોડનું સ્વૈચ્છિક દાન મળ્યું હતું, જે અગાઉના વર્ષમાં રૂ. ૩,૯૬૭ કરોડ કરતાં અનેક ગણો વધારો દર્શાવે છે. આ સમયમાં રૂ. ૯,૩૯૦ કરોડની ફિક્સ ડિપોઝીટ્સ સાથે ભાજપને બેન્કોમાં તેની ડિપોઝીટ્સ પર રૂ. ૬૩૪ કરોડનું વ્યાજ પણ મળ્યું હતું. ભાજપે ૨૦૨૪-૨૫માં રૂ. ૬૫.૯૨ કરોડનું ઈન્કમ ટેક્સ રિફન્ડ ફાઈલ કર્યું હતું અને તેના પર રૂ. ૪.૪૦ કરોડની વ્યાજની આવક મેળવી હતી.વર્ષ ૨૦૨૪-૨૫ માટે પક્ષના કુલ ખર્ચમાં ૮૮.૩૬ ટકા ચૂંટણી પાછળ થયો હતો. પક્ષે આ સમયમાં ચૂંટણી પાછળ રૂ. ૩,૩૩૫.૩૬ કરોડનો ખર્ચ કર્યો હતો, જેમાં પક્ષે રૂ. ૩૧૨.૯ કરોડની નાણાકીય સહાય તેના ઉમેદવારોને કરી હતી અને રૂ. ૫૮૩ કરોડ એરક્રાફ્ટ અને હેલિકોપ્ટર્સમાં પ્રવાસ માટે ખર્ચ્યા હતા.

ભાજપે ૨૦૨૪-૨૫માં ચૂંટણી સમયમાં ઈલેક્ટ્રોનિક મીડિયામાં જાહેરાતો માટે રૂ. ૧,૧૨૫ કરોડનો ખર્ચ કર્યો હતો, જેમાં રૂ. ૧૦૭ કરોડનો ખર્ચ કટઆઉટ, હોર્ડિંગ્સ અને બેનર્સ પાછળ જ્યારે રૂ. ૧૨૩ કરોડનો ખર્ચ પ્રીન્ટ મટીરીયલ પાછળ કરાયો હતો. ભાજપે આ સમયમાં જાહેરાતો પાછળ રૂ. ૮૯૭ કરોડ, રેલીઓ અને કેમ્પેઈન્સ પર રૂ. ૯૦.૯૩ કરોડ અને બેઠકો પાછળ રૂ. ૫૧.૭૨ કરોડનો ખર્ચ કર્યો હતો તેમ રિપોર્ટમાં જણાવાયું હતું.

**ચોમેર વિરોધ** ઈમેન્યુઅલ મૈક્રોંનું પ્રમુખપદ ટૂંક સમયમાં જતું રહેવાનું છે, ફ્રાન્સ પર જંગી ટેરિફ નાંખીશ એટલે તુરંત જોડાઈ જશે : ટ્રમ્પ

# પીસ બોર્ડમાં નહીં જોડાઓ તો 200 ટકા ટેરિફ નાંખીશ

### - ટ્રમ્પના પીસ બોર્ડમાં જોડાવા ફ્રાન્સનો ધરાર ઈનકાર

વોશિંગ્ટન : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ બીજા વિશ્વ યુદ્ધ પછી દુનિયામાં શાંતિની સ્થાપના માટે રચાયેલા સંયુક્ત રાષ્ટ્ર સંઘના વિકલ્પ તરીકે નવા વૈશ્વિક સંગઠન 'પીસ બોર્ડ'ની રચનાની કવાયત કરી રહ્યા છે ત્યારે ફ્રાન્સે આ બોર્ડમાં નહીં જોડાવાના સ્પષ્ટ સંકેત આપી દીધા છે. બીજીબાજુ કેનેડાએ 'પીસ બોર્ડ'ને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે, પરંતુ તેના કાયમી સભ્ય બનવા ૧ અબજ ડોલરની ફી ચૂકવવાનો ઈનકાર કરી દીધો છે. ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મૈક્રોંના ઈનકારથી ધૂંધવાયેલા અમેરિકન પ્રમુખ ટ્રમ્પે ફ્રાન્સ પર ૨૦૦ ટકા ટેરિફ નાંખવાની ધમકી આપી છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ પીસ બોર્ડમાં જોડાવા માટે રશિયા, ભારત, પાકિસ્તાન, કેનેડા, ચીન સહિત ૬૦થી વધુ દેશોને આમંત્રણ આપ્યું છે. જોકે, ફ્રાન્સ અને કેનેડાએ આ સંગઠનના સ્થાયી સભ્ય બનવાનો ઈનકાર કરી દીધો છે. ફ્રાન્સે સ્પષ્ટ કરી દીધું છે કે તે આ બોર્ડમાં સામેલ નહીં થાય. કેનેડાએ પણ આ બોર્ડમાં સભ્ય બનવા ફી ચૂકવવાનો ઈનકાર કરી દીધો છે. ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મૈક્રોંના નજીકના સૂત્રોને ટાંકીને મીડિયા અહેવાલમાં જણાવાયું હતું કે તેઓ ટ્રમ્પના પીસ બોર્ડમાં જોડાવાનો ઈરાદો નથી ધરાવતા આ બોર્ડ મૂળભૂતરૂપે યુદ્ધગ્રસ્ત ગાઝાના પુનર્નિર્માણની દેખરેખ માટે બનાવાયું છે, પરંતુ ચાર્ટરમાં તેની ભૂમિકાને કબજાવાળા પેલેસ્ટાઈન ક્ષેત્ર સુધી મર્યાદિત નથી રખાયું, જે ચિંતાજનક બાબત છે. વધુમાં ડોનાલ્ડ ટ્રમ્પના અધ્યક્ષપદે બનનારું આ બોર્ડ કેવી રીતે કામ કરશે તે પણ સ્પષ્ટ કરાયું નથી.

ફ્રાન્સની સાથે કેનેડાએ પણ સ્પષ્ટ કરી દીધું છે કે તે સ્થાયી સભ્ય તરીકે પીસ બોર્ડમાં જોડાવા માટે ફી ભરશે નહીં અને કેનેડાને હાલ આ ફી ભરવા કહેવાયું પણ નથી. જોકે, કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ સંકેત આપ્યા કે તેઓ આ બોર્ડમાં સામેલ થવાનું નિમંત્રણ સ્વીકારી શકે છે.

ફ્રાન્સ પીસ બોર્ડમાં સામેલ નથી થવાનું તેવા અહેવાલો વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે, શું ખરેખર તેમણે એવું કહ્યું? જોકે, કોઈપણ તેમને ઈચ્છતું નથી, કારણ કે તેઓ ટૂંક સમયમાં જ પ્રમુખપદેથી દૂર થઈ જવાના છે. ટ્રમ્પે ફરીથી ધમકી આપતા કહ્યું કે, ટેરિફ મૈક્રોંનું મન બદલી દેશે. ભલે બોર્ડમાં જોડાવું ફરજિયાત નથી. પરંતુ હું તેમની વાઈન અને શેમ્પેન પર ૨૦૦ ટકા ટેરિફ નાંખી દઈશ અને તેઓ બોર્ડમાં સામેલ થઈ જશે. જોકે, તેમનું બોર્ડમાં જોડાવું જરૂરી નથી.

ટ્રમ્પે પીસ બોર્ડની રચના માટે દુનિયાના દેશોને આમંત્રણ મોકલ્યા પછી ફ્રાન્સ અને કેનેડા પહેલા એવા દેશો છે, જેમણે સ્પષ્ટરૂપે તેમાં જોડાવાનો ઈનકાર કર્યો છે. આ સિવાય ભારત, રશિયા, બ્રિટન, યુરોપના દેશોએ આ મુદ્દે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરી નથી. તેઓ વિચારણા કરી રહ્યા હોવાનું જણાવ્યું છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ભરૂચ પોલીસ હેડક્વાર્ટર ખાતે 60 હજાર ઉમેદવારો કસોટી આપશે

## IG અને SPએ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું

• ભરૂચ

ગુજરાત પોલીસમાં PSI અને લોકરક્ષક કેડરની 13,591 જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયાના ભાગરૂપે આજથી શારીરિક કસોટીનો પ્રારંભ થઈ રહ્યો છે. ભરૂચ જિલ્લાને આ કસોટી માટે મહત્વનું કેન્દ્ર જાહેર કરવામાં આવ્યું છે, જ્યાં આગામી બે મહિનામાં અંદાજે 60 હજાર ઉમેદવારો પોતાની ક્ષમતા સાબિત કરશે. આ ભગીરથ કાર્ય માટે વડોદરા રેન્જ આઈજી સંદીપ સિંઘ અને ભરૂચ એસપી અક્ષયરાજ મકવાણાએ રૂબરૂ ગ્રાઉન્ડનું નિરીક્ષણ કરી સુરક્ષા અને સુવિધાઓની આખરી ઓપ આપ્યો હતો. દરરોજ અંદાજે 1,600 ઉમેદવારો દોડ, ઊંચાઈ, વજન અને છાતી માપ જેવી કસોટીઓમાંથી પસાર થશે.

ભરૂચ પોલીસ હેડક્વાર્ટર ખાતે ઉમેદવારો ને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તે માટે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું છે. માત્ર મેડિકલ ટીમ અને એમ્બ્યુલન્સ જ નહીં, પરંતુ દૂર-દૂરથી આવનારા ઉમેદવારો માટે રહેવાની ઉત્તમ સગવડ પણ પોલીસ વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવશે. ઉમેદવારોના રજીસ્ટ્રેશનથી લઈને શારીરિક માપદંડ સુધીની તમામ પ્રક્રિયા પારદર્શક રહે તે માટે ચુસ્ત બંદોબસ્ત અને ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. 13 માર્ચ સુધી ચાલનારી આ કસોટી દરમિયાન ટ્રાફિક અને લોજિસ્ટિક્સનું પણ ખાસ ધ્યાન રાખવા અધિકારીઓને કડક સૂચના આપવામાં આવી છે.

# અંકલેશ્વર પાલિકામાં 'ઓડિયો ટેપકાંડ'નો ધડાકોઃ ભ્રષ્ટાચારના આક્ષેપો વચ્ચે પ્રમુખ લલિતા રાજપુરોહિતે હોદ્દો ત્યજ્યો

• અંકલેશ્વર

અંકલેશ્વર નગરપાલિકામાં છેલ્લા કેટલાક દિવસોથી ગાજેલા કથિત ભ્રષ્ટાચારના 'ઓડિયો ટેપકાંડ' બાદ આખરે રાજકીય ભૂકંપ સર્જાયો છે. પાલિકા પ્રમુખ લલિતા રાજપુરોહિત અને તેમના પતિની વાયરલ થયેલી કથિત ઓડિયોક્લિપનેલઈનેચારેબાજુથીઘેરાયેલાપ્રમુખેઅચાનક જ પોતાનો ચાર્જ ઉપપ્રમુખ ભાવેશ કાયસ્થને સોંપી દઈને રાજકીય વર્તુળોમાં સોંપો પાડી દીધો છે. ૨૨ જાન્યુઆરીએ યોજાનારી સામાન્ય સભા પૂર્વે જ વિપક્ષ કોંગ્રેસના આક્રમક તેવર અને સત્તાધારી ભાજપના ડેમેજ કંટ્રોલના ભાગરૂપે આ મોટું પરિવર્તન આવ્યું હોવાનું મનાઈ રહ્યું છે.

જોકે, ચાર્જ સોંપવા પાછળ પ્રમુખે લેખિત પત્રમાં પોતાની નાદુરસ્ત તબિયતનું કારણ દર્શાવ્યું છે, પરંતુ શહેરભરમાં ચર્ચા છે કે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો અને કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલી રાજીનામાની ઉગ્ર માંગને કારણે તેમણે પાછલા બારણેથી હટવું પડ્યું છે. આજે સવારથી જ કોંગ્રેસી નગરસેવકોએ પાલિકા કચેરી ગજવી મૂકી હતી અને સામાન્ય સભામાં ઉગ્ર ઘેરાવો કરવાની ચીમકી આપી હતી. પ્રમુખની તબિયતનું બહાનું અને ચાર્જની ફેરબદલ એ આગામી સામાન્ય સભામાં સર્જાનારા સંભવિત હંગામાને ટાળવાનો એક પ્રયાસ હોવાનું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે. હવે જોવાનું એ રહે છે કે ૨૨ તારીખની બેઠકમાં વિપક્ષ આ મુદ્દે નમતું જોખશે કે ભ્રષ્ટાચારના મુદ્દે વધુ આક્રમક બનશે.

ભગીરથકાર્ય

થરાદ ખાતે ઉત્તર ગુજરાતનું સૌથી મોટું અને ઐતિહાસિક

# નાઈ સમાજના શૈક્ષણિક સંકુલનું સેનાચાર્ય અચલાનંદગીરીજી ના હસ્તે ઉદ્ઘાટન કરાયું

## નાઈ સમાજના પડખે હુ ઉભો છું સમાજના શિક્ષણ અને વિકાસ માટે જ્યાં જરુર પડે ત્યાં માંગજો શંકરભાઈ તમારો છે :- શંકરભાઈ ચૌધરી

• પ્રધાનજી ઠાકોર

થરાદ ખાતે નાઈ સમાજ થરાદરી પરગણા દ્વારા શૈક્ષણિક સંકુલનું ભવ્ય અને ઐતિહાસિક લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ તેમજ સંત શ્રી સેનજી મહારાજની પ્રતિમાનુ અનાવરણ કાર્યક્રમ યોજાયો જેમાં આ સમારોહ પૂજ્ય સંત શ્રી સેનાચાર્ય અચલાનંદગિરજી મહારાજના અધ્યક્ષ સ્થાને યોજાયો અને તેમના હસ્તે રિબીન કાપીને શૈક્ષણિક સંકુલને ખુલું મુકવામાં આવ્યું જેમાં વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, ગુજરાત કોગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા, બનાસકાંઠા સંસદ ગેનીબેન ઠાકોર, મંત્રી સ્વરુપજી ઠાકોર, પરબતભાઈ પટેલ સહિતના તમામ આગેવાનો, રાજકીય આગેવાનો , અધિકારીઓ સહિત નાઈ સમાજના લોકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને નાઈ સમાજના પ્રમુખ આંબાભાઈ સોલંકી દ્વારા વર્ષો પહેલા જે સપનુ જોયુ હતુ કે થરાદમાં એક શૈક્ષણિક સંકુલભવનનું નિર્માણ થાય અને સમાજના વિદ્યાર્થીઓ તેમાં ભણી ગણી એને આગળ વધે તે દિશામાં વર્ષો પહેલા કામ ઉપાડ્યું હતું અને 15 જાન્યુઆરીએ આ કામ પૂર્ણ થયું



હતું અને તમામ સંતો મહંતો અને આગેવાનોની ઉપસ્થિતમાં આ ભવનને ખુલ્લો મુકવામાં આવ્યો હતો જેમાં વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ પણ આંબાભાઈ સોલંકી અને તમામ ટ્રસ્ટીઓનો આભાર માન્યો હતો અને તેમને આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે નાઈ સમાજ ના વિકાસ માટે કોઈપણ કામ હોય તો હું બેઠો છું અને શંકરભાઈ તમારો છે અને તેમણે ઉદારતા પૂર્વક તેમણે સંકુલમાં 11 લાખ રૂપિયા ની ગ્રાન્ટ આપી હતી તેમજ વધારે જરૂર પડે તો પણ તેમણે તૈયારી દર્શાવી હતી તેમજ ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે નાઈ સમાજનું જિલ્લાનું આવડું મોટું સંકુલ નું નિર્માણ થયું છે ત્યારે ખૂબ આનંદ થાય છે અને નાઈ સમાજના વિદ્યાર્થીઓ અને યુવાનો પણ શિક્ષણમાં આગળ વધશે અને આ ભગીરથ કાર્ય આંબાભાઈ સોલંકી જે કર્યું છે તેના બદલ આંબાભાઈ સોલંકીનો આભાર વ્યક્ત કરું છું સંસદ ગેનીબેને ઠાકોર જણાવ્યું હતું કે આંબાભાઈ સોલંકીએ સમાજના ભવિષ્યનો વિચાર કરી અને જે આ એક વિકાસની દિશામાં જે પગલું માડયુ છે તે બદલ આંબાભાઈએ ખૂબ ભગીરથ અને મોટું કાર્ય કર્યું છે તેમજ તમામ આગેવાનો, પદાધિકારીઓએ તમામ ટ્રસ્ટીઓ અને પ્રમુખ નો આભાર વ્યક્ત કર્યો હતો તેમજ સેનાચાર્ય અંચલાનંદગિરજી મહારાજે પણ સમાજના વિકાસ માટે સમાજ આગળ વધે અને શિક્ષણમાં આગળ વધે અને સમાજના લોકો પણ ખૂબ આગળ વધે તેના માટે આશીર્વાદ આપ્યા હતા અને હજુ આનાથી પણ વધુ સ્કૂલોનું નિર્માણ થાય તેના માટે તેમને આશીર્વાદ આપ્યા હતા અને તેમને તમામ નાઈ સમાજના બંધુઓનું અભિનંદન પાઠવ્યા હતા તેમજ આ પ્રસંગે રાણા ગજેન્દ્રસિંહ ચૌહાણ,ગુલાબસિંહ રાજપુત,ડી ડી રાજપુત, અર્જુનસિંહ વાઘેલા,ભરતસિંહ વાઘેલા, સત્યાનંદગિરિ બાપજી, માવજીભાઈ પટેલ ,પથુસિંહ રાજપુત, શૈલેષભાઈ પટેલ,ગીતાબેન નાઈ, ભગવાનભાઈ જોશી, મોગીલાલ પટેલ, દાનાભાઈ માળી ,કેપી ગઢવી, તુલસીભાઈ ધુમડા, પ્રધાનજી ઠાકોર, ઠાકરશી રબારી, રામભાઈ રાજપુત, ગુલાબગીરી અતિત સહિત તમામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ફાર્મર રજીસ્ટ્રેશન માટે જરૂરી દસ્તાવેજ, આધાર કાર્ડ, આધારથી લિન્ક મોબાઈલ નંબર અને જમીનની વિગતો સાથે રાખવી જરૂરી

# પીએમ કિસાન યોજનાના લાભાર્થી ખેડૂતો માટે આગામી ૨૨મો હપ્તો મેળવવા ફાર્મર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી

## રાજ્યના બાકી હોય તેવા ખેડૂતોને ફાર્મર રજીસ્ટ્રેશન કરાવવા ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરાયો

• અમદાવાદ

કેન્દ્ર સરકાર દ્વારા પીએમ કિસાન યોજનાના લાભાર્થી ખેડૂતો માટે આગામી ૨૨મો હપ્તો મેળવવા ફાર્મર રજીસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. રાજ્યના તમામ ખેડૂતોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ સહાયકારી યોજનાઓનો લાભ સરળતાથી મેળવવા માટે આ ફાર્મર રજીસ્ટ્રેશન કરાવવું ખૂબ જ જરૂરી છે. જેથી રજીસ્ટ્રેશન કરવાનું બાકી હોય તેવા રાજ્યના ખેડૂત ખાતેદારોને તાત્કાલિક ફાર્મર રજીસ્ટ્રેશન કરાવી લેવા ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.



ભારત સરકાર દ્વારા Digital Public Infrastructure for Agricultureના ભાગરૂપે 'એગ્રીસ્ટેક પ્રોજેક્ટ' અમલમાં મુકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતમાં વર્ષ ૨૦૨૪-૨૫થી તમામ ખેડૂતોના રજીસ્ટ્રેશન માટે ફાર્મર રજીસ્ટ્રી શરૂ કરવામાં આવી છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતી કૃષિ સંબંધિત વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ રાજ્યના તમામ ખેડૂતોને સરળ, પારદર્શક અને સમયસર રીતે પહોંચાડવાનો છે. ફાર્મર રજીસ્ટ્રી પર કરવામાં આવેલા રજીસ્ટ્રેશન થકી દરેક ખેડૂતને આધાર આઈડીની જેમ ૧૧ અંકનો યુનિક ફાર્મર આઈડી આપવામાં આવે છે. ખેતી નિયામકની કચેરીની યાદીમાં જણાવ્યા અનુસાર ફાર્મર રજીસ્ટ્રેશન જે તે ગામના VCE/ VLE ઓપરેટર અથવા જનસેવા કેન્દ્ર મારફતે કરાવી શકાય છે. તદુપરાંત ખેડૂત દ્વારા જાતે મોબાઈલ મારફતે gjfr.agristack.gov.in લીંક દ્વારા સેલ્ફ રજીસ્ટ્રેશન પણ કરી શકાય છે. ફાર્મર રજીસ્ટ્રેશન માટે જરૂરી દસ્તાવેજ, આધાર કાર્ડ, આધારથી લિન્ક મોબાઈલ નંબર અને જમીનની વિગતો સાથે રાખવી જરૂરી છે.

# આંતરરાષ્ટ્રીય ગણિત ઓલિમ્પિયાડમાં જામનગર શાળા નં.૧૮ એ ૬ પદકો સાથે વિજેતા બની

## આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં જામનગરની અનોખી સિદ્ધિ

• સંજય મર્દનીયા, જામનગર

ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના માર્ગદર્શન અને જી.સી.ઈ.આર.ટી. તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુચિત અને મેથ્સ ઓલમ્પિયાડ ફાઉન્ડેશન- ન્યુ દિલ્હી આયોજિત આંતરરાષ્ટ્રીય ગણિત ઓલિમ્પિયાડ ૨૦૨૫ માં શાળા નં ૧૮ જામનગરની ૬૦ દિકરીઓએ ભાગ લિધો હતો. જેમાં ધો. ૫ ની મિતલ સોલંકીએ ૭૮ ગુણ મેળવી સુવર્ણ પદક અને ધો.૮ વિધાર્થિની દેવાંશી પાગડા એ ૭૯ ગુણ મેળવી સુવર્ણ પદક જિત્યો હતો. ધો. ૬ માં શિયાળ ઉર્વશીએ ૭૪ ગુણ મેળવી રજત પદક અને ધો. ૭ માં રાધિકા ચૌહાણે ૭૨ ગુણ મેળવી રજત પદક તેમજ ધો. ૫ ની કુશવાહ કિંજલે ૬૫ ગુણ મેળવી કાંસ્ય પદક અને ધો. ૬ની ખુંટી એકતા એ ૬૬ ગુણ મેળવી કાંસ્ય પદક જિત્યો હતો. વિજેતા વિધાર્થીઓને મેડલ અને પ્રમાણપત્ર આપી



સન્માનિત કરવામાં આવ્યા હતાં. મેથ્સ ઓલમ્પિયાડ એ શાળાના વિદ્યાર્થીઓ માટેની એક આંતરરાષ્ટ્રીય ગણિત સ્પર્ધા છે, જેનો હેતુ વિદ્યાર્થીઓમાં ગણિતના અભ્યાસના મહત્વને ઉજાગર કરવાનો, સ્પર્ધાત્મક ભાવના કેળવવાનો, ગણિતના ઊંડાણપૂર્વકના પ્રશ્નોનો સામનો કરવા પ્રોત્સાહિત કરવાનો, ગાણિતિક ક્ષમતા ચકાસવી, ગણિત પ્રત્યેની રુચિ વધારવી અને ઉચ્ચ શિક્ષણ માટે શિષ્યવૃત્તિઓ અને પ્રમાણપત્રો મેળવવાની તક પૂરી પાડવામાં આવે છે. ગણિત ઓલિમ્પિયાડ માટે શાળાના શિક્ષક કોમલબેન સવસાણીએ કન્વીનર તરીકે સેવા આપી હતી. ગણિત સિતારાઓને રામગોપાલ મિશ્રા, મોતિબેન કારેથા ગણિત શિક્ષક, શાળા પરિવાર અને મુખ્ય શિક્ષક દિપક પાગડાએ ગૌરવભેર અભિનંદન પાઠવ્યા હતાં.

# વડોદરામાં બે કાર વચ્ચેના અકસ્માતમાં બાઈક પર સ્કૂલે જતી 7 વર્ષની માસૂમ જીયાનું પિતાની નજર સામે મોત

• વડોદરા

સંસ્કારનગરીમાં જીવલેણ અકસ્માતોની હારમાળા વચ્ચે મકરપુરા રોડ પર સર્જાયેલા એક વિચિત્ર અકસ્માતે 7 વર્ષની બાળકીનો ભોગ લેતા અરેરાટી વ્યાપી ગઈ છે. માણેજાના શિવ બા નગરમાં રહેતા ચેતનભાઈ સોલંકી પોતાની બે પુત્રીઓને બાઈક પર સ્કૂલે મૂકવા જઈ રહ્યા હતા, ત્યારે કટારીયા શોરૂમ પાસે કાળ બનીને આવેલી બે કારોની ટક્કરને કારણે સર્જાયેલા અકસ્માતમાં માસૂમ જીયાનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી માનવતા નેવે મૂકી કાર ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, માણેજા-મકરપુરા રોડ પર એક વેગનઆર કારને પાછળથી પૂરઝડપે આવતી ઈનોવા કારે જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે વેગનઆર કાર ફંગોળાઈને સીધી ચેતનભાઈની બાઈક સાથે અથડાઈ હતી. આ અથડામણમાં 7



વર્ષીય જીયા રોડ પર પટકાતા તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. લોહીલુહાણ હાલતમાં પિતા અને પુત્રીઓને તાત્કાલિક સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ જીયાને મૃત જાહેર કરી હતી. સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે કે આ માર્ગ પર સ્પીડ બ્રેકરના અભાવે વાહનો બેફામ દોડે છે. પોલીસે ફરાર કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

# કારેલીબાગમાં ફાયર ટેન્કરે ૧૦ વર્ષના માસૂમનો ભોગ લીધોઃ પાણી ભરવા ગયેલા બાળકનું ટાયર નીચે કચડાતા મોત

• વડોદરા

સંસ્કારનગરી વડોદરામાં માર્ગ અકસ્માતની વણઝાર વચ્ચે વધુ એક માસૂમનો જીવ ગયો છે. શહેરના કારેલીબાગ વિસ્તારમાં પાણીની ટાંકી પાસે પાણી ભરવા આવેલા ફાયર બ્રિગેડના ટેન્કરે ૧૦ વર્ષીય બાળક દીપકને અડફેટે લઈ કચડી નાખતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. શ્રમજીવી પરિવારના આશાસ્પદ પુત્રના મોતના સમાચાર વાયુવેગે પ્રસરતા સમગ્ર વિસ્તારમાં રોષ અને ગમગીની વ્યાપી ગઈ હતી.

મૃતક બાળકની માતા ગીતાબેને હૈયાફાટ રુદન સાથે આક્ષેપ કર્યો હતો કે, તેમનો પુત્ર રસ્તા પર શાંતિથી ઉભો હતો ત્યારે જ બેફામ આવેલા ટેન્કર ચાલકે તેના પર ગાડી ચઢાવી દીધી હતી. પરિવારજનોએ બૂમાબૂમ કરી હોવા છતાં ચાલકે ટેન્કર ન થોભવતા માસૂમ દીપક પૈડાં નીચે આવી ગયો હતો. સયાજી હોસ્પિટલ ખાતે લાવવામાં આવેલા મૃતદેહ પાસે માતા-પિતા અને નાના ભાઈ-બહેનોના આક્રંદે પથ્થર દિલના માનવીને પણ હચમચાવી દીધા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધી ફાયર ટેન્કરના ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી અને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

વિકાસની રફ્તારમાં ખેડૂતો 'પાયમાલ'

# બુલેટ ટ્રેન અને ફ્રેઈટ કોરિડોરના પાણી ખેતરોમાં ફરી વળતા રોષ, યોગ્ય નિકાલ નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી

• ભરૂચ

વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટ ગણાતી બુલેટ ટ્રેન અને ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોર ભરૂચના ખેડૂતો માટે આશીર્વાદને બદલે આફત સમાન સાબિત થઈ રહ્યા છે. રેલવે ટ્રેકના નિર્માણ બાદ વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે હજારો વીઘા જમીનમાં પાણી ભરાઈ રહેતા ખેતીના પાકને મોટું નુકસાન થઈ રહ્યું છે. તંત્રની ઉદાસીનતા સામે લાલઘૂમ થયેલા ત્રાલસા, ત્રાલસી, દયાદરા અને કંથારીયા સહિતના અનેક ગામોના ખેડૂતોએ ગતરોજ એકત્ર થઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું અને જો કાયમી ઉકેલ નહીં આવે તો આંદોલન છેડવાની ગર્જના કરી છે.



ખેડૂતોનો આક્ષેપ છે કે બુલેટ ટ્રેનના પિલર્સ ૫ રથી વરસાદી પાણીના નિકાલ માટે જે પીવીસી પાઈપો મુકાયા છે, તે સીધા ખેતરોમાં જ ખુલે છે , જેના કારણે ચોમાસામાં ખેતરો તળાવમાં ફેરવાઈ જાય છે. ફ્રેઈટ કોરિડોરમાં પણ પાણીના મા ર્ગો સાંકડા હોવાથી કુદરતી વહેણ અવરોધાય છે. વિકાસના પ્રોજેક્ટ સામે વિરોધ ન હોવાનું જ ણાવી ખેડૂતોએ માત્ર એટલી જ માંગ કરી છે કે વૈજ્ઞાનિક પદ્ધતિથી ડ્રેનેજની વ્યવસ્થા કરવામાં આવે જેથી તેમની આજીવિકા છીનવાય ન હીં. અનેક રજૂઆતો છતાં પરિણામ શૂન્ય રહેતા હવે ખેડૂતો આરપારની લડાઈના મૂડમાં જોવા મળી રહ્યા છે.

# થાઈલેન્ડથી ગુજરાતમાં હાઈબ્રિડ ગાંજો સપ્લાય કરનાર મુખ્ય સૂત્રધાર કલકત્તા એરપોર્ટ પરથી ઝબ્બે

## વડોદરા પોલીસની લુક આઉટ નોટિસના આધારે મોટી સફળતા

• વડોદરા,

વડોદરાના તાંદલજા વિસ્તારમાંથી ઝડપાયેલા કરોડોના હાઈબ્રિડ ગાંજાના કેસમાં વડોદરા પોલીસને આંતરરાષ્ટ્રીય સ્તરની સફળતા મળી છે. થાઈલેન્ડ બેઠા-બેઠા ગુજરાતમાં નશાનો કારોબાર ચલાવતા અને છેલ્લા લાંબા સમયથી વોન્ટેડ મુખ્ય આરોપી કેવિન નિલેશભાઈ ખેનીને કલકત્તા એરપોર્ટ પરથી ઝડપી પાડવામાં આવ્યો છે. વડોદરા પોલીસે અગાઉ જાહેર કરેલી 'લુક આઉટ નોટિસ'ને પગલે કેવિન જેવો વિદેશથી કલકત્તા એરપોર્ટ પર ઉતર્યો કે તુરંત જ એરપોર્ટ ઓથોરિટીએ તેને દબોચી લીધો હતો,



ત્યારબાદ ટ્રાન્સફર વોરંટના આધારે વડોદરા પોલીસે તેનો કબજો મેળવ્યો છે.

ગયા વર્ષે જે.પી. રોડ પોલીસ મથકમાં નોંધા યેલા આ હાઈપ્રોફાઈલ કેસમાં પોલીસે અગાઉ આદીબ પટેલ અને તેના પિતા સહિત કુલ ૪ આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓની પૂછપરછમાં ખુલાસો થયો હતો કે કેવિન ખેની થાઈલેન્ડમાં બેસીને 'હાઈવીક સોસાયટી-૨૮' નામના કેફેની આડમાં આ નશીલા પદાર્થોનું નેટવર્ક ચલાવતો હતો અને મળતિયાઓ મારફતે એર કાર્ગો દ્વારા ગાંજાનો જથ્થો સુરત અને વડોદરા મોકલતો હતો. આ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટમાં કેવિન મુખ્ય કડી હોવાનું મનાય છે. હાલ પોલીસ તેની આકરી પૂછપરછ કરી રહી છે કે થાઈલેન્ડથી મોકલાયેલો આ જથ્થો એરપોર્ટ પર કોણ રિસીવ કરતું હતું અને આ જાળમાં અન્ય કેટલા મોટા માથાઓ સામેલ છે.

## હિંમતનગરમાં '૧૯૬૨ કરુણા એમ્બ્યુલન્સ'ની સમયસૂચકતા ગંભીર હાલતમાં રહેલી ગાયનું સફળ ઓપરેશન કરી જીવ બચાવાયો

• દુર્ગેશ જયસ્વાલ સાબરકાંઠા

હિંમતનગર શહેરમાંપશુઓની વહારે આવતી '૧૯૬૨ કરુણા એમ્બ્યુલન્સ'ની ટીમે ગાયને નવજીવન આપી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. મોતીપુરાસ્થિત ઉમા વિદ્યાલય વિસ્તારમાં પ્રસૂતિ બાદ ગંભીર હાલતમાં મુકાયેલી ગાયનું સફળ ઓપરેશન કરી તેને મોતના મુખમાંથી ઉગારી લેવામાં આવી હતી. ગાયને પ્રસૂતિ થયા બાદ તરત જ ગર્ભાશય બહાર આવી જવાની ગંભીર સમસ્યા સર્જાઈ હતી. પશુપાલક દ્વારા તાત્કાલિક ૧૯૬૨ હેલ્પલાઈન પર સંપર્ક કરવામાં આવતા કરુણા એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પશુચિકિત્સક ડો. સમીર ડોડીયા અને તેમના સહયોગી ડ્રાઈવર-કમ-ડ્રેસર રતનસિંહ દ્વારા તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવી હતી. આશરે બે કલાક સુધી ચાલેલા જટિલ ઓપરેશન બાદ ગર્ભાશયને સુરક્ષિત રીતે પુનઃસ્થાપિત કરવામાં આવ્યું હતું. ડોક્ટરની કુશળતા અને સમયસૂચકતાને કારણે ગાયનો જીવ બચાવી શકાયો હતો. સ્થાનિકો અને પશુપાલકોએ ગુજરાત સરકારની '૧૯૬૨ કરુણા આકસ્મિક સારવાર મળી રહે છે, જેના કારણે અનેક અબોલ જીવોના જીવ બચી રહ્યા છે. એમ્બ્યુલન્સ સેવાનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો


વિરોધ

### ક્રૂડ તેલના વાયદામાં રૂ.31ની વૃદ્ધિઃ

# સોના-ચાંદીમાં વણથંભી તેજી સાથે સોનાનો વાયદો રૂ.4469 અને ચાંદીનો વાયદો રૂ.14625 વધુ ઊછળ્યો

## કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.277302 કરોડનું ટર્નઓવરઃ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.399151.87 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.121826.48 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.277302.02 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો 41869 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.6632.25 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.112484.63 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.145775ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.152500 અને નીચામાં રૂ.145500ના મથાળે અથડાઈ, રૂ.145639ના આગલા બંધ સામે રૂ.4469 વધી રૂ.150108 થયો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો 8 ગ્રામદીઠ રૂ.4647 વધી રૂ.122600ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો 1 ગ્રામદીઠ




રૂ.634 વધી રૂ.15424 થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.4680 વધી રૂ.149907ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.145569ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.154145 અને નીચામાં રૂ.145420ના સ્તરને સ્પર્શી, રૂ.145420ના આગલા બંધ સામે રૂ.5259 વધી રૂ.150679ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.306499ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.327998 અને નીચામાં રૂ.306499ના મથાળે અથડાઈ, રૂ.310275ના આગલા બંધ સામે રૂ.14625 વધી રૂ.324900ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.15330 વધી રૂ.327757ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.15275 વધી રૂ.327741ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.5333.27 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.9.55 ઘટી રૂ.1292.95ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત જાન્યુઆરી વાયદો રૂ.1.15 ઘટી રૂ.313.15ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.1.75 ઘટી રૂ.315.85ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જાન્યુઆરી વાયદો 45 પૈસા ઘટી રૂ.191.4ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.4003.85 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4045ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4110 અને નીચામાં રૂ.4027ના મથાળે અથડાઈ, રૂ.31 વધી રૂ.4071ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.5421ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.5455 અને નીચામાં રૂ.5368ના સ્તરને સ્પર્શી, રૂ.5422ના આગલા બંધ સામે રૂ.31 વધી રૂ.5453 થયો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.32 વધી રૂ.5454ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.15.1 વધી રૂ.347.9ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.15.2 વધી રૂ.347.9 થયો હતો.

### નવીનતા અને પરિણામલક્ષી અભિગમ માટે એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે

# મહીસાગરમાં શિક્ષણ ક્રાંતિની શરૂઆતઃ 'મહીસાગર શિક્ષા સરિતા' પ્રકલ્પનો ભવ્ય શુભારંભ કરાવાયો

## ૧૧૯૨ પ્રાથમિક શાળાઓમાં ગુણવત્તાવાળું શિક્ષણ, અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ગુજરાતમાં પ્રથમવાર અનોખી પહેલ

• કાનજી ધામોત મહીસાગર

મહીસાગર જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત ૧૧૯૨ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તામાં નોંધપાત્ર વધારો કરવા તથા ધોરણ અનુસાર અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા માટે ગુજરાત રાજ્યમાં પ્રથમવાર 'મહીસાગર શિક્ષા સરિતા' નામનો વ્યાપક શૈક્ષણિક પ્રકલ્પ તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્રકલ્પનો શુભારંભ જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં કરવામાં આવ્યો હતો. જિલ્લા શિક્ષણ સમિતિ મહીસાગર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા



સંયુક્ત રીતે તૈયાર કરાયેલા આ પ્રકલ્પના ઉદ્ઘાટન પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી, DRDA ડાયરેક્ટરશ્રી, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તેમજ ડાયટ સંતરામપુરના વ્યાખ્યાતા મહાનુભાવોની ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમ દરમિયાન પ્રાથમિક શિક્ષણ વિભાગના અધિકારીઓ, સમગ્ર શિક્ષા મહીસાગરનો સ્ટાફ તેમજ જિલ્લાના તમામ બી.આર.સી. અને સી.આર.સી. સંકલકો ઉપસ્થિત રહ્યા હતા. પ્રકલ્પના સફળ અમલીકરણ માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને આવનાર સમયમાં તમામ પ્રાથમિક શાળાઓનું નિયત ફોર્મેટ મુજબ નિયમિત મૂલ્યાંકન કરીને શિક્ષણની ગુણવત્તાને વધુ ઊંચા સ્તરે લઈ જવા સહિયારા અને સમર્પિત પ્રયત્નો કરવાની અપીલ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓના શૈક્ષણિક, બૌદ્ધિક, સામાજિક અને નૈતિક વિકાસને કેન્દ્રમાં રાખીને રચાયેલો 'મહીસાગર શિક્ષા સરિતા' પ્રકલ્પ જિલ્લાની પ્રાથમિક શિક્ષણ વ્યવસ્થામાં ગુણવત્તા, નવીનતા અને પરિણામલક્ષી અભિગમ માટે એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# ભરૂચમાં ગંદકી કરનારા હવે ખિસ્સા ખાલી કરવા તૈયાર રહેઃ પાલિકાની 'રેડ સ્ક્વોડ' ત્રાટકશે

• ભરૂચ

સ્વચ્છતા સર્વેક્ષણ પૂર્વે ભરૂચ શહેરને ચકાચક બનાવવા માટે નગરપાલિકાએ હવે 'ગાંધીગીરી' છોડી લાલ આંખ કરી છે. શહેરમાં ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનની સુવિધા હોવા છતાં જાહેરમાં કચરો ફેંકતા અને ગંદકી ફેલાવતા તત્વોને પાઠ ભણાવવા પાલિકાએ આકરા દંડની જોગવાઈ અમલી બનાવી છે. પાલિકાના ચીફ ઓફિસર હરીશ અગ્રવાલના આદેશથી તમામ ૧૧ વોર્ડમાં ખાસ ટીમો તૈનાત કરવામાં આવી છે, જે જાહેરમાં ગંદકી કરનારાઓ પર બાજ નજર રાખશે. નવો નિયમ એટલો કડક છે કે ગંદકી કરતા પ્રથમવાર પકડાનાર પાસેથી રૂા. ૧૦૦ અને બીજી વખત પકડાનાર પાસેથી રૂા. ૫૦૦નો દંડ વસૂલવામાં આવશે.

જો કોઈ વેપારી કે લારીધારક ત્રીજી વખત ગંદકી ફેલાવતા પકડાશે, તો પાલિકા દ્વારા આકરી કાર્યવાહી કરી લારી જપ્ત કરવામાં આવશે અને જો દુકાન હશે તો તેને સીલ કરી દેવામાં આવશે. પાલિકાના અધિકારીઓએ વેપારીઓને સ્પષ્ટ સૂચના આપી છે કે કચરો ફરજિયાત ડસ્ટબિનમાં જ નાખવો અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવો. ચીફ ઓફિસર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે

# ઈડર સગર સમાજ દ્વારા મહાકાળી માતાજીનો ૨૭મો નવચંડી યજ્ઞ યોજાયો

• દુર્ગેશ જયસ્વાલ સાબરકાંઠા

સાબરકાંઠાના ઈડર શહેર સ્થિત મહાકાળી માતાજી મંદિર ખાતે ઈડર સગર સમાજ દ્વારા સમાજની કુળદેવી મહાકાળી માતાજીના આશીર્વાદરૂપે છેલ્લા ૨૭ વર્ષથી અવિરત નવચંડી યજ્ઞનું આયોજન ધાર્મિક તથા ભક્તિમય વાતાવરણમાં કરવામાં આવ્યું હતું. આ પાવન અનુષ્ઠાન સમાજની સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ અને યશ પ્રાપ્તિના હેતુથી યોજાયું હતું. નવચંડી યજ્ઞ દરમિયાન વિદ્વાન પંડિતો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞવિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંગે સગર સમાજના આગેવાનો સહિત મોટી સંખ્યામાં સમાજના ભાઈઓ અને બહેનોએ ઉપસ્થિત રહી યજ્ઞમાં આહુતિ અર્પણ કરી હતી. યજ્ઞ પૂર્ણ થયા બાદ સમાજના સભ્યો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સૌએ ભાવપૂર્વક લાભ લીધો હતો.




# રાજકોટ રૂરલ LCBએ વિરપુરમાંથી ૯ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

• સુરેશ ભાલીયા જેતપુર

રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ પ્રોહિબિશનના કેસમાં બાતમીના આધારે વિરપુર પોલીસ સ્ટેશનના ટાઉન વિસ્તારમાં અતુલભાઈ મનજીભાઈ સખીયાના રહેણાંક મકાન નજીકથી વિદેશી દારૂનો ગણનાપાત્ર જથ્થો પકડી પાડવામાં આવ્યો છે.

પોલીસે સ્થળ પરથી દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ ૩૮૦૪ નાની-મોટી બોટલો જપ્ત કરી છે, જેની કિંમત આશરે રૂ.૯,૦૦,૮૧૬/- થાય છે. દારૂ ઉપરાંત, પોલીસે ૧૪ લોખંડના બેરલ (કિ.રૂ. ૪૨૦૦/-) અને કટર મશીન સહિત અન્ય સાધનો (કિ.રૂ. ૧૦૦૦/-) પણ કબજે કર્યા છે. કુલ રૂ.૯,૦૬,૦૧૬/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ દરોડા દરમિયાન મુખ્ય આરોપી અતુલભાઈ મનજીભાઈ સખીયા ફરાર થવામાં સફળ રહ્યો હતો, જેને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

આ કામગીરીમાં એલ.સી.બી.ના પી.આઈ. વી.વી. ઓડેદરા, પી.એસ.આઈ. આર.વી. ભીમાણી, એચ.સી. ગોહિલ, ASI ઈન્દ્રસિંહ જાડેજા, જયવીરસિંહ રાણા, અનિલભાઈ બળકોદીયા, હેડ કોન્સ્ટેબલ મનોજભાઈ બાયલ, ભગીરથસિંહ જાડેજા, નિલેશભાઈ ડાંગર, પો.કોન્સ્ટેબલ મહિપાલસિંહ ચુડાસમા, અતુલભાઈ શેખ અને અન્ય પોલીસ જવાનોએ મહત્વની ભૂમિકા



# વડોદરામાં નકલી PSIનો 'ખેલ' ખતમઃ તાંદલજાના લક્ઝુરિયસ બંગલામાં SOGનો દરોડો, ખાખી વર્દી, એરગન અને ડુપ્લીકેટ સિક્કાઓનો પર્દાફાશ

• વડોદરા

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારના એક વૈભવી બંગલામાં પોલીસ સબ-ઈન્સ્પેક્ટર (PSI) તરીકેની ખોટી ઓળખ આપી લોકો સાથે ઠગાઈ કરતા એક શખ્સને વડોદરા એસઓજી (SOG) એ ફિલ્મી ઢબે ઝડપી પાડ્યો છે. વાસણા-તાંદલજા રોડ પર આવેલા અલકબીર બંગલોમાં રહેતો ૩૮ વર્ષીય મોબીન ઈકબાલભાઈ સોદાગર નામનો શખ્સ પીએસઆઈ હોવાનો દાવો કરી જમીન લે-વેચના વ્યવહારોમાં લોકોને દમ મારી મોટા પાયે 'તોડ' કરતો હોવાનું બહાર આવ્યું છે. બાતમીના આધારે પી.આઈ. એસ.ડી. રાતડાના માર્ગદર્શન હેઠળ કરાયેલા દરોડામાં આરોપીના ઘરેથી નંબર પ્લેટ વગરની બે લક્ઝુરિયસ ગાડીઓ, પોલીસ યુનિફોર્મ, નકલી આઈકાર્ડ અને એરગન મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. તપાસ દરમિયાન આરોપી પાસેથી ૨૨ નકલી સરકારી સિક્કાઓ મળી આવ્યા છે, જેમાં એસઆઈટી (SIT) ગાંધીનગરના એસપી કક્ષાના સિક્કાઓનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, વિવિધ વ્યક્તિઓના ૨૨ નકલી આધારકાર્ડ, પાનકાર્ડ અને લાયસન્સ સહિતનો શંકાસ્પદ મુદ્દામાલ જપ્ત કરાયો છે. આરોપી પોતાની ગાડીઓમાં ખાખી ડ્રેસ લટકાવી રાખી લોકોને પ્રભાવિત કરતો હતો. પોલીસે અંદાજે ૨૬.૪૨ લાખની કિંમતની ગાડીઓ સહિત લેપટોપ અને મોબાઈલ ફોન પણ કબજે કર્યા છે. જેપી રોડ પોલીસ સ્ટેશનમાં રાજ્ય સેવક તરીકે ખોટી ઓળખ અને છેતરપિંડીનો ગુનો નોંધી, આ નકલી પીએસઆઈએ અત્યાર સુધીમાં કેટલા લોકો સાથે ઠગાઈ કરી છે તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### ખોટા સ્ક્રીનશોટ અને ચેક બાઉન્સ મામલે ફરિયાદ

# બોડેલી-નસવાડી રોડ પર પાયસ પેટ્રોલિયમમાં ઉધાર ડીઝલમાં રૂ. 9.51 લાખની છેતરપિંડી

• બોડેલી તોસીફ ખત્રી

બોડેલી-નસવાડી રોડ પર મોડાસર ચોકડી પાસે આવેલ પાયસ પેટ્રોલિયમના મેનેજરે બે ઈસમો દ્વારા ઉધાર ડીઝલ લઈ ખોટા NEFT સ્ક્રીનશોટ મોકલી તેમજ ચેક બાઉન્સ કરાવી છેતરપિંડી કર્યાની ફરિયાદ બોડેલી પોલીસ મથકે નોંધાવી છે. ફરિયાદ અનુસાર, પાયસ પેટ્રોલિયમ ખાતે મેનેજર તરીકે ફરજ બજાવતા ગુલામ મુસ્તુફા ઈસ્માઈલભાઈ ખત્રી એ જણાવ્યું કે તા. 24 ડિસેમ્બર 2025ના રોજ બે વ્યક્તિ પેટ્રોલપંપ પર આવ્યા હતા. તેમાંથી એક વ્યક્તિએ પોતાની ઓળખ જીનિત વનરાજભાઈ દીવેચા તરીકે આપી હતી અને નસવાડી ખાતે રોડનું કામ ચાલુ હોવાનું જણાવી દૈનિક આશરે 1500 લિટર ડીઝલની




જરૂરિયાત હોવાનું જણાવ્યું હતું. મેનેજરે માત્ર પાંચથી છ દિવસ માટે મર્યાદિત ઉધાર આપવાની શરતે સંમતિ આપી હતી. ત્યારબાદ જીનિત દીવેચાએ પોતાનું આધાર કાર્ડ, પાન કાર્ડ, અંબિકા ટ્રાન્સપોર્ટ કંપનીનું સહીવાળું કોરું લેટરહેડ તથા એક કોરો ચેક મેનેજરને આપ્યો હતો. વિશ્વાસમાં લઈને બંને ઈસમોએ અલગ-અલગ તારીખે કુલ 10,498.83 લિટર ડીઝલ, જેની કિંમત રૂ. 9,51,613.95 થાય છે, બોલેરો પિકઅપમાં બેરલોમાં ભરાવી લઈ ગયા હતા. ચુકવણી માટે વારંવાર માંગણી કરતાં દીવેચાએ રૂ. 11 લાખનો ચેક આપ્યો હતો, પરંતુ બેંકમાં જમા કરતાં ચેક બાઉન્સ થયો હતો. ત્યારબાદ આરોપીએ NEFT દ્વારા રકમ જમા કર્યાના ખોટા સ્ક્રીનશોટ મોકલી પંપ મેનેજરને ભ્રમિત કર્યા હતા, પરંતુ ખાતામાં કોઈ રકમ જમા થઈ નહોતી. ફોન દ્વારા દબાણ કરતાં ક્યારેક પિતાના અવસાનનો બહાનો અને ક્યારેક આત્મહત્યાની ધમકી આપતા મેસેજ મોકલવામાં આવતા હતા. શંકા જતા મેનેજરે આધાર કાર્ડમાં દર્શાવેલા સરનામે તપાસ કરતાં મકાન બંધ મળી આવ્યું હતું અને પાડોશીઓએ પણ લાંબા સમયથી દીવેચાનું ઘર બંધ રહેતું હોવાનું જણાવ્યું હતું. આ મામલે બોડેલી પોલીસે જીનિત વનરાજભાઈ દીવેચા સહિત બે ઈસમો વિરુદ્ધ છેતરપિંડી અને ઠગાઈના ગુનામાં ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

# અંકલેશ્વર મતદાર યાદી સુધારણામાં 'સહી'નું કૌભાંડ? ચોક્કસ વર્ગના નામ કાપવાના આક્ષેપ

### કોંગ્રેસ આક્રમક : પ્રાંત અધિકારીને આવેદન

• અંકલેશ્વર

અંકલેશ્વર વિધાનસભા વિસ્તારમાં ચાલી રહેલી મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં ગંભીર ગેરરીતિ આચરાઈ હોવાના આક્ષેપ સાથે રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. કોંગ્રેસ દ્વારા પ્રાંત અધિકારીને પાઠવેલા આવેદનપત્રમાં સનસનીખેજ દાવો કરવામાં આવ્યો છે કે, કોઈ ચોક્કસ વર્ગ અને સમાજના મતદારોને મતાધિકારથી વંચિત રાખવા માટે વ્યવસ્થિત કાવતરું ઘડવામાં આવ્યું છે. કોંગ્રેસનો આરોપ છે કે કેટલાક બી.એલ.ઓ.-2(BLO) દ્વારા નિયમોને નેવે મૂકીને ખોટી રીતે મતદારોના નામ યાદીમાંથી કમી કરવાના પ્રયાસો થઈ રહ્યા છે, જે લોકશાહીના પાયા પર સીધો પ્રહાર છે.



આ વિવાદમાં નવો વળાંક ત્યારે આવ્યો જ્યારે કોંગ્રેસે એક બી.એલ.ઓ. 2 ની કથિત ઓડિયો ક્લિપનો હવાલો આપતા જણાવ્યું કે, પ્રાંત કચેરીમાં જમા કરાયેલા ફોર્મ નં. 7 પર સંબંધિત અધિકારીની સહી જ નથી. નકલી સહીઓ કરીને ફોર્મ જમા કરાવવાના આ ગંભીર આક્ષેપે વહીવટી તંત્રમાં દોડધામ મચાવી દીધી છે. કોંગ્રેસે આ સમગ્ર પ્રકરણમાં તટસ્થ તપાસ કરી જવાબદારો સામે તાત્કાલિક પોલીસ ફરિયાદ દાખલ કરવાની માંગ કરી છે. સાથે જ એવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે કે જો તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે અને જમા થયેલા ફોર્મની યાદી સોંપવામાં નહીં આવે, તો આ મામલે હાઈકોર્ટના દ્વાર ખખડાવવામાં આવશે.

## MS યુનિવર્સિટી ગર્લ્સ હોસ્ટેલ બહાર અશ્લીલ ચેનચાળા કરતો નરાધમ ઝડપાયો

વડોદરા: સંસ્કારનગરી વડોદરાની શાન ગણાતી એમ.એસ. યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલ બહાર વિદ્યાર્થીનીઓની છેડતી અને અભદ્ર પ્રદર્શન કરતા એક વિકૃત માનસ ધરાવતા શખસને સયાજીગંજ પોલીસે ગણતરીના કલાકોમાં જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. કમાટીબાગ રોડ પર આવેલી હોસ્ટેલ બહાર બાઈક પર બેસી અશ્લીલ હરકતો કરતા આ શખસનો વીડિયો એક જાગૃત યુવતીએ ઉતારી ઈન્સ્ટાગ્રામ પર વાઈરલ કર્યો હતો. આ વીડિયોમાં યુવતીએ હિંમતપૂર્વક નરાધમની કરતૂત ખુલ્લી પાડતા શહેરભરમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને અંતે પોલીસે ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપીને દબોચી લીધો છે. ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ ફિરોઝ ગફાર ખલીફા પઠાણ (રહે. છાયાપુરી, મૂળ રહે. ઈન્દોર, મધ્યપ્રદેશ) તરીકે થઈ છે. વીડિયોમાં જોઈ શકાય છે તેમ, આ શખસ જાહેર રસ્તા પર હોસ્ટેલની યુવતીઓની હાજરીમાં લજ્જાસ્પદ વર્તન કરી રહ્યો હતો. યુવતીઓએ તેને ટોકવાનો પ્રયાસ કરતા તે બાઈક લઈને ભાગી છૂટ્યો હતો, પરંતુ સોશિયલ મીડિયા પર વીડિયો વાઈરલ થતા જ સયાજીગંજ પોલીસ હરકતમાં આવી હતી.

**બેજવાબદારી**

### નફાની લાલચમાં મુસાફરોના જીવ જોખમમાં મૂકતા વાહનચાલકો

# બોડેલી-કવાંટ માર્ગે મીની લકઝરી બસોની જોખમી દોડ, અકસ્માત માટે કોણ જવાબદાર?

### ઓવરલોડ સવારી, ખાડાભર્યા રસ્તા અને કાયદાની અવગણના

• ઈરફાન મકરાણી કદવાલ

બોડેલીથી કવાંટ તરફ ચાલતી મીની લક્ઝરી બસો હાલ જોખમી સવારીનું મુખ્ય સાધન બની ગઈ છે. આ માર્ગ પર મોટા મોટા ખાડાઓ પડી ગયા છે અને હાલ રોડનું કામ પણ અધૂરું ચાલું હોવાથી મુસાફરી વધુ ખતરનાક બની છે. આવા સંજોગોમાં દરરોજ મુસાફરો પોતાના જીવને જોખમમાં મૂકી આ બસોમાં મુસાફરી કરવા મજબૂર છે.સ્થાનિક લોકો અને નિયમિત મુસાફરોના જણાવ્યા અનુસાર, મીની લક્ઝરી બસો વાહનની નક્કી ક્ષમતાથી અનેક ગણાં વધુ મુસાફરો ભરવામાં આવે છે. બેઠકો પૂરતી ન હોય તો લોકો ઊભા રહીને, તો ક્યાંક દરવાજા પાસે લટકી મુસાફરી કરે છે. બીજી તરફ આ બસોના ચાલકો સરકારી બસોને ઓવરટેક કરી બેફામ ઝડપે વાહન દોડાવે છે, જાણે તેમને કાયદા વ્યવસ્થાનો કોઈ ડર જ ન હોય.રસ્તા પર ચાલી રહેલા કામને કારણે અચાનક ખાડા, કાંકરા અને અડચણો આવે છે. આવી સ્થિતિમાં જો કોઈ ગંભીર અકસ્માત થાય તો તેની જવાબદારી કોણ લેશે? મુસાફરો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે ટ્રાફિક પોલીસ, પરિવહન વિભાગ અને માર્ગ નિર્માણ એજન્સીઓની જવાબદારી



ક્યાં જાય છે?આ માર્ગે અકસ્માતની શક્યતા રોજબરોજ વધી રહી છે, છતાં તંત્ર દ્વારા કડક કાર્યવાહી થતી નથી. લોકોની માંગ છે કે મીની લક્ઝરી બસોમાં ઓવરલોડ પર તાત્કાલિક રોક લગાવવામાં આવે, ઝડપ નિયંત્રણ માટે નિયમિત ચેકિંગ કરવામાં આવે અને રોડનું કામ ઝડપથી તથા ગુણવત્તાપૂર્વક પૂર્ણ કરવામાં આવે. નહિ તો કોઈ મોટી દુર્ઘટના બાદ જ તંત્ર જાગશે?

### ભાવિક આહીર અને આશુ રાજપુત સહિત અન્ય કર્મચારીઓએ ટ્રાવેલ સ્કીમ

# કંસાર હોટલમાં ટ્રાવેલ મેમ્બરસીપના નામે રૂ. ૩.૫૦ લાખની વર્ષ ૨૦૨૨ ના છેતરપિંડીના કેસમાં એક મહિલા આરોપી ઝડપાઈ

### 'ધ રોયલ રેજીસ હોસ્પીટાલીટી' કંપનીના નામે ફ્રી દુબઈ પ્રવાસની લાલચ આપી અનેક નાગરિકોને ફસાવનાર ગેંગ સામે એલસીબીની મોટી કાર્યવાહી



• વિરમભાઈ કે. આગઠ

પોરબંદર શહેરમાં ટ્રાવેલ અને હૉસ્પિટાલિટી કંપનીના નામે ખોટી સ્કીમ રજૂ કરી નાગરિકો પાસેથી લાખોની રકમ પડાવવાનો ગંભીર ફ્રોડ બહાર આવ્યો છે. એમ.જી. રોડ પર આવેલ કંસાર હોટલના મીટીંગ હોલમાં 'ધ રોયલ રેજીસ હોસ્પીટાલીટી' નામની કંપનીના બેનર હેઠળ મીટીંગ યોજી ફ્રી દુબઈ પ્રવાસ તથા પાંચ વર્ષની મેમ્બરસીપ આપવાની લાલચ આપી ફરિયાદી સહિત અન્ય સાહેદો પાસેથી કુલ રૂ. ૩,૫૦,૦૦૦/- ની છેતરપિંડી કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. આ મામલે ફરિયાદી અવધેશકુમાર રઘુવંશકુમાર નિગમ (ઉ.વ. ૫૮), રહે. પોરબંદર દ્વારા કમલાબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાતા ગુ.ર.નં. A-11218009220459/2022 મુજબ IPC કલમ 406, 420, 120(B), 465, 467, 468 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ફરિયાદ મુજબ, અજાણ્યા મોબાઈલ નંબર પરથી બિઝનેસ મીટીંગનું આમંત્રણ આપી ફરિયાદી અને તેમના પત્નીને કંસાર હોટલમાં બોલાવવામાં આવ્યા હતા. ત્યાં કંપનીના મેનેજર હોવાનું જણાવતા ભાવિક આહીર અને આશુ રાજપુત સહિત અન્ય કર્મચારીઓએ ટ્રાવેલ સ્કીમ સમજાવી હતી. સ્કીમમાં જોડાવા બદલ રૂ. ૮૦,૦૦૦/- EMI દ્વારા ભરવાની વાત કરી, પરંતુ ફરિયાદીના SBI ક્રેડિટ કાર્ડમાંથી સમગ્ર રકમ એકસાથે કપાઈ જતા શંકા ઊભી થઈ હતી. ત્યારબાદ કંપની તરફથી કોઈ ઈમેલ કે મેસેજ ન આવતા તથા સંપર્ક ન થતાં છેતરપિંડી હોવાનું સ્પષ્ટ થયું હતું. તપાસ દરમિયાન ખુલ્યું હતું કે આ કંપની દ્વારા પોરબંદરના અન્ય નાગરિકો સાથે પણ આ જ રીતે ફ્રોડ કરવામાંઆવ્યોછે.પોલીસતપાસમાં કુલ રૂ. ૩.૫૦ લાખની ઓનલાઈન છેતરપિંડી સામે આવી છે. જુનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા (I.P.S.) અને પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા ના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. ઈન્ચાર્જ પો.ઈન્સ. આર.કે. કાંબરીયાના નેતૃત્વમાં કાર્યવાહી કરવામાં આવી હતી. એલ.સી.બી. સ્ટાફને મળેલ ખાનગી માહિતીના આધારે અમદાવાદ ખાતે દરોડો પાડી આરોપી નેહા ડો/ઓ રૂપનારાયણ બીંદાદીન લોઢા (ઉ.વ. ૨૪)ને અમદાવાદ એરપોર્ટ સર્કલ નજીક આવેલ ઉમેદ હોટલ પાસેથી ઝડપી લેવામાં આવી હતી. ઝડપાયેલ આરોપીને વધુ પુછપરછ અર્થે એલ.સી.બી. ઓફિસ લાવી બાદમાં આગળની કાર્યવાહી માટે કમલાબાગ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવી છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓમાં એલ સી.બી ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર આર.કે. કાંબરીયા તથા એ એસ.આઈ બટુકભાઈ વિંઝુડા, રાજેન્દ્રભાઈ જોષી, રણજીતસિંહ દયાતર, ગોવિંદભાઈ મકવાણા, મુકેશભાઈ માવદીયા, ઉદયભાઈ વરૂ તથા હેડ કોન્સ્ટેબલ સલીમભાઈ પઠાણ, ઉપેન્દ્રસિંહ જાડેજા, હીમાંશુભાઈ મક્કા, કુલદીપસિંહ જાડેજા, લક્ષ્મણભાઈ ઓડેદરા, જીતુભાઈ દાસા, વિરેન્દ્રસિંહ પરમાર તથા પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરા, અજયભાઈ ચૌહાણ તથા ડ્રL. હેડ કોન્સ્ટેબલ રોહિતભાઈ વસાવા તથા કીર્તિમંદીર પો.સ્ટે.ના મહિલા પોલીસ કોન્સ્ટેબલ કીર્તિબેન ઓડેદરા વિગેરે રોકાયેલ હતા.

# નેત્રંગ-રાજપારડી રોડ પર ઈકોએ બાઈકને ફંગોળી: ૨૨ વર્ષીય આશાસ્પદ યુવાનનું મોત

### બે મિત્રો ગંભીર રીતે ઘાયલ થતાં સારવાર હેઠળ ખસેડાય હતાં

• નેત્રંગ

નેત્રંગ-રાજપારડી રોડ પર ભોટનગર અને કુરી ગામ વચ્ચે રોંગ સાઈડ પરથી પૂરઝડપે આવી રહેલી એક ઈકો કારે મોટરસાયકલને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલક ૨૨ વર્ષીય યુવાન નિલેશ વસાવાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે તેની સાથે સવાર અન્ય બે મિત્રોને ગંભીર ઈજાઓ પહોંચતા વધુ સારવાર અર્થે અંકલેશ્વરની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. અકસ્માત સર્જી માનવતા નેવે મૂકી ઈકો ચાલક વાહન મૂકી ફરાર થઈ ગયો હતો.

મળતી વિગતો અનુસાર, કોલીવાડા ગામનો ૨૨ વર્ષીય નિલેશ વસાવા ઝઘડિયા GIDCની કંપનીમાં નોકરી કરતો હતો. ૧૯મી તારીખે તે પોતાના બે મિત્રો અજય વસાવા અને સુમિત વસાવા સાથે નેત્રંગ બજારમાં વાળ કપાવવા ગયો હતો. વાળ



કપાવીને પરત ફરતી વખતે કુરી ગામ નજીક સામેથી આવી રહેલી ઈકો કારના ચાલકે ગફલતભરી રીતે રોંગ સાઈડ પર વાહન હંકારી બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે નિલેશને છાતી અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી તેણે સ્થળ પર જ દમ તોડ્યો હતો.

અકસ્માતમાં ઘાયલ થયેલા અજય અને સુમિતને જમણા પગે અને હાથમાં ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ થઈ હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તોને પ્રથમ નેત્રંગ અને ત્યારબાદ રાજપીપળા થઈ અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મૃતક યુવાનના પિતા ગણપતભાઈ વસાવાએ નેત્રંગ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરાર ઈકો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# અંકલેશ્વરમાં બિશ્નોઈ ગેંગના દારૂના મસમોટા નેટવર્કનો પર્દાફાશ: 94 લાખનો જથ્થો ઝડપાયો

• ભરૂચ

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે એક મોટી સફળતા હાંસલ કરી છે. અંકલેશ્વરના જીતાલી ગામ પાસે આવેલા માધવ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના એક ગોડાઉન પર ત્રાટકેલી પોલીસે રાજસ્થાનની કુખ્યાત 'બિશ્નોઈ ગેંગ' દ્વારા સંચાલિત દારૂના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો છે. આ દરોડા દરમિયાન પોલીસે 94 લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો, પીકઅપ વાહન અને અન્ય સામગ્રી મળી કુલ 1 કરોડનો મુદ્દામાલ જપ્ત કરીને બુટલેગરોમાં ફફડાટ ફેલાવી દીધો છે.

ઘટનાની વિગતો મુજબ, બિશ્નોઈ ગેંગ દ્વારા ઔદ્યોગિક વિસ્તારમાં ગોડાઉન ભાડે રાખીને ગુપ્ત રીતે દારૂનો સંગ્રહ કરવામાં આવતો હતો, જ્યાંથી ગુજરાતના અન્ય ભાગોમાં તેનું નેટવર્ક ચાલતું હતું. પોલીસે સ્થળ પરથી રમેશ બિશ્નોઈ નામના શખ્સની ધરપકડ કરી છે. જોકે, આ આંતરરાજ્ય ગેંગના મુખ્ય સાગરીતો સુરેન્દ્ર બિશ્નોઈ, સુરેશ બિશ્નોઈ અને ડેની સહિત 8 આરોપીઓ હજુ પોલીસ પકડથી દૂર છે, જેમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે આ સમગ્ર નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આગામી દિવસોમાં આ રેકેટમાં અન્ય મોટા માથાઓના નામ ખુલવાની અને વધુ ધરપકડ થવાની પૂરેપૂરી શક્યતા છે. આ ઓપરેશને રાજ્યમાં ઘુસાડવામાં આવતા ગેરકાયદેસર નશાના કારોબાર પર મોટો પ્રહાર કર્યો છે.

## પોરબંદર જિલ્લા રોજગાર કચેરી દ્વારા રાણાવાવ ખાતે તા.૨૨ જાન્યુઆરીના રોજ ભરતીમેળાનું આયોજન

• વિરમભાઈ કે. આગઠ

પોરબંદર જિલ્લા રોજગાર કચેરી દ્વારા રોજગાર વાંચ્છુ ઉમેદવારોને નોકરીની તકો ઉપલબ્ધ કરાવવાના હેતુથી તા.૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળો સવારે ૧૧ કલાકે સરકારી આર્ટ્સ કોલેજ, ઈચ્છાપૂર્તિ હનુમાન મંદિર પાસે, રાણાવાવ ખાતે યોજાશે. આ ભરતીમેળામાં પોરબંદર જિલ્લાના વિવિધ સ્થાનિક ખાનગી નોકરીદાતાઓ ઉપસ્થિત રહેશે, જેમાં સ્વામી વિવેકાનંદ વિદ્યાલય, શ્રી રામ લાઈફ ઈન્શ્યોરન્સ, એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયા, વાઈડ વિંગ્સ સ્કૂલ તેમજ સૌરાષ્ટ્ર સિમેન્ટ લિ.નો સમાવેશ થાય છે. ભરતીમેળા દરમિયાન વિવિધ લાયકાત અનુસારની જગ્યાઓ માટે ઉમેદવારોના ઈન્ટરવ્યુ લેવામાં આવશે. જેમાં ૧૦મું પાસથી ગ્રેજ્યુએટ તેમજ આઈટીઆઈ લાયકાત ધરાવતા રોજગારવાંચ્છુ ઉમેદવારો આ ભરતીમેળામાં હાજરી આપી પોતાની લાયકાત મુજબ નોકરી માટે અવસર મેળવી શકશે. રસ ધરાવતા ઉમેદવારોને જરૂરી શૈક્ષણિક પ્રમાણપત્રો અને બાયોડેટા સાથે સમયસર હાજર રહેવા જિલ્લા રોજગાર કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### ગંગા જમના સોસાયટીમાં મચી ભારે દોડધામ, સદનસીબે મોટી જાનહાનિ ટળી

# અંકલેશ્વરમાં મોતનો રથ બની ધસી આવેલી કાર દીવાલ તોડી સીધી ઘરમાં ઘૂસી

• અંકલેશ્વર

અંકલેશ્વરના ગંગા જમના વિસ્તારમાં ગતરોજ વહેલી સવારે એક બેકાબુ બનેલી કાર સોસાયટીની મજબૂત દીવાલ તોડીને સીધી જ એક મકાનની અંદર ઘૂસી જતાં સમગ્ર વિસ્તારમાં ફાળ પડી ગઈ હતી. આ અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાનિ ન થતા રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગંગા જમના સોસાયટીમાં પુરપાટ ઝડપે આવી રહેલી કારના ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. બેકાબુ બનેલી આ કારે સૌ પ્રથમ રસ્તા પર ઉભેલી




અન્ય એક કારને જોરદાર ટક્કર મારી હતી અને ત્યારબાદ ધડાકાભેર સોસાયટીની દીવાલ તોડી મકાનમાં ઘૂસી ગઈ હતી. વહેલી સવારે થયેલા પ્રચંડ ધડાકાને કારણે સોસાયટીના રહીશો ગભરાઈને ઘરની બહાર દોડી આવ્યા હતા. મકાનની દીવાલ ધરાશાયી થવાને કારણે તેમજ વાહનોને ભારે નુકસાન પહોંચ્યું છે.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પ્રાથમિક દ્રષ્ટિએ કાર ચાલકની ગફલતને કારણે આ અકસ્માત સર્જાયો હોવાનું મનાઈ રહ્યું છે. પોલીસે આ મામલે ગુનો નોંધી અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# 33મી સ્વ.બળવંતરાય મહેતા આંતર જિલ્લા પંચાયત ક્રિકેટ ટુર્નામેન્ટ જામનગર ખાતે યોજાઈ



• ઓલપાડ

સતત 33 મી સ્વ.બળવંતરાય મહેતા આંતર જિલ્લા પંચાયત ક્રિકેટ ટુર્નામેન્ટ જામનગર જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષપદે અને કલેક્ટરશ્રીના મહેમાનપદે જામનગર ખાતે યોજવામાં આવી. જેમાં કુલ્લે ૨૯ જિલ્લા પંચાયત ટીમે ભાગ લીધો હતો જેમાં સુરત જિલ્લા પંચાયત ચેમ્પિયન થઈ હતી.ભાવેશ આર પટેલની કેપ્ટનશિપમાં સુરત જિલ્લા પંચાયત ક્રિકેટ ટીમ ચેમ્પિયન થઈ સમગ્ર રાજ્યમાં જિલ્લા પંચાયત સુરતનું ગૌરવ વધાર્યું છે. ફાઈનલ મેચ સુરત જિલ્લા પંચાયત ક્રિકેટ ટીમ અને આણંદ જિલ્લા પંચાયત ક્રિકેટ ટીમ વચ્ચે રમાય હતી જેમાં ટોસ જીતીને આણંદની ટીમે પ્રથમ બેટિંગ કરી હતી. સુરત જિલ્લા પંચાયતની ટીમે ભાવેશ પટેલની ધારદાર કેપ્ટનશીપના પ્રભાવથી ચુસ્ત બોલિંગ અને ફિલ્ડિંગ નું પ્રદર્શન કરી આણંદ જિલ્લા પંચાયતની ટીમને 120 રન ના સ્કોર પર સીમિત કરી હતી. દિલ ધડક રન ચેસમાં જિલ્લા પંચાયત સુરતના 5 વિકેટે વિજય થવા પામ્યો હતો.ફાઈનલમાં જિલ્લા પંચાયત સુરતના ઓલ રાઉન્ડર રોહિત ટંડેલને 4 ઓવર માં 22 રન આપી 3 મહત્વપૂર્ણ વિકેટ ઝડપી તથા ટીમને જીતવા 2 ઓવર માં 13 રનની જરૂર હતી ત્યારે નિર્ણાયક તબક્કે 9 રન ફટકારી વિજેતા થવા બદલ મેન ઓફ ધી મેચ એવોર્ડ એનાયત થયો સુરત જિલ્લા પંચાયતના આધારભૂત ઓલરાઉન્ડર અલ્પેશ બી વાંસીયા સમગ્ર ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી 11 વિકેટ ઝડપી તથા ટીમ માટે 5 ઈનિંગ માં 143 મહત્વ પુર્ણ રન કરવા બદલ મેન ઓફ ધી સિરીઝ નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. સુરત જિલ્લા પંચાયત તરફથી બોલિંગમાં રાકેશ પટેલ સમગ્ર ટુર્નામેન્ટ માં ચુસ્ત બોલિંગ કરી 5 ઈનિંગ માં 10 વિકેટ ઝડપી શાનદાર પ્રદર્શન કર્યું હતું તથા બેટિંગમાં ગિરીશ પટેલ એ 5 ઈનિંગ માં 195 રન બનાવી ટીમ ની જીત માટે શાનદાર બેટિંગ કરી હતી.બાહોશ કેપ્ટન ભાવેશ પટેલની સૂઝબૂઝ ભરી કેપ્ટનશિપમાં જિલ્લા પંચાયત સુરત કુલ 5 મી વાર વિજેતા થવા પામી હતી.પૂર્વ કપ્તાન અને હાલ માં ટીમ માટે કોચની ભૂમિકા ભજવનાર કિરીટ પટેલ અગાઉ તેમની કેપ્ટનશીપ હેઠળ જિલ્લા પંચાયત સુરતને ૪ વાર ચેમ્પિયન બનાવ્યું હતું.

આમ જિલ્લા પંચાયત સુરત ક્રિકેટ ટીમ કુલ 9 વાર રાજ્ય કક્ષા ની ટુર્નામેન્ટ માં વિજેતા થવા પામી છે. ટીમના કોચ કિરીટ પટેલ (જિલ્લા શિક્ષક સંઘના પ્રમુખ)તમેજ ઓલપાડ તા.પંચાયત ના વિસ્તરણ અધિકારી સંજય પટેલએ અને સમગ્ર ટીમને શાનદાર પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યવાહી — ગાંધીનગરમાં આડેધડ પાર્કિંગ કરનારાઓ સામે ટ્રાફિક પોલીસની કાર્યવાહી

# માર્ગો પર લારીઓનો અડિંગો અને ટ્રાફિક સમસ્યા વકરી, 30થી વધુ વાહનોને મેમો ફટકારતા ફફડાટ

## ગાંધીનગર ટ્રાફિક પોલીસ એક્શન મોડમાં આવી

• ગાંધીનગર

ગાંધીનગર શહેરમાં એક તરફ પાર્કિંગ પોલિસીની સુફિયાણી વાતો વહેતી થઈ છે ત્યારે બીજી તરફ વાસ્તવિક પરિસ્થિતિ અત્યંત કથળી રહી છે. પાટનગરના મુખ્ય માર્ગો અને કોમર્શિયલ કોમ્પ્લેક્સ પાસે આડેધડ પાર્કિંગની સમસ્યા દિનપ્રતિદિન માથાના દુખાવા સમાન બની રહી છે. આ સ્થિતિને ડામવા માટે ગાંધીનગર ટ્રાફિક પોલીસ એક્શન મોડમાં આવી છે. આજે પીડીપીયુ અને ભાઈજીપુરા રોડ પર આડેધડ પાર્કિંગ કરનારા તત્વો સામે કડક કાર્યવાહી હાથ ધરી લાલ આંખ કરવામાં આવતા વાહન માલિકો ફફડી ઉઠ્યા હતાં. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા રિલાયન્સ સર્કલથી રક્ષા શક્તિ સર્કલ સુધીનો માર્ગ કરોડોના ખર્ચે 'આઈકોનિક રોડ' તરીકે વિકસાવવામાં આવી રહ્યો છે. પરંતુ તંત્રના સંકલનના અભાવે આ માર્ગ હવે ગેરકાયદે લારીઓનું હબ બની ગયો છે. અગાઉ એસ્ટેટ શાખાએ પોલીસ ને આગળ રાખીને ઘ-0થી રિલાયન્સ સર્કલ સુધી દબાણ




હટાવવાની કામગીરી કરી હતી. પરંતુ થોડા જ દિવસોમાં સ્થિતિ 'જૈસે થે' થઈ ગઈ છે. ખાસ કરીને રાત્રિના સમયે રિલાયન્સ સર્કલથી રક્ષા શક્તિ રોડ પર નોનવેજ અને ઈંડાની લારીઓ લાઈનસર ગોઠવાઈ જાય છે. જેના કારણે અહીં આવતા ગ્રાહકો રોડ પર જ વાહનો પાર્ક કરી દે છે. જેના લીધે નાના મોટા અકસ્માતોની પણ ભીતિ ઉભી થઈ છે. બીજી તરફ શહેરના મોટાભાગના કોમર્શિયલ કોમ્પ્લેક્સના બેઝમેન્ટ પાર્કિંગ માટે ખોલવામાં આવતા નથી. પરિણામે ખરીદી માટે આવતા નાગરિકો અને ખુદ દુકાનદારો પણ રોડ પર કે સર્વિસ રોડ પર વાહનો ખડકી દે છે. ભાઈજીપુરાથી પીડીપીયુ રોડ પર આવેલી દુકાનો અને કોમ્પ્લેક્સ આગળ પાર્કિંગની સમસ્યાએ માઝા મૂકી છે. આ અંગે ટ્રાફિક પોલીસની તપાસમાં ચોંકાવનારી વિગત સામે આવી છે કે પાર્કિંગના નિયમો તોડવામાં ગ્રાહકો સાથે વેપારીઓ પણ સામેલ છે. આજે ટ્રાફિક પીઆઈ પરાગ ચૌહાણની ટીમે ભાઈજીપુરા, PDPU રોડ પરના કોમર્શિયલ વિસ્તાર અને સર્વિસ રોડ પર આકસ્મિક ચેકિંગ હાથ ધર્યું હતું. અને અડચણરૂપ પાર્ક કરેલા 30થી વધુ વાહનોને સ્થળ પર જ નો-પાર્કિંગના મેમો ફટકારવામાં આવ્યા હતા. પોલીસની આ આકસ્મિક કામગીરીથી આડેધડ પાર્કિંગ કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો અને લોકો વાહનો લઈને દોડતા થઈ ગયા હતા. ત્યારે ટ્રાફિકથી પરેશાન જાગૃત નાગરિકોએ પોલીસની આ કામગીરી સતત ચાલુ રાખવા માંગ પણ કરી છે. આ અંગે ટ્રાફિક પીઆઈ પરાગ ચૌહાણે જણાવ્યું હતું કે, આડેધડ પાર્કિંગની સમસ્યા પર અંકુશ મેળવવા માટે હાલ દંડાત્મક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને વાહન માલિકોને અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે. તેમ છતાં જો સ્થિતિમાં સુધારો નહીં આવે અને કોમર્શિયલ કોમ્પ્લેક્સ આગળ આજ રીતે વાહનો ખડકાયેલા જોવા મળશે તો આગામી દિવસોમાં વાહનો સીધા ડિટેન કરવા સુધીના કડક પગલાં ભરવામાં આવશે.

બજરંગ દળ ના કાર્યકર્તા તથા ગૌરક્ષા વિભાગના કાર્યકર્તા ની રાત દિવસથી મહેનત લાગેલી હોય છે

# શ્રી વિરાટ બજરંગ દળ જામનગર દ્વારા બીમાર ગૌમાતાઓ માટે પૌષ્ટિક લાડુ સેવા

અર્પણ — મકર સંક્રાંતિ પર્વ નિમિત્તે ૭૦૦ કિલો દેશી ઔષધિય લાડુ તૈયાર કરી બીમાર ગૌમાતાઓને અર્પણ

• વિરમભાઈ કે.આગઠ

શ્રી વિરાટ બજરંગ દળ જામનગર દ્વારા બીમાર ગૌમાતાઓ માટે પૌષ્ટિક લાડુ સેવા કરવામાં આવી હતી. આ સેવાકાર્ય માત્ર એક દિવસ કે એક પ્રસંગ પૂરતું સીમિત નથી, પરંતુ વિરાટ બજરંગ દળ માટે ગૌમાતાની સેવા એ સતત ચાલતો સંકલ્પ છે. જ્યારે સમાજના ઘણાં લોકો વ્યસ્ત જીવનમાં નિ:શબ્દ બની જાય છે, ત્યારે આ કાર્યકર્તાઓ બીમાર ગૌમાતાની પીડા પોતાની સમજીને તેમના આરોગ્ય માટે સતત પ્રયત્નશીલ રહે છે. બીમાર ગૌમાતાઓને જ્યારે આ ઔષધિય લાડુ અર્પણ કરવામાં આવ્યા ત્યારે ઘણા ગૌભક્તોની આંખોમાં અજાણી ભીની લાગણી ઝલકી ઊઠી હતી. અશક્ત અને વેદનામાં રહેલી ગૌમાતાને પ્રેમથી ખવડાવવામાં આવતાં લાડુ માત્ર પોષણ પૂરું પાડતા નથી, પરંતુ તેમને માનવ સંવેદનાનો સહારો પણ આપે છે. તે ક્ષણોમાં સેવા, કરુણા અને શ્રદ્ધાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. કાર્યકર્તાઓનું કહેવું હતું કે ગૌમાતાની સેવા કરતા સમયે થાક, ભૂખ કે ઊંઘ કોઈ અર્થ રાખતી નથી. દસ દિવસ સુધી દિવસ-રાત સતત મહેનત કરીને લાડુ તૈયાર કરવામાં આવ્યા હતા, જેમાં દરેક કાર્યકર્તાએ પોતાનું શ્રમદાન અને લાગણી જોડેલી હતી. મહિલા કાર્યકર્તા બહેનોની નિ:સ્વાર્થ સેવા અને સમર્પણ પણ આ સમગ્ર આયોજનનું મજબૂત આધાર બન્યું હતું. સ્થાનિક ગૌશાળાના સંચાલકો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આવા પૌષ્ટિક અને ઔષધિય લાડુઓથી બીમાર ગૌમાતાના આરોગ્યમાં ધીમે ધીમે સુધારો જોવા મળે છે, જેનાથી સેવા કાર્યની અસરકારકતા સ્પષ્ટ થાય છે. સાથે સાથે ગૌશાળાઓમાં સ્વચ્છતા અને સંભાળ અંગે પણ જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે અનેક સેવાભાવી વ્યક્તિઓ અને ગ્રામજનોએ પણ સ્વયંભૂ જોડાઈને ગૌસેવામાં સહયોગ આપ્યો હતો. લોકોનું માનવું છે કે આવી ભાવસભર પ્રવૃત્તિઓથી નવી પેઢીમાં ગૌરક્ષા અને માનવતા પ્રત્યે સંવેદનાનો સંસ્કાર વિકસે છે. જે તીથી તહેવાર મુજબ હિન્દુ ધાર્મિક તિથિઓ આવે છે એ દરમિયાન સંગઠન દ્વારા અનેક વખત લાડવા બનાવવામાં આવે છે અને ફક્ત અને ફક્ત બીમાર ગૌ માતા માટે જ લાડવા બનાવવામાં આવે છે અને અમારી ટીમ ધ્યાનપૂર્વક આ લાડવા બીમાર ગૌ માતા સુધી પહોંચાડે છે અને જે લાડવા ગૌમતને ત્યાં સુધી બનાવીને પોહોચા ડે છે તેમાં બજરંગ દળ ના કાર્યકર્તા તથા ગૌરક્ષા વિભાગના કાર્યકર્તા ની રાત દિવસથી મહેનત લાગેલી હોય છે ત્યારબાદ આ તમામ આયોજન પરિપૂર્ણ થાય છે જેમાં પ્રદેશ સંગઠન મંત્રી જી.આર. એસ વિભાગ ધર્મેન્દ્રસિંહ વાળા તથા મહિલા વિભાગના પ્રમુખશ્રી એડવોકેટ અમી બહેન ગજ્જર તથા જિલ્લા પ્રમુખ અલ્પેશભાઈ મહાજન તથા કિશોરભાઈ પરમાર જયભાઈ લહેરો યશભાઈ ડાભી જગદીશભાઈ પરમાર જગદીશભાઈ સાચલા સુનિલભાઈ પારેખ તથા મહેશભાઈ સાચલાં તથા મહિલા વિભાગ ના કાર્યકર્તા બહેનો લીલુબેન મોઢવાડિયા પૂજાબેન પરમાર મીનાબેન ડાભી જયશ્રીબેન સાચલા તથા ટીમના અન્ય કાર્યકર્તા અને સેવાભાવી વ્યક્તિઓ સાથે જોડાયા હતા અને આ કામને પરિપૂર્ણ કરેલ છે અંતે વિરાટ બજરંગ દળ જામનગર જિલ્લા દ્વારા સમાજને સંદેશ આપવામાં આવ્યો હતો કે ગૌમાતાની સેવા માત્ર ધાર્મિક કર્તવ્ય નહીં પરંતુ માનવ ધર્મ છે.

આવનારા સમયમાં પણ વધુ વ્યાપક સ્તરે ગૌસેવા અને સમાજસેવાના કાર્યક્રમો હાથ ધરવામાં આવશે એવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

# ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશનનો ૭૫૬.૬૨ કરોડ હિસાબ કેમ છુપાવવામાં આવી રહ્યો છે? : ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા

## છેલ્લા આઠ વર્ષના ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશનના એનુઅલ રિપોર્ટસ અને ઑડિટેડ એકાઉન્ટ્સ રિપોર્ટ વિધાનસભામાં કેમ નથી મુકાયા ? : ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા

• અમદાવાદ

ગુજરાત પ્રદેશ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ.પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ બનાવેલ પબ્લીક ટ્રસ્ટ હેઠળ ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશનમાં અનેક ગેરરીતિ કેગ અહેવાલમાં સામે આવી છે. કેગ અહેવાલ મુજબ ગુજરાતના ૩૨ ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન ૧૬૦૮.૮ કરોડનું યોગદાન મળ્યું હતું તેમાંથી ૭૫૬.૬૨ કરોડ વપરાયાં છે. ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન દ્વારા મેળવેલ ફંડને ૩૨ જીલ્લામાં ખનનથી સીધા અસરગ્રસ્ત ૨૧૦૩ ગામોમાં સ્વાસ્થ્ય, પર્યાવરણ, શિક્ષણ, પીવાના પાણી, મહિલા અને બાળ કલ્યાણ, વૃધ્ધ અને વિકલાંગોની કલ્યાણ માટે, સ્વચ્છતા, સ્કીલ ડેવલપમેન્ટ જેવા કામો માટે વાપરવાના હોય છે. કેગ મુજબ ડિસ્ટ્રિક્ટ મિનરલ પ્લાન દ્વારા ૭૫૬.૬૨ કરોડ રૂપિયાના એનુઅલ રિપોર્ટસ અને ઑડિટેડ એકાઉન્ટ્સ રિપોર્ટ જે નિયમ મુજબ વિધાનસભામાં મૂકવા જોઈએ તે વર્ષ ૨૦૧૬-૨૦૧૭ થી ૨૦૨૩-૨૦૨૪માં મુકાયાં નથી. ૭૫૬.૬૨ કરોડ હિસાબ ધારાસભ્યોથી કેમ છુપાવવામાં આવી રહ્યો છે? તેની પાછળ શું ષડયંત્ર છે. ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન હેઠળ ૨૬,૬૬૭ માંથી ૪૬% પ્રોજેક્ટ પૂર્ણ થયા નથી જ્યારે ૫૭૩૨ પ્રોજેક્ટ્સ (૨૧%) રદ્દ કરવામાં આવ્યા છે અને ૩૨૭૮ (૧૨%) શરૂ જ નથી થયા. ગેરકાયદેસર ખનનના દંડ રૂપે મળેલ એન્વાયરમેન્ટલ કોમ્પેન્સેશન ફંડમાં મળેલ ૮૪.૪૬ કરોડ માં થી ૮૩.૬૧ કરોડ વણવપરાયેલ પડ્યા રહ્યા છે. કેગ દ્વારા ગુજરાત રાજ્યના પાંચ જિલ્લાના મેહસાણા, સુરત, ભાવનગર,પોરબંદર અને દેવભૂમિ દ્વારકાના ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશનને અભ્યાસના સેમ્પલ તરીકે પસંદ કરવામાંઆવ્યાહતા.પાંચજિલ્લામાં ૧૪૯ પ્રોજેક્ટ્સને ઓડિટ માટે પસંદ કરવા આવ્યા હતા. કેગના અવલોકનમાં ૧૪૯ પ્રોજેક્ટમાં અલગ અલગ ગેરરીતિ જોવા મળી હતી. ટેન્ડર પ્રક્રિયામાં ક્ષતિ, એજન્સી નક્કી કરવાની પ્રક્રિયામાં ક્ષતિ, કામ પૂર્ણના થયા, અસરગ્રસ્ત વિસ્તાર બહાર પ્રોજેક્ટ્સનું અમલીકરણ, ખાનગી પરિબળોને લાભ, વધારાના રૂપિયાની ચૂકવણી કરવાના કિસ્સા સામે આવ્યા છે. દેવભૂમિ દ્વારકામાં કુલ ૭.૯૮ કરોડ રૂપિયાનું કામ બારોબાર વગર ટેન્ડરે બારડોલીની વીર એન્ટરપ્રાઈઝ એજન્સીને પધરાવી દીધા.કોની ભલામણ હતી? શું આ ઘટના ભ્રષ્ટાચાર નું ઉદાહરણ નથી, સરકારે શું પગલા લીધા છે? કોઈ ફોજદારી ફરિયાદ થઈ ખરી?

૧૫૫.૭૯ લાખના ફિઝિકલ એક્સરસાઈઝ ઈક્વિપમેન્ટ ઈન્સ્ટોલેશનના કામ એક ખાનગી એજન્સીને વગર ટેન્ડરે પધરાવી દીધા, શું કોઈ પગલાં લેવાયા ખરા? પાંચ જિલ્લામાં ગેરરીતિ સામે આવી હોય ત્યારે ૨૭ જિલ્લામાં ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન ના પ્રોજેક્ટો ની એસ.આઈ.ટી દ્વારા તપાસ થવી જોઈએ. ગુજરાત રાજ્યમાં ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન દ્વારા પર્યાવરણ સુધાર માટે માત્ર ૧.૮૬% રૂપિયા જ વપરાયા છે.

# પોરબંદર જિલ્લા રોજગાર કચેરી દ્વારા રાણાવાવ ખાતે તા.૨૨ જાન્યુઆરીના રોજ ભરતીમેળાનું આયોજન

• વિરમભાઈ કે. આગઠ

પોરબંદર જિલ્લા રોજગાર કચેરી દ્વારા રોજગાર વાંચ્છુ ઉમેદવારોને નોકરીની તકો ઉપલબ્ધ કરાવવાના હેતુથી તા.૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળો સવારે ૧૧ કલાકે સરકારી આર્ટ્સ કોલેજ, ઈચ્છાપૂર્તિ હનુમાન મંદિર પાસે, રાણાવાવ ખાતે યોજાશે. આ ભરતીમેળામાં પોરબંદર જિલ્લાના વિવિધ સ્થાનિક ખાનગી નોકરીદાતાઓ ઉપસ્થિત રહેશે, જેમાં સ્વામી વિવેકાનંદ વિદ્યાલય, શ્રી રામ લાઈફ ઈન્શ્યોરન્સ, એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયા, વાઈડ વિંગ્સ સ્કૂલ તેમજ સૌરાષ્ટ્ર સિમેન્ટ લિ.નો સમાવેશ થાય છે. ભરતીમેળા દરમિયાન વિવિધ લાયકાત અનુસારની જગ્યાઓ માટે ઉમેદવારોના ઈન્ટરવ્યુ લેવામાં આવશે. જેમાં ૧૦મું પાસથી ગ્રેજ્યુએટ તેમજ આઈટીઆઈ લાયકાત ધરાવતા રોજગારવાંચ્છુ



ઉમેદવારો આ ભરતીમેળામાં હાજરી આપી પોતાની લાયકાત મુજબ નોકરી માટે અવસર મેળવી શકશે. રસ ધરાવતા ઉમેદવારોને જરૂરી શૈક્ષણિક પ્રમાણપત્રો અને બાયોડેટા સાથે સમયસર હાજર રહેવા જિલ્લા રોજગાર કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# જેતપુરના મોટાગુંદાળા ગામે જુગારધામ પર પોલીસનો દરોડો; 6 ઝડપાયા : 4 ફરાર

• સુરેશ ભાલીયા જેતપુર

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં જુગારની બદી ડામવા પોલીસ એક્શન મોડમાં આવી છે. જેતપુર તાલુકાના મોટાગુંદાળા ગામે જાહેરમાં નસીબ આધારિત જુગાર રમી રહેલા શખ્સો પર પોલીસે લાલ આંખ કરી છે. બાતમીના આધારે કરવામાં આવેલી આ રેઈડમાં પોલીસે રોકડ સાથે છ શખ્સોને ઝડપી પાડ્યા હતા, જ્યારે ચાર શખ્સો પોલીસને ચકમો આપી નાસી છૂટવામાં સફળ રહ્યા છે. જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનના સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, ત્યારે તેમને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે મોટાગુંદાળા ગામે ઓવરબ્રિજ સામે આવેલી દરગાહ પાસે, પીપળાના ઝાડ નીચે કેટલાક શખ્સો એકઠા થઈ ઘોડીપાસા વડે જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસને જોતા જ જુગાર રમતા ઈસમોમાં નાસભાગ મચી ગઈ હતી. જોકે, પોલીસે કોર્ડન કરીને સ્થળ પરથી ૬ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં હાજીભાઈ ઈસ્માઈલભાઈ જુણેજા, કાદીર ઉર્ફે કાજલો ચૌહાણ, ભીખાભાઈ વાઘેલા, મોહસીન ચૌહાણ, ગોવિંદભાઈ પરમાર અને ભીખાભાઈ સોલંકી સમાવેશ થાય છે, રેઈડ દરમિયાન પોલીસને ૧૮,૨૯૦/-રોકડ રકમ કબજે કરી હતી

ગાંધીનગરમાં 108 સેવાની 'ગોલ્ડન અવર'માં સરાહનીય કામગીરી

# છેલ્લા એક વર્ષમાં 35 હજારથી વધુ કિસ્સામાં દર્દીઓને સેવા આપી

ગાંધીનગર : 108 સેવાની 'ગોલ્ડન અવર'માં સરાહનીય કામગીરી છે. જેમાં છેલ્લા એક વર્ષમાં 35 હજારથી વધુ કિસ્સામાં દર્દીઓને સેવા આપી હતી જ્યારે જીવન અને મરણ વચ્ચે સેકન્ડોની લડાઈ ચાલતી હોય ત્યારે સફેદ અને વાદળી રંગની એમ્બ્યુલન્સનો સાયરન કોઈ દેવદૂતના અવાજ જેવો સંભળાય છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમિયાન 108 ઈમરજન્સી મેનેજમેન્ટ સર્વિસીસેઆ વાતને સાર્થક કરી બતાવી છે. સત્તાવાર જાહેર થયેલા આંકડાઓ મુજબ જિલ્લામાં 108 સેવા દ્વારા વર્ષ દરમિયાન કુલ 35,804 કટોકટીના કેસોમાં ત્વરિત પ્રતિસાદ આપીને હજારો નાગરિકોને હોસ્પિટલ સુધી પહોચાડવામાં આવ્યા છે.ગાંધીનગર જિલ્લો હાઈવે અને સ્ટેટ હાઈવેથી ઘેરાયેલો હોવાથી માર્ગ અકસ્માતની ઘટનાઓ પડકારરૂપ હોય છે. ત્યારે સત્તાવાર ડેટા દર્શાવે છે કે વર્ષ દરમિયાન વાહન અકસ્માતના 6,423 કેસોમાં 108 દ્વારા સમયસર સારવાર પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત, બિન-વાહન અકસ્માતના 4,177 કેસોમાં પણ ટીમ મદદે પહોંચી હતી. નિષ્ણાતોના મતે, અકસ્માત પછીના પ્રથમ એક કલાક એટલે કે 'ગોલ્ડન અવર'માં જો યોગ્ય સારવાર મળે તો બચવાની શક્યતા 80% વધી જાય છે. અને 108ની ટીમે આ જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી છે.ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સગર્ભા મહિલાઓ માટે 108 આશીર્વાદરૂપ સાબિત થઈ છે. વર્ષ દરમિયાન 5,686 જેટલી મહિલાઓને પ્રસૂતિ સંબંધિત કટોકટીમાં હોસ્પિટલ પહોંચાડવામાં આવી હતી. અનેક કિસ્સાઓમાં તો હોસ્પિટલ પહોંચતા પહેલા એમ્બ્યુલન્સની અંદર જ 108ના તાલીમબદ્ધ પેરામેડિકલ સ્ટાફ દ્વારા સુરક્ષિત રીતે ડિલિવરી કરાવી માતા અને બાળક બંનેના જીવ બચાવવામાં આવ્યા છે.બીજી તરફ બદલાતી જીવનશૈલી વચ્ચે કાર્ડિયાક એરેસ્ટ અને શ્વાસની તકલીફોના કેસમાં પણ વધારો જોવા મળ્યો છે. ગાંધીનગરમાં હૃદયરોગ સંબંધી 2,765 અને શ્વાસની તકલીફ ધરાવતા 3,336 દર્દીઓને એમ્બ્યુલન્સમાં પ્રાથમિક સારવાર આપી હોસ્પિટલ ખસેડાયા હતા. આ સિવાય પેટમાં દુખાવાના 4,503 કેસ અને તીવ્ર તાવના 1,471 કેસમાં પણ 108ની મદદ લેવામાં આવી હતી.જ્યારે કેસ વાઈઝ વિગતો પર નજર કરીએ તો ખેંચ 1236 કેસો ઝેરી અસર 664 કેસો, ડાયાબિટીસની સમસ્યાના 654 કેસો,પેરાલિસીસના 423 કેસો,ગંભીર માથાનો દુખાવો 268 કેસ માં પણ 108 દ્વારા દર્દીઓને સેવા પુરી પાડવામાં આવી છે. જિલ્લામાં ઈનએક્સેસિબલ સ્થળોએથી પણ 32 જેટલા દર્દીઓને રેસ્ક્યૂ કરવામાં આવ્યા હતા.આમ ગાંધીનગર જિલ્લામાં 108 સેવા માત્ર દર્દીઓને લઈ જવાનું સાધન નથી, પરંતુ તે અદ્યતન તબીબી સાધનોથી સજ્જ એક ચાલતી-ફરતી હોસ્પિટલ છે. એમ્બ્યુલન્સમાં હાજર ઈમરજન્સી EMT અને પાઈલટ ડ્રાઈવરની ટીમ કોઈપણ પરિસ્થિતિ કે સમયને જોયા વગર ખડેપગે રહે છે. સેવાના મંત્ર સાથે કામ કરતી આ સંસ્થા આજે સામાન્ય નાગરિકનો સૌથી મોટો ભરોસો બની ગઈ છે.

## ન્યૂઝ ઇન ફોકસ

### સહકાર ભારતી દ્વારાની દાહોદ મ્યુનિસિપલ એમ્પ્લોઇઝ કો..ઓ ક્રેડિટ સોસાયટી 'સહકાર ગૌરવ સન્માન -૨૦૨૬ થી સન્માનિત



**દાહોદ :** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વિચાર યાત્રા ની શતાબ્દી અર્થે સહકાર ભારતી સ્થાપના દિવસ નિમિત્તે સહકાર ભારતી દ્વારા ૧૦૦ વર્ષ પુર્ણ કરેલ હોય તેવી સહકારી સંસ્થા ઓ ને સન્માન કરવામાં આવી રહ્યું છે દાહોદ ખાતે પોતાના યશસ્વી કામગીરી કરી ૧૦૦ વર્ષ પૂર્ણ કરનાર દાહોદ ની ધી દાહોદ મ્યુનિસિપલ એમ્પ્લોઈઝ કો.ઓ ક્રેડિટ સોસાયટી લિ.દાહોદ ને નગરપાલિકા ના ચીફ ઓફિસર શ્રી દીપ સિંહ હઠીલા સાહેબ ની ઉપસ્થિતિ માં સહકાર ભારતી દાહોદ ના મહામંત્રી શ્રી ભરતભાઈ શ્રીમાળી તથા સહકાર ભારતી દાહોદ ના અધ્યક્ષ શ્રી નરેશભાઈ ચાવડા ના હસ્તે સંસ્થા ના ચેરમેન શ્રી પિંકલભાઈ નગરાળાવાળા તથા મંત્રી શ્રી શૈલેષભાઈ પટેલ ને 'સહકાર ગૌરવ સન્માન -૨૦૨૬ નો એવોર્ડ એનાયત કરી સન્માન કરવામાં આવ્યું છે આ મંગલ અવસરે સહકાર ભારતી દાહોદ ના હોદ્દેદારો એ નગરપાલિકા ની સહકારી સંસ્થા ની કામગીરી ની પ્રશંસા કરી કામગીરી ને બિરદાવી અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી

### ઝાલોદ કોર્ટમાં ફરજ દરમિયાન મહિલા વકીલનું હાર્ટ એટેકથી કરુણ અવસાન

**ઝાલોદ :** ઝાલોદ કોર્ટમાં ફરજ બજાવી રહેલી એક યુવાન અને આશાસ્પદ મહિલા વકીલનું હાર્ટ એટેક આવતા કરુણ અવસાન થતા સમગ્ર વકીલ મંડળ અને શહેરમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.પ્રાપ્ત વિગતો અનુસાર ઝાલોદ કોર્ટમાં પ્રેક્ટિસ કરતા મહિલા વકીલ વૈશાલીબેન વિનોદભાઈ હઠીલા, રહેવાસી ગામ રળિયાતિભૂરા, ઉંમર આશરે ૨૨ થી ૨૪ વર્ષ, આજે સવારે અંદાજે ૧૧:૩૦ વાગ્યાના સમયે કોર્ટ રૂમમાં પોતાની કામગીરી માટે ઉભા હતા. તે દરમિયાન અચાનક ચક્કર આવતા તેઓ કોર્ટ રૂમમાં જ ઢળી પડ્યા હતા.ઘટનાસ્થળે હાજર અન્ય વકીલોએ તાત્કાલિક પ્રાથમિક સારવારરૂપે હાર્ટ પંપિંગ સહિતના પ્રયત્નો કર્યા હતા. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તેમને તરત જ રાધિકા હોસ્પિટલ, ઝાલોદ ખાતે લઈ જવામાં આવ્યા હતા. હાલત ગંભીર હોવાથી વધુ સારવાર અર્થે 108 એમ્બ્યુલન્સ દ્વારા દાહોદ લઈ જવા માટે રવાના થયેલ હતા પરંતુ વધુ સારવાર મળે તે પહેલાં 108 ના હાજર ડોક્ટર દ્વારા મહિલાને મૃત જાહેર કરેલ હતા. ઉલ્લેખનીય છે કે વૈશાલીબેનને માત્ર ચારથી પાંચ મહિના અગાઉ જ વકીલ તરીકે સનદ પ્રાપ્ત થઈ હતી અને તેમણે પોતાની વકીલાતની કારકિર્દીની શરૂઆત ઝાલોદ કોર્ટથી જ કરી હતી. ટૂંકા ગાળામાં જ તેઓ એક આશાસ્પદ અને મહેનતી મહિલા વકીલ તરીકે ઓળખ મેળવતા હતા.જાણવા મળ્યા મુજબ વૈશાલીબેનના માતા-પિતા મજૂરી કામ કરી પોતાની દીકરીને લાડકોડથી મોટી કરી, સારું શિક્ષણ અપાવીને તેને વકીલ બનાવવાની સપના સાકાર કરી હતી. દુર્ભાગ્યવશ, ઘટનાના સમયે તેમના માતા-પિતા બહારગામ મજૂરી અર્થે ગયેલા હતા. પરિવારની આશાસ્પદ દીકરીનું અચાનક અને અકાળે અવસાન થતા પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો અને સમગ્ર પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.



**• મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આગંણવાડી વિઝીટ એપ્લિકેશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે**

# દાહોદ જિલ્લામાં આગંણવાડી વિઝીટ ટ્રેકર એપ્લિકેશનનો દેવગઢ બારિયા ખાતેથી પ્રારંભ

• દાહોદ

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આગંણવાડી વિઝીટ એપ્લિકેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્મિત લોઢાના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી ઈરાબેન ચૌહાણની સૂચના અનુસાર દાહોદ જિલ્લાની તમામ આગંણવાડી કાર્યકર સુપોષિત દાહોદ પોર્ટલ પર એન્ટ્રી કરતા હતા, પરંતુ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પણ આંગણવાડી કેન્દ્ર પર લાભ લેતા લાભાર્થીનું વધુ સઘન મોનીટરીંગ કરવા એ.વી.ટી. એપ્લિકેશનમાં નવી બાબત 'ઓટોમેટીક લાભાર્થી ગણતરી' ની શરૂ કરવામાં આવી. આ એપ્લિકેશનમાં આંગણવાડીમાં ચાલતી સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભોનું મોનીટરીંગ કરવામાં આવશે. આ એપ્લિકેશનમાં આગંણવાડી કાર્યકર દ્વારા સવારે ૯ કલાક થી બપોરે ૧ કલાક સુધીમાં બાળકોના ફોટોગ્રાફ અપલોડ કરવાનો રહેશે. જેના આધારે આગંણવાડી કેન્દ્ર ઉપર સરકાર તરફથી ફાળવામાં આવતો અનાજનો જથ્થો આપવામાં આવશે. ફોટોગ્રાફમાં જેટલા બાળકો હશે, એના આધારે સ્ટોકનું વિતરણ કરવામાં આવશે. સાથે આગંણવાડી કેન્દ્ર ઉપર આવતા લાભાર્થીઓનું આ એપ્લિકેશન દ્વારા મોનીટરીંગ કરવામાં આવશે. ઉપરાંત સરકાર દ્વારા આંગણવવાડી વીઝિટ ટ્રેકર એપ્લિકેશનનું એડવાન્સ વર્ઝન ચાલુ કર્યુ છે. જેમાં આંગણવાડી કેન્દ્રમાં આવેલ લાભ લેતા લાભાર્થેઓનો ફોટો પાડી કાર્યકર દ્વારા જ અપલોડ કરવાનો રહેશે. જેના આધારે લાભ લેતા લાભાર્થીઓ 100% લાભ લે છે કે કેમ...તેનું મોનીટરીંગ ગાંધીનગરથી કરવામાં આવશે. આ સાથે આંગણવાડી કેન્દ્ર ઉપર વપરાશમાં લેવાતા મસાલાના બીલોની ચુકવણી એના આધારે કરવામાં આવશે. જેથી વધુમાં વધુ લાભાર્થી આંગણવાડીની સેવાઓનો લાભ લે તે પ્રકારનું મોનીટરીંગ વડી કચેરી એથી કરવામાં આવશે.



**• ૧૮ શખ્સો અને રૂ.૫.૭૭ લાખનો મુદ્દામાલ જપ્ત**

# નડિયાદમાં SMCના દરોડાઃ ખેતરમાં ચાલતું જુગારધામ ઝડપાયું

• નડિયાદ

નડિયાદના ફૈઝાન પાર્ક પાછળ ખેતરમાં ઝૂંપડું બનાવી ધમધમતા મોટા જુગારધામ પર સ્ટેટ મોનિટરિંગ સેલે (SMC) ૧૯ જાન્યુઆરીના રોજ સાંજે ત્રાટકીને લાખોના મુદ્દામાલ સાથે ૧૯ શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસની રેઈડ દરમિયાન જુગારીઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. પકડાયેલા શખ્સોમાં નડિયાદ ઉપરાંત અમદાવાદ, વડોદરા અને આણંદના શખ્સોનો પણ સમાવેશ થાય છે. ટોકન સિસ્ટમથી ચાલતો હતો જુગાર બાતમી મળી હતી કે, યાસીન ઉર્ફે ખલી અને મહંમદ ઈકબાલ ઉર્ફે રોમી વ્હોરા ખેતરમાં ઝૂંપડું બનાવી બહારથી માણસો બોલાવી 'અંદર-બહાર'નો જુગાર રમાડે છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ જુગારધામ ખૂબ જ વ્યવસ્થિત રીતે ચાલતું હતું, જેમાં ગ્રાહકો પાસેથી પૈસા લઈને ટોકન આપવા માટે ખાસ માણસોને દૈનિક પગાર પર રાખવામાં આવ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી રોકડ રકમ રૂ. ૧,૦૦,૫૨૦, મોબાઈલ ૧૫ નંગ કિંમત રૂ.૯૧,૫૦૦ બે રિક્ષા અને અન્ય વાહનો મળી કુલ રૂ.૪,૧૫,૦૦૦નો મુદ્દામાલ, પ્લાસ્ટિકના




૫૪૭ નંગ ટોકન, બેનર, ચાર્ટ, ગંજીપાના, એલ.ઈ.ડી. લાઈટ અને બેટરી. ઝડપાયેલા આરોપીઓની યાદી પોલીસે સ્થળ પરથી મહંમદ ઈકબાલ ઉર્ફે રોમી નડિયાદ, જાવેદખાન ઉર્ફે ડોક્ટર નડિયાદ, મહંમદ સલીમ કસાઈ નડિયાદ, સમીરઅલી ઉર્ફે ફોરમેન નડિયાદ, મુસ્તુફા ઈન્દોરી નડિયાદ, અનસ ઉર્ફે દેડકો નડિયાદ, ઈમ્તિયાઝ ઉર્ફે સલીમ નડિયાદ, મહંમદ હનીફ વ્હોરા નડિયાદ તેમજ અમદાવાદના મહંમદજાવેદ પઠાણ, મહંમદ ઈલીયાસ, ઈકબાલ આંબલીવાળા, રહીક શેખ, નાસીરહુસેન, અમિત ઉર્ફે બત્તી અને અહેમદ ઉર્ફે ઉસ્તાદની ધરપકડ કરી છે. આ ઉપરાંત ઉમરેઠના સંજય ઉર્ફે શંકર, ઠાસરાના નિરવ પારેખ અને વડોદરાના રીયાઝઉદીન અંસારી પણ ઝડપાયા છે. આ ગુનામાં મુખ્ય સંચાલક યાસીન ઉર્ફે ખલી ઉસ્માનગની વ્હોરા તેમજ લીલી અને ગેટીંગ નામના શખ્સો ફરાર થઈ ગયા છે. પોલીસે ઘટનાસ્થળેથી મળેલા મોબાઈલ ધારક અને બે બર્ગમેન સ્કૂટર ના માલિકો વિરુદ્ધ પણ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**કઠલાલના લાડવેલથી કપડવંજ જતા માર્ગ પર અકસ્માતમાં ટક્કર એટલી જોરદાર હતી કે હેલ્મેટના પણ ટુકડા થઈ ગયા**

# કઠલાલ-કપડવંજ રોડ પર કન્ટેનરે બાઈકને અડફેટે લેતા હરિયાણાના યુવક-યુવતીનું કરુણ મોત

• નડિયાદ

કઠલાલના લાડવેલથી કપડવંજ જતા માર્ગ પર સિકંદર પોરડા બસ સ્ટેશન પાસે એક અકસ્માત સર્જાયો હતો. પુરપાટ ઝડપે આવી રહેલા એક કન્ટેનરના ચાલકે સામેથી આવી રહેલી બાઈકને જોરદાર ટક્કર મારતા, બાઈક સવાર યુવક અને યુવતીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. મૃતકો હરિયાણાના હોવાનું બહાર આવ્યું છે. મળતી માહિતી મુજબ, પ્રાપ્ત માહિતી અનુસાર કપડવંજ તરફથી આવી રહેલા એક કન્ટેનરના ચાલકે સિકંદર પોરડા બસ સ્ટેન્ડ પાસે બાઈકને પોતાની અડફેટે લીધી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈક સવાર યુવક અને યુવતી રોડ પર રીતે પટકાયા હતા. માથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતા બંનેએ સ્થળ પર જ દમ તોડ્યો હતો. અકસ્માતની તીવ્રતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે બાઈક સવારે સુરક્ષા માટે પહેરેલું હેલ્મેટ પણ ટક્કરને કારણે તૂટીને ટુકડા થઈ ગયું હતું. આ ઉપરાંત બાઈકનો આગળનો ભાગ, હેડલાઈટ, સ્ટિયરિંગ અને વ્હીલની મેગવીલ પ્લેટ પણ ભાંગીને ભૂકો થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકો ઉમટી પડ્યા હતા અને કઠલાલ પોલીસને જાણ કરી હતી. પોલીસે ત્વરિત ઘટનાસ્થળે પહોંચી બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. પ્રાથમિક તપાસમાં મૃતકોની ઓળખ કરવામાં મુશ્કેલી પડી હતી, પરંતુ વધુ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે બંને હરિયાણાના વતની છે. કઠલાલ પોલીસે આ મામલે કન્ટેનર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## રાશીફળ (તા.21-01-2026)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આજે આત્મવિશ્વાસ અને ઊર્જા જળવાઈ રહેશે. કાર્યક્ષેત્રમાં નવા અવસર મળી શકે છે. અટકેલા કામ પૂર્ણ થવાની શક્યતા છે. પરિવારનો સહયોગ મળશે. |
| વૃષભ (બ.વ.ઉ) | ધીરજ અને સમજદારીથી કામ કરો. ધન સંબંધિત બાબતોમાં સાવચેત રહો. મહેનતનું ફળ મળશે. સંબંધોમાં મધુરતા રહેશે. આરોગ્ય સામાન્ય રહેશે। |
| મિથુન (ક.છ.ઘ) | સંવાદ અને સંપર્ક તમારા માટે લાભદાયક રહેશે. નવા લોકો સાથે મુલાકાત થશે. સર્જનાત્મક કાર્યોમાં સફળતા મળશે. પ્રવાસના યોગ બની શકે છે |
| કર્ક (ડ.હ) | ભાવનાત્મક રીતે સંવેદનશીલ રહેશો. પરિવાર સાથે સમય વિતાવવાથી મનને શાંતિ મળશે. કારકિર્દીમાં સ્થિરતા આવશે. અનાવશ્યક ખર્ચથી બચો |
| સિંહ (મ.ટ) | નેતૃત્વ ક્ષમતામાં વધારો થશે. કાર્યક્ષેત્રમાં માન-સન્માન મળશે. આત્મવિશ્વાસ વધશે. પ્રેમ સંબંધોમાં સકારાત્મકતા રહેશે |
| કન્યા (પ.ઠ.ણ) | યોજના બનાવીને કામ કરવાથી સફળતા મળશે. આરોગ્યનું ધ્યાન રાખો. કોઈ અનુભવી વ્યક્તિની સલાહ લાભદાયક રહેશે. અભ્યાસ સાથે જોડાયેલા લોકો માટે સારો દિવસ છે |
| તુલા (ર.ત) | સંતુલન જાળવવાનો દિવસ છે. ભાગીદારીના કામોમાં લાભ થશે. સામાજિક પ્રતિષ્ઠા વધશે. નિર્ણય વિચારપૂર્વક લો |
| વૃશ્ચિક (ન.ય) | આત્મમંથનનો સમય છે. ગુપ્ત યોજનાઓ સફળ થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં સાવચેત રહો. ભાવનાઓ પર નિયંત્રણ રાખો |
| ધન (ભ.ધ.ફ.ઢ) | ભાગ્યનો સાથ મળશે. નવા કામની શરૂઆત માટે શુભ સમય છે. પ્રવાસથી લાભ થશે. પરિવારમાં ખુશહાલી રહેશે |
| મકર (ખ.જ) | જવાબદારીઓ વધી શકે છે, પરંતુ તમે તેને સફળતાપૂર્વક નિભાવશો. કારકિર્દીમાં પ્રગતિના યોગ છે. આરામ પર પણ ધ્યાન આપો |
| કુંભ (ગ.શ.સ.ષ) | નવા વિચારો અને યોજનાઓ સફળ થશે. મિત્રોના સહયોગ મળશે. સામાજિક કાર્યોમાં ભાગીદારી વધશે |
| મીન (દ.ચ.ઝ.થ) | અંતર્દષ્ટિ મજબૂત રહેશે. આધ્યાત્મિક રસ વધશે. સંબંધોમાં વિશ્વાસ જાળવો. માનસિક શાંતિ માટે ધ્યાન લાભદાયક રહેશે |

**ત્રીજી વખત પકડાશે તો તેની લારી કાયમી જપ્ત રહેશે**

# વડોદરા કોર્પોરેશનની સભામાં સ્ટ્રીટ વેન્ડર પોલિસી અમલ કરાવવા મામલે પૂર્વ મેયર અને પૂર્વ વિપક્ષી નેતા વચ્ચે ઉગ્ર ટપાટપી

**નશીલો પદાર્થ વેચતા પકડાશે તો કાયમી લારીનું લાઈસન્સ રદ થશે, ભવિષ્યમાં નવું લાઈસન્સ મળશે નહીં**

વડોદરા

વડોદરા પાલિકાની સામાન્ય સભામાં સ્ટ્રીટ વેન્ડર પોલિસી મંજૂર કરવા મામલે ભાજપ અને કોંગ્રેસના કોર્પોરેટરો વચ્ચે ભારે શાબ્દિક ટપાટપી થઈ હતી. ભારે હોબાળા બાદ સમગ્ર મામલે વોટિંગના આધારે ફેરફાર સાથે દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી.

શહેરમાં ધંધો રોજગાર કરતાં શહેરી ફેરિયાઓને ધંધો કરવા માટે યોગ્ય જગ્યા મળી રહે તે માટે સ્ટ્રીટ વેન્ડર પોલિસીનો પાલિકા અમલ કરવા જઈ રહ્યું છે. એ માટે પાલિકાની મળેલી સામાન્ય સભામાં સ્થાયી સમિતિના ઠરાવને ફેરફાર સાથે મંજૂરી આપવા અંગે દરખાસ્ત રજૂ થઈ હતી. જેમાં પોલીસીમાં ફેરફાર જોગ દરખાસ્ત રજુ કરાઈ હતી. જેમાં કોંગ્રેસે પોતાની પણ અલગથી દરખાસ્ત રજૂ કરી હતી. જે દરખાસ્ત મુજબ પોલીસીમાં જે કમિટી બનાવવામાં આવી છે એમાં પાલિકાના વિરોધ પક્ષના નેતાનો પણ સમાવેશ કરવો. આ અંગે સભામાં અમીબેન રાવત દ્વારા રજૂઆત કરાઈ હતી કે, આ ઈન્ટ્રીમ પોલિસી છે, કોર્પોરેશન સ્ટ્રીટ વેન્ડર પોલીસીના અમલની વાત કરતી હોય તો ગાઈડલાઈન પ્રમાણે તમે જ્યાં સુધી સંપૂર્ણ પોલિસીનો અમલ ના થાય ત્યાં સુધી લારી ઉઠાવી ન શકો.

આ અંગે ધારાસભ્ય અને પૂર્વ મેયર કેયુર રોકડિયાએ જણાવ્યું હતું કે, હાલ જે પોલીસી બનશે તે મંજૂરી અર્થે રાજ્ય સરકારમાં પણ મોકલાશે, ત્યાં સુધી આ પોલીસીનો હંગામી અમલ ચાલુ રખાશે અને તે દરમિયાન ફાઈનલ પોલિસી આવશે ત્યાં સુધી જે ફેરફાર કરવાની જરૂર લાગશે તેમાં ફરી ફેરફાર કરાશે. જેની સામે અમીબેન રાવતે જણાવ્યું હતું કે, હું પોલિસીના અમલની વાત કરું છું, ગાઈડલાઈનનો અમલ કરાવો. જે સામે કેયુર રોકડિયા જવાબ આપ્યો હતો કે, એક તરફ તમારી જ પાર્ટીના કોર્પોરેટર હરીશ પટેલ પોતાના વોર્ડમાંથી નડતરરૂપ રીતે ઉભી રહેતી લારીઓ હટાવવાની વાત કરે છે અને તમે લારીઓ નહીં હટાવવાની વાત કરો છો, આમ એક જ પાર્ટીના બે સભ્યો દ્વારા અલગ અલગ રજૂઆતો થઈ રહી છે, તમારા (કોંગ્રેસ)માં જ આ મામલે એક મત નથી. જેથી હરીશ પટેલે તેમના નિવેદનનો વિરોધ કર્યો હતો. આ અંગે કેયુર રોકડિયા જણાવ્યું હતું કે, તમે નથી ઈચ્છતા કે આ પોલીસીની સમિતિમાં મેયરને પણ સ્થાન આપ્યું નથી પરંતુ તમારી માંગ માત્ર વિરોધ પક્ષના નેતા પૂરતી છે, જે અમને મંજૂર નથી. તેથી આના પર વધારે ચર્ચા કરવાના બદલે વોટીંગના આધારે નિર્ણય લેવો જોઈએ. જેથી મેયર પિન્કીબેન સોનીએ આ અંગે વોટિંગ કરાવતા બહુમતીના જોડે સમગ્ર કામ મંજૂર કરવામાં આવ્યું હતું. સ્ટ્રીટ વેન્ડર પોલિસીમાં નવા નિયમ પ્રમાણે કમિશનના અધ્યક્ષ સ્થાને જે કમિટી બનાવી છે તેમાં હોદ્દા જોગ સ્થાયી સમિતિના અધ્યક્ષ અને ડેપ્યુટી કમિશનર પોલીસ ટ્રાફિકનો સમાવેશ કરવાનો રહેશે અને પ્રત્યેક મહિને ઓછામાં ઓછી એકવાર આ મીટીંગ ફરજિયાત બોલાવવાની રહેશે. લારીની સાઈઝ નક્કી કરવાની રહેશે તથા પોલીસ સર્ટિફિકેટ લેવાનું રહેશે. નોન વેલ્ડીંગ ઝોન નક્કી કરવા બાબતમાં ચારે બાજુના બે અથવા વધુ પ્રસ્તાવના રોડ ક્રોસિંગ/જંકશનથી 100 મીટર સુધી કોઈ પણ ગલ્લા ઉભા રાખી શકાશે નહીં. વેન્ડિંગ નોન વેન્ડિંગ ઝોનમાં ફેરફારની સત્તા પાલિકાની સામાન્ય સભા પાસે રહેશે. કુટુંબ એકમ ફાળવણીમાં નોંધમાં કુટુંબ એટલે કે પતિ-પત્ની અને 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકો ઉપરાંત આશ્રિત માતા-પિતાનો સમાવેશ કરવાનો રહેશે.

નોંધાયેલા વેન્ડરના રજીસ્ટ્રેશન રીન્યુ કરતી વખતે તેઓના આધાર કાર્ડ તથા અન્ય સરકારી કાગળો સાથે ચૂંટણી કાર્ડ પણ ફરજિયાત રજુ કરવાના રહેશે. સ્ટ્રીટ વેન્ડરના નિયમો મુજબ નશાખોરી માટે ઉપયોગમાં લેવાતા ડ્રગ્સ તથા દારૂ સહિત એનડીપીએસ એક્ટ અંતર્ગત આવતા પદાર્થ વેચતા પકડાય તો કાયમી ધોરણે લારી ધારકોનું લાઈસન્સ રદ કરવાનું રહેશે તથા ભવિષ્યમાં તેને કોઈ લાઈસન્સ પણ મળશે નહીં. લારી ગલ્લા માટે ફીના ધોરણમાં જીએસટી અલગ લાગુ પડશે. નિયમ ભંગ બદલ દંડ ધોરણમાં રજીસ્ટર લારી ધારક કે જે વેન્ડિંગ ઝોનમાં નિયત પાડવેલ છે તે જગ્યા કરતાં અન્ય જગ્યાએ અથવા નોન વેડિંગ ઝોનમાં ઉભી રાખતા પકડાશે તો અનરજીસ્ટર લારી ધારક વેન્ડિંગ કે નોન વેલ્ડીંગ ઝોનમાં ગેરકાયદેસર લારી ઉભા રાખતા પહેલીવાર પકડાય તો દંડ લઈ 90 દિવસ બાદ લારી છોડાશે. બીજી વખત પકડાશે તો નિયત દંડ લઈ છોડવામાં આવશે જ્યારે ત્રીજી વખત પકડાશે તો તેની લારી કાયમી જપ્ત રહેશે.

# ડભોઈ-વડોદરા રોડ પર પલાસવાડા ફાટક પાસે ડાઈવર્ઝન પહોળું કરવાની કામગીરી શરૂ

### જાગૃત નાગરિક વિવેક મહેતાની મહેનત રંગ લાવી

• ફકીરા ખત્રી ડભોઈ




ડભોઈ-વડોદરા હાઈવે પર પલાસવાડા પાસે નિર્માણાધીન ઓવરબ્રિજને કારણે આપવામાં આવેલ સાંકડા ડાઈવર્ઝનથી સર્જાતી ટ્રાફિકની સમસ્યા હવે હલ થશે. સ્થાનિક જાગૃત નાગરિક વિવેક મહેતા દ્વારા સતત એક મહિના સુધી કરવામાં આવેલી રજૂઆતો બાદ રેલવે વિભાગે રસ્તો પહોળો કરવાની કામગીરી હાથ ધરી છે, જેનાથી પંથકના લોકોમાં આનંદની લહેર ફેલાઈ છે. ડભોઈ તાલુકાના પલાસવાડા ખાતે રેલવે ઓવરબ્રિજની કામગીરી ચાલતી હોવાથી રેલવે વિભાગ દ્વારા વાહનવ્યવહાર માટે ડાઈવર્ઝન આપવામાં આવ્યું હતું. જોકે, આ રસ્તો અત્યંત સાંકડો હોવાને કારણે: રોજિંદા ધોરણે કલાકો સુધી ટ્રાફિકજામની સ્થિતિ સર્જાતી હતી. ખાસ કરીને એમ્બ્યુલન્સ અને ગંભીર દર્દીઓને વડોદરા સારવાર માટે લઈ જવામાં ભારે હાલાકી ભોગવવી પડતી હતી.સ્થાનિક મુસાફરો અને વાહનચાલકોનો કિંમતી સમય બગડતો હતો. વિવેક મહેતા અને ધારાસભ્યની સક્રિયતા આ ગંભીર પ્રશ્નને ધ્યાને લઈ ડભોઈ વિવેક મહેતાએ છેલ્લા એક મ હિનાથી મક્કમ લડત આદરી હ તી. તેમણે વિષયની ગંભીરતા સ મજીને:ઉચ્ચસ્તરીય રજૂઆત: પ્રધાનમંત્રી, રેલવે મંત્રી, મુખ્યમંત્રી અને જિલ્લા કલેક્ટરને લેખિતમાં પત્ર પાઠવી તાત્કાલિક નિરાકરણ લાવવા માંગ કરી હતી.તંત્રને જગાડ્યું: અલગ-અલગ વિભાગોના અધિકારીઓ સાથે સતત સંકલન સાધી રસ્તાની વાસ્તવિક સ્થિતિથી અવગત કર્યા હતા.આ બાબતે ડભોઈના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતાએ પણ સંકલન બેઠકમાં રેલવે વિભાગ સમક્ષ આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, 'જો કામ ચાર વર્ષ ચાલવાનું હોય તો જનતા આટલો લાંબો સમય હેરાન ન થવી જોઈએ.' તેમણે પણ સત્વરે નિકાલ લાવવા ભાર મૂક્યો હતો.પરિણામ: કામગીરીનો પ્રારંભતંત્ર દ્વારા આ રજૂઆતોને ગંભીરતાથી લેવામાં આવી અને ગતરોજથી રેલવે વિભાગ દ્વારા ડાઈવર્ઝન રસ્તાને બંને તરફથી પહોળો કરવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. લોકોમાં ખુશીનો માહોલ રસ્તો પ હોળો થવાની શરૂઆત થતાં જ પંથકના લોકોએ રાહતનો શ્વાસ લીધો છે . ગ્રામજનો અને વાહનચાલકોએ વિવેક મહેતાની આ લોકહિતની કા મગીરીને બિરદાવી તેમને અભિનંદન અને આભાર પાઠવ્યા છે. એક જાગૃત નાગરિક જો ધારે તો તંત્ર પાસે લોકઉપયોગી કામ કરાવી શકે છે તેનું આ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

**સુવિધા** જમીન સંપાદનની પ્રક્રિયા હવે તંત્રે તે જ કરી દીધી છે

# ૭૧ કિ.મીનો રોડ ફરતીકુઈથી નવીન ડભોઈ બાયપાસ થઈ સીધો સીતપુર પાટિયા નીકળશે

### વડોદરાથી SOU માત્ર ૪૫ મિનિટમાં પહોંચી જવાશે

• ફકીરા ખત્રી ડભોઈ




વડોદરાથી ડભોઇ સિક્સલેન, જ્યારે ડભોઈથી SOU સુધી ફોરલેન રોડ બનશે : જિલ્લામાંથી ૧૫૦ હેક્ટર જમીન સંપાદિત કરાશે દર્ભાવતી (ડભોઈ) નગરી હવે બાયપાસ થવા આગળ ધપી રહી છે.વડોદરાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે ૭૧ કિમીનો એક નવીન રોડ બનવા જઈ રહ્યો છે.જેમાં વડોદરાથી ડભોઈ સિક્સ લેન માર્ગ થશે.ત્યારે ડભોઈથી એસઓયુનો માર્ગ ફોર લેન બનશે. આ પ્રોજેક્ટની પ્રાથમિક કામગીરી એટલે કે, જમીન સંપાદનની પ્રક્રિયા હવે તંત્રે તે જ કરી દીધી છે. જેમાં નવીન માર્ગ માટે ૧૫૦ હેક્ટર વડોદરા જિલ્લાની જમીન સંપાદન કરાશે. આ માર્ગ તૈયાર થાય તો, વડોદરાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી માત્ર ૪૫ મિનિટમાં પહોંચી જવાશે વડોદરાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે એક નવીન માર્ગ તૈયાર કરવાનો તખ્તો રાજ્ય સરકાર .દ્વારા તૈયાર કરી દેવાયો છે. આ અંગે ડભોઈ ખાતે પીડબલ્યુડી સ્ટેટના નાયબ કાર્યપાલક ઈજનેર એ. ડી. જોશીને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે, આ નવીન માર્ગ બનવાનો તખ્તો તૈયાર થઈ ચૂક્યો છે. જેમાં આ કામની પ્રાથમિક કામગીરીમાં ઝડપથી જમીન સંપાદનની પ્રક્રિયા હાથ ધરવાના માટેની મંજૂરી હાલ સરકાર દ્વારા આપી દેવાઈ છે.જેમાં વડોદરાથી બુજેઠા સુધીની જિલ્લાની ૧૫૦ હેક્ટર જમીન સંપાદન કરવાના શ્રી ગણેશ થઈ ચૂક્યા છે. જમીન સંપાદન થયેથી તબક્કાવાર ટેન્ડર પ્રક્રિયા મંજૂરી વગેરે પ્રક્રિયા શરૂ થશે.વધુમાં તેમણે જણાવ્યું હતું કે,વડોદરાથી માત્ર ૭૧ kmમાં જ સ્ટેચ્યુ ઓફ યુનિટી માત્ર ૪૫ મિનિટમાં પહોંચી જવાશે.આ કામમાં વડોદરાથી ડભોઈનો માર્ગ સિક્સ લેન બનશે. જ્યારે ડભોઈ થી સ્ટેચ્યુ ઓફ યુનિટીનો માર્ગ ફોર લેન બનશે. હાલના રનિંગ માર્ગ પર આવેલા તમામ ગામો પૈકી કેલનપુર, ડભોઈ અને તિલકવાડા આ નવીન માર્ગ બનવાથી બિલકુલ બાયપાસ થઈ જશે. વાત કરીએ ડભોઈની તો ડભોઈથી પાંચ કિલોમીટરના અંતરે આવેલા ફરતીકુઈથી નવીન ડભોઈ બાયપાસ શરૂ થઈ સીધો સીતપુર પાટિયા નીકળશે. જેથી દર્ભાવતી (ડભોઈ) ચારથી પાંચ કિલોમીટર દૂર આ નવીન માર્ગથી થઈ જશે. જોકે આ સંપૂર્ણ પ્રોજેક્ટ માટે સરકાર દ્વારા ૩૮૦ કરોડ ફાળવી દેવાયા છે. ડભોઈ વડોદરા માર્ગ બનશે એ પણ વાત સારી છે. પરંતુ ડભોઈને દર્ભાવતીને આ બાયપાસનો શું લાભ મળશે તે વિચારવાનું રહ્યું. SOU ડભોઈ માટે આશીર્વાદ કે અભિશાપSOU ડભોઈ માટે અભિશાપરૂપ છે કે, આશીર્વાદરૂપ એ કાંઈ સમજાતું નથી. વર્ષો જુનો ડભોઈ વાયા વેગા થઈને આવતો રાજ્ય માર્ગ ડભોઈમાંથી પસાર થઈ નાંદોદી ભાગોળ આગળ ધપી તિલકવાડા અને SOU જાય છે. પરંતુ SOUના કારણે હવે આ માર્ગ ૬ લેન તો થશે પરંતુ ફરથી કોઈથી સીધો સિધ્ધપુર પાટિયા નીકળનાર હોય ડભોઈ સંપૂર્ણપણે બાયપાસ તો આ માર્ગનો લાભ ડભોઈ નગરને શું? વધુમાં SOUના કારણે લાંબા રૂટની ટ્રેનોનો લાભ ડભોઈને મળતો નથી.હાઈવે પહોળો કરવા હજારો વૃક્ષોનું નિકંદનવડોદરાથી SOU જતા માર્ગ પર મોટા ઘેરાવાના પરિપક્વ ૧૨૦૦૦થી વધુ વૃક્ષો હાઈવે પહોળો કરી ફોરલેન કરવા અગાઉ કાપી નખાયા છે. જેની સામે એકપણ વૃક્ષ ઉગાડાયું નથી. ત્યાંતો ફરી ટ્રાફિક મુક્તિ, હાઈસ્પીડ કનેક્ટિવિટીની કામગીરીની આડમાં હજારો વૃક્ષોનું નિકંદન કઢાશે. એ નક્કી છે ત્યારે વિકાસની આડમાં પર્યાવરણને બેધ્યાન કરાઈ રહ્યું છે. જે પર્યાવરણવિદો માટે ચિંતાનો વિષય છે.

### વડોદરા (તાંદલજા)ની ટીમ ચેમ્પિયન બની હતી

# ડભોઈના કુકડ ગામે ડભોઈ ખત્રી સમાજ દ્વારા ભવ્ય ipl ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

**ઉત્સાહ** મોટી સંખ્યામાં રમતપ્રેમી યુવાનો અને વડીલો ઉમટી પડ્યા હતા

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈના કુકડ ગામે ડભોઈ ખત્રી સમાજદ્વારા ભવ્ય ipl ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતીં વડોદરા (તાંદલજા)ની ટીમ ચેમ્પિયન બની હતી ડભોઈ તાલુકાના કુકડ ગામ ખાતે ગત રોજ ડભોઈ ખત્રી સમાજ દ્વારા આયોજિત ત્રિ-દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટનો ipl કાર્યક્રમ યોજાયો હતો. સમાજના યુવાનોમાં રમતગમત પ્રત્યે ઉત્સાહ વધે વ્યસન મુક્ત બને ભાઈચારો દ્રઢ બને તેવા હેતુ સાથે યોજાયેલી આ ટુર્નામેન્ટમાં વિવિધ જિલ્લાઓમાંથી ટીમોએ ભાગ લીધો હતો. આઠ ટીમો વચ્ચે જામ્યો જંગ આ ટુર્નામેન્ટમાં કુલ 8 અલગ-અ લગ ટીમો મેદાને ઉતરી હતી, જેમાં ડભોઈવડોદરા બોડેલી રુસ્તમપુરા વા ગરા ભરૂચ આમોદ જેવી ટીમો વચ્ચે રસાકસીભર્યા મુકાબલા ખેલાયા હતા. ફાઈનલ મે ચમાં વડોદરા (તાંદલજા) અને રુ સ્ત મપુરાની ટીમો આમને-સામને ટકરાઈ હતી વડોદરાની ટીમ વિજેતા બ ની ફાઈનલના રસાકસીભર્યા જંગ માં વડોદરાની ટીમે શાનદાર પ્ર દર્શન કરી રુસ્તમપુરાને પરાજય આપી ટુર્નામેન્ટની ટ્રોફી પોતાના નામે કરી હતી. વિજેતા ટીમને દ્વારકા સીટી ના આયોજકો દ્વારા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી, જ્યારે રનર્સ-અપ (રુસ્તમપુરા) ટીમને ડભોઈ ખત્રી સમાજના હોદ્દેદારોના હસ્તે પ્રોત્સાહિત કરી ટ્રોફી આપવામાં આવી હતી.સન્માનનીય મહેમાનોની ઉપસ્થિતિ આ પ્રસંગે



ખત્રી સમાજના અગ્રણીઓ અને મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમાં મુખ્યત્વે: ફિરોજભાઈ ખત્રી ( રિટાયર્ડ RFO, વડોદરા) ખત્રી ફકીર સુલતાનજી (પ્રમુખ, ડભોઈ ખત્રી સમાજ) ડો. હનીફભાઈ ખત્રી (સુખી હોસ્પિટલ) ફિરોજભાઈ ખત્રી (લાઈનિંગ વાળા) ખત્રી બિલાલભાઈ (ગજીવાલા) ખત્રી સોયબભાઈ ( વા ઘપુરા વાળા) ખત્રી હારુનભાઈ રંગવાલા ખત્રી ઈબ્રાહીમભાઈ ડાવર ખત્રી હ સ નભાઈ (ભાગોળ વાળા) આ પંસગે ઉપસ્થિત રહ્યા હતાં ટુર્નામેન્ટના ફાઈનલ મુકાબલાને નિ હા ળવા માટે આસપાસના ગા મોમાંથી મોટી સંખ્યામાં રમતપ્રેમી યુવાનો અને વડીલો ઉમટી પડ્યા હતા.

# આમોદ : દાંડા ગામના આશાસ્પદ યુવાનની મિત્રોએ જમવા બાબતે મારામારી કરી હત્યા

### ચાર મિત્રોએ મારામારી કરી એક આશાસ્પદ યુવાનનું મોત નીપજાવ્યું

• સૈફ અલી ભટ્ટી વાગરા



આમોદ તાલુકાના દાંડા ગામે જમવા જેવી સામાન્ય બાબતે થયેલા ઝઘડામાં ચાર મિત્રોએ મારામારી કરી એક આશાસ્પદ યુવાનનું મોત નિપજાવ્યાની ગંભીર ઘટના સામે આવી છે. પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યાનો ભેદ ઉકેલી ચારેય આરોપીઓને ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. પ્રાપ્ત માહિતી મુજબ દાંડા ગામે રહેતા વિષ્ણુભાઈ પ્રવીણ વસાવા (૩.વ.) તેમના ચાર મિત્રો રાહુલ ઉર્ફે મેહુલ પ્રવીણ વસાવા, ભૂમિત અરવિંદ વસાવા, અલ્પેશ ચંદુ વસાવા અને કનુ ચંદુ વસાવા સાથે ૧૪ તથા ૧૫ જાન્યુઆરીના રોજ જમવા બાબતે વિવાદમાં પડ્યા હતા. આ દરમિયાન માતર ગામે સિગ્મા કોલેજ સામે હાઈવે, એક્સપ્રેસ હાઈવેના બ્રિજ નજીક સાપા ગામ તરફ તેમજ ઓછણ ગામ તરફ અલગ-અલગ સ્થળોએ વિષ્ણુ વસાવા સાથે ઝઘડો કરી તેમને નાની-મોટી ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. આરોપીઓએ માથાની જમણી બાજુ કોઈ વસ્તુથી માર મારતા વિષ્ણુ વસાવા બેભાન થઈ ગયા હતા. બાદમાં આરોપીઓએ મૃતકના પિતાની ગેરહાજરીમાં તેમને બેભાન હાલતમાં દાંડા ગામે તેમના ઘરે મૂકી ફરાર થઈ ગયા હતા. ૧૫ જાન્યુઆરીના રોજ મૃતકના પિતા પ્રવીણ અમરસંગ વસાવા હલદરવા ગામેથી ઘરે પરત ફરતા પોતાના પુત્રને બેભાન અવસ્થામાં જોઈ આસપાસના લોકોની મદદથી સૌપ્રથમ આમોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર અને ત્યારબાદ ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડ્યા હતા, જ્યાં ૧૭ જાન્યુઆરીના રોજ વહેલી સવારે હાજર તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃત્યુ અંગે શંકા જતા મૃતકના પિતાએ આમોદ પોલીસને જાણ કરી હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી મૃતદેહને ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે પેનલ પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો હતો. ૧૮ જાન્યુઆરીના રોજ મળેલા પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં માથામાં ગંભીર ઈજાના કારણે મોત થયાનું સ્પષ્ટ થતાં પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી ચારેય આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસ દ્વારા આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રક્શન પણ કરવામાં આવ્યું હતું.પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# શાકમાર્કેટમાં કેરલા એગમાર્કની દુકાનમાંથી તસ્કરો દોઢ લાખથી વધુની રોકડ ચોરી ફરાર

### ગાંધીનગરના સેક્ટર-21ના શાકમાર્કેટ વિસ્તારમાં ભરબજારમાં ચોરીની ઘટના

• ગાંધીનગર

ગાંધીનગરના સૌથી વ્યસ્ત ગણાતા સેક્ટર-21ના શાકમાર્કેટ વિસ્તારમાં તસ્કરોએ જાણે પોલીસનો ભય રહ્યો ન હોય તેમ ભરબજારમાં ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. માર્કેટમાં આવેલ કેરલા એગમાર્ક નામની દુકાનના ડ્રોઅરમાંથી તસ્કરો રૂ. 1.62 લાખની રોકડ ચોરી કરી આસાનીથી પલાયન થઈ જતા બજારની સુરક્ષા સામે સવાલો ઉભા થયા છે. આ અંગે સેકટર 21 પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગરના સેક્ટર-21 શાકમાર્કેટમાં હંમેશા લોકોની અવરજવર રહેતી હોય છે, તેમ છતાં તસ્કરોએ આ વિસ્તારમાં હાથફેરો કરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. કેરલા એગમાર્ક નામની દુકાન માલિક રીયાઝબાબુ સૈયદ અલ્વી ગત ત્રીજી જાન્યુઆરી પરિવાર સાથે વતન કેરલા ગયા હતા. તેમની ગેરહાજરીમાં દુકાનનો વહીવટ કર્મચારી ચંદ્રકુમાર પરિયાણી સંભાળી રહ્યો હતો. ત્યારે ગત 15મીએ તેણે ઈંડાની ગાડી આવતા નાણાં ચૂકવવા માટે દુકાનનું ડ્રોઅર ખોલ્યું હતું. ત્યારે તેમાં મૂકેલા વકરાના 1,62,000રૂપિયા ગાયબ જણાતા તેના હોશ ઉડી ગયા હતા. ભીડભાડ વાળા વિસ્તારમાં આટલી મોટી રકમની ચોરી અંગે તેણે તુરંત જ માલિક રિયાઝબાબુને આ અંગે ફોન પર જાણ કરી હતી. બાદમાં આસપાસના લોકો અને કામ કરતા માણસોની પૂછપરછ છતાં કોઈ કડી મળી ન હતી. આખરે રિયાઝબાબુએ 21 પોલીસમથકમાં અજાણ્યા તસ્કર વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધીને બજારના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસવાની કાર્યવાહી શરૂ કરી છે.

# 22 જાન્યુઆરીએ રાજ્ય સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ : નાગરિકો પોતાની ફરિયાદ CMને કરી શકશે


• અમદાવાદ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દર મહિને યોજાતો રાજ્ય સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ 22 જાન્યુઆરીએ યોજાશે. રાજ્યના નાગરિકોને પોતાની રજૂઆતો અને ફરિયાદો સીધી રીતે સરકાર સુધી પહોંચાડવાનો આ મહત્વપૂર્ણ મંચ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી 2003માં શરૂ કરાયેલ રાજ્ય સ્વાગત કાર્યક્રમ અંતર્ગત દર મહિનાના ચોથા ગુરુવારે નાગરિકોની ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવે છે. આ કાર્યક્રમ દ્વારા લાખો નાગરિકોને ન્યાય અને રાહત મળી છે. જાન્યુઆરી, 2026ના રાજ્ય સ્વાગત માટે નાગરિકો ગુરુવાર, 22 જાન્યુઆરીના રોજ સવારે 8.00થી 11.00 કલાક દરમિયાન ગાંધીનગર, સ્વર્ણિમ સંકુલ-2 ખાતે આવેલા મુખ્યમંત્રીના જનસંપર્ક એકમમાં રૂબરૂ રજૂઆતો કરી શકશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગુરુવારે બપોર બાદ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહી નાગરિકોની રજૂઆતો સાંભળશે અને તાત્કાલિક નિવારણ માટે અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપશે.

### GPSCની પરીક્ષાઓના કોલલેટરની તારીખો જાહેર

# જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં યોજાનારી સાત ભરતીની હોલ ટિકિટ ઉમેદવારો ડાઉનલોડ કરી શકશે

• અમદાવાદ



ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં યોજાનારી વિવિધ ભરતી પ્રક્રિયાઓની પ્રાથમિક તેમજ મુખ્ય પરીક્ષાઓ માટે કોલલેટર (હોલ ટિકિટ) ડાઉનલોડ કરવાની તારીખ અંગે મહત્ત્વપૂર્ણ જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. આયોગ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ સંબંધિત પરીક્ષાઓના કોલલેટર પરીક્ષા પૂર્વે નક્કી કરેલી તારીખે માત્ર ઓનલાઈન માધ્યમથી ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉમેદવારોને GPSCની અધિકૃત વેબસાઈટ પરથી પોતાનો કન્ફર્મેશન નંબર તથા જન્મતારીખ દાખલ કરીને કોલલેટર ડાઉનલોડ કરવા સૂચના આપવામાં આવી છે. આયોગે સ્પષ્ટતા કરી છે કે કોઈપણ ઉમેદવારને પોસ્ટ કે અન્ય માધ્યમથી કોલલેટર મોકલવામાં નહીં આવે. પરીક્ષા કેન્દ્ર, તારીખ, સમય અને જરૂરી સૂચનાઓ કોલલેટરમાં જ દર્શાવવામાં આવશે. ઉમેદવારોને સમયસર કોલલેટર ડાઉનલોડ કરીને તેની તમામ વિગતો ચકાસી લેવા અને પરીક્ષા દિવસે અનિવાર્ય રીતે સાથે લાવવા અનુરોધ કરવામાં આવ્યો છે, સાથે જ GPSC દ્વારા ઉમેદવારોને આયોગની વેબસાઈટ નિયમિત રીતે ચેક કરતા રહેવા તથા તમામ સૂચનાઓનું કડક પાલન કરવા જણાવ્યું છે. ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા વર્ષ 2026 દરમિયાન યોજાનારી વિવિધ ક્લાસ-1 અને ક્લાસ-2 સંવર્ગની પ્રાથમિક પરીક્ષાઓની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. લાંબા સમયથી તારીખોની રાહ જોઈ રહેલા ઉમેદવારો માટે આ જાહેરાતને મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. GPSC દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, કુલ 18 જેટલા અલગ-અલગ સંવર્ગોની પ્રીલિમ પરીક્ષા ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ, 2026 દરમિયાન તબક્કાવાર યોજાશે. આ પરીક્ષાઓમાં વહીવટી, ટેક્નિકલ તેમજ શિક્ષણ અને વિશેષ સેવાઓનાં પદોનો સમાવેશ થાય છે. તારીખો જાહેર થતાં જ પરીક્ષાની તૈયારીમાં લાગેલા ઉમેદવારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

54 શ્રી હરિપ્રસાદ યાદવરાય બોબડેને શ્રીમતી સરસ્વતીબેન જયંતિલાલ ભટ્ટ સંસ્કૃત વિદ્વાન-૨૦૨૬ પુરસ્કાર એનાયત

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો ૧૮મો પદવીદાન સમારોહ યોજાયો

## ગણેશ હેગડેને 'શોધવિભૂષણમ્' શ્રેષ્ઠ પીએચ.ડી. મહાશોધપ્રબંધ પુરસ્કાર-૨૦૨૬ અને સ્વ. મણીશંકર જીવણરામ પંડ્યા પુરસ્કાર રાશિ એનાયત

• દિપક જોષી દ્વારા

ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય મથક વેરાવળ સ્થિત સંસ્કૃત યુનિવર્સિટીના કુલાધિપતિ અને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો ૧૮મો પદવીદાન સમારોહ રાજેન્દ્રભુવન રોડ પર આવેલા યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજાયો હતો. આધુનિક પેઢીમાં છેલ્લા ૨૦ વર્ષથી ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત અને સંસ્કારોનું સિંચન કરી રહેલી ગુજરાતની એકમાત્ર સંસ્કૃત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સંબોધન કરતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વ જ્યારે ભોગવાદ અને ભોગ માટે ઉપલબ્ધ વસ્તુઓના સંશોધનમાં પડેલો છે. ત્યારે ભારતીય આધ્યાત્મ અને જ્ઞાને આત્મા અને તેના દ્વારા ઈશ્વરની પ્રાપ્તિનો માર્ગ વર્ષો પહેલા બતાવ્યો હતો. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, આપણે જે ઈતિહાસ ભણીએ છીએ એ બહારના લોકોએ લખેલો છે. આપણા ઋષિમુનિઓએ ભારતના પ્રાચીન મૂલ્યો અને સંસ્કૃતિનું જે રીતે વર્ણન કરેલું છે તેને જીવનમાં ઉતારવાની આજે નિતાંત આવશ્યકતા છે.આપણા ઈતિહાસને તોડી-મરોડીને રજૂ કરવામાં આવ્યો હતો. જેના પરિણામે આજે માતાપિતા પોતાના સંતાનો વિદેશમાં અભ્યાસ કરે તે માટે ગર્વ લે છે પરંતુ એક સમય એવો હતો કે જ્યારે વિશ્વના લોકો ભારતમાં જ્ઞાનપ્રાપ્ત કરવા માટે આવતા હતાં. જે ભારતની તે સમયની શ્રેષ્ઠતાને દર્શાવે છે.આ જ કારણ છે કે, તે સમયમાં ભારતને વિશ્વગુરુ કહેવામાં આવતું હતું. ભારત પુરાતનકાળમાં ૨૨ પ્રકારની વિદ્યાઓમાં પારંગત હતું. મહર્ષિ ચરક, સુશ્રુત સહિતના ઋષિમુનીઓએ અનેક પ્રકારના સંશોધન કરીને જે જ્ઞાન અર્જિત કર્યું હતું તેને આજે આધુનિક વિજ્ઞાન સ્પર્શી પણ શક્યું નથી.ભારતનું




આ જ્ઞાન વેદ-ઉપનિષદની વિદ્યાથી પ્રાપ્ત થયું છે. ઋષિમુનીઓએ પર્વતો અને કંદરાઓમાં બેસીને જ્ઞાનના દોહનથી મેળવેલી વિદ્યા એ ઈશ્વરીય જ્ઞાન સમાન છે.આ જ્ઞાન સંસ્કૃત ભાષા દ્વારા નીપજ્યું છે.તેમણે જણાવ્યું કે, આપણા વેદ-ઉપનિષદમાંથી ઉત્તમ જીવનદર્શન પ્રાપ્ત થાય છે. તેવું ક્યાંય નથી. ભોગવાદ એ સાધન છે, સાધ્ય નથી, એ રસ્તો છે, પરંતુ મંજીલ નથી. એ સીડી છે, પરંતુ ઉદ્દેશ્ય પ્રાપ્તિ નથી. તેવું જ્ઞાન ભારતે પોતાના જ્ઞાન વારસાથી વિશ્વને દર્શાવ્યું છે. વિશ્વએ માત્ર ભૌતિકવાદ શીખવ્યો જ્યારે ભારતે આધ્યાત્મવાદ તરફનું ચિંતન શીખવ્યું છે.સંસ્કૃતના જ્ઞાનની વહેંચણીથી પુણ્ય મેળવી શકાય છે. તેમ જણાવી તેમણે કહ્યું કે, ભારત એ ઈંટ-પત્થરનો દેશ નથી પરંતુ, આધ્યાત્મ, ચિંતન અને એક વિચારનો દેશ છે. જેનું જ્ઞાન વેદથી લઈને શાસ્ત્રની અંદર સમાવિષ્ટ છે. આ તારૂં છે, આ મારૂં છે, એ ભોગવાદની વિચારસરણી છે. જ્યારે ભારતે 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના દ્વારા સમગ્ર વિશ્વ મારો પરિવાર છે અને હું વિશ્વનો છું, એવી ભાવના જગતને આપી છે. 'સર્વે ભવન્તુ સુખિનઃ' એટલે કે સમગ્ર જગતનું કલ્યાણ થાય, સમગ્ર વિશ્વ નિરોગી રહે અને કોઈ વિશ્વમાં દુઃખિયારૂ ન રહે એવી સર્વકલ્યાણની આપણી ભાવના છે. આવું ચિંતન માત્ર ભારતના પુરાતન જ્ઞાનમાં જ પ્રાપ્ય છે.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી વિકાસ સાથે વિરાસતને બચાવવાની પણ કામગીરી કરી રહ્યા છે તેમ જણાવી વડાપ્રધાનશ્રીએ જે-તે વખતે સંસ્કૃત યુનિવર્સિટીની વેરાવળ ખાતે સ્થાપના કરી ભારતના પ્રબળ આધ્યાત્મવાદને પ્રેરક બનાવવા માટેની પહેલ કરી હતી. મહાત્મા ગાંધીજી કહેતા હતાં કે - હું મારી જાતને દુર્ભાગ્યશાળી માનું છું. કારણ કે, હું સંસ્કૃત જાણતો નથી. આજે પદવી મેળવનારા તમામ લોકો સંસ્કૃતમાં શ્રદ્ધા રાખે અને તેનું અધ્યયન કરે અને મેળવેલા જ્ઞાનને સમાજમાં પ્રસારિત કરીને દીપકની જેમ સળગીને સમાજને પથ પ્રકાશિત કરજો તેનાથી મોટું કોઈ પુણ્યનું કાર્ય નથી, તેમ તેમણે જણાવ્યું હતું.આજે જે રિસર્ચ શબ્દ પ્રચલિત છે, એ શબ્દ પણ ઋષિ શબ્દનો અપભ્રંશ શબ્દ છે. ભારતના એક-એક ઋષિ રિસર્ચ સ્કોલર હતાં. મિમાંસા, ન્યાયીક શાસ્ત્રનું આટલું બધું રિસર્ચ તેના વગર શક્ય નથી. આ બધા શાસ્ત્રોમાં જ્ઞાનનો અપાર ભંડાર રહેલો છે. ધર્મ, અર્થ, કામ કરીને મોક્ષની પ્રાપ્તિ કરવી એવું આધ્યાત્મદર્શન ભારતે વિશ્વને કરાવ્યું છે. આજની વિદ્યામાં શરીર દેખાય છે, પરંતુ એમા રહેલાં આત્માનું જ્ઞાન તેમાં નથી. ભારતીય ઋષિ-મુનીઓએ આત્માથી પરમાત્મા સુધી જવાનો માર્ગ પોતાના સંશોધનરૂપી ચિંતન-મનન થી દર્શાવ્યો છે.આ તમામ જ્ઞાન સંસ્કૃત ભાષામાં નિહિત છે. ત્યારે, જો ભાષા જ સમાપ્ત થઈ જશે, તો આ ગ્રંથને વાંચશે કોણ? સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ભારતીય પરંપરાના આ જ્ઞાનને પુનઃજીવીત કરી સમાજ સુધી લઈ જવાનું અનન્ય કાર્ય કરી રહી છે, આ માટે યુનિવર્સિટી અને અધ્યાપકોશ્રીને તેમણે અભિનંદન પાઠવ્યાં હતાં.સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો.સુકાન્તકુમાર સેનાપતિએ યુનિવર્સિટીની સિદ્ધિઓ વર્ણવતા જણાવ્યું હતું કે, સંસ્કૃત યુનિવર્સિટીમાં વિકસિત ભારતના નિર્માણ માટે પાયાના પથ્થર સાબિત થાય એ રીતે વિદ્યાર્થીઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, વેરાવળના નગરજનો પણ સંસ્કૃત બોલતા થાય એ દિશામાં 'સંસ્કૃત સંભાષણ વર્ગો'ના માધ્યમથી નિરંતર પ્રચાર-પ્રસારનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. યુનિવર્સિટીમાં ગુણોત્કર્ષના માધ્યમથી વિદ્યાર્થીઓનો વિકાસ, શાસ્ત્રનું શિક્ષણ અને પ્રશિક્ષણ, રમતગમત સહિતની બહુઆયામી ઈત્તરપ્રવૃત્તિઓ થકી વિદ્યાર્થીઓનું કૌશલ્ય વિકસે એ દિશામાં કાર્ય થઈ રહ્યું છે.

બજરંગ દળના કાર્યકરોએ પોલીસને પણ ગાડીમાં બેસાડી રવાના કરી દીધા!

# અમદાવાદમાં બજરંગ દળની જાહેરમાં મારામારી, પોલીસને પણ રવાના કરી દીધી

શંકા-કુશંકા | યુવકો છોકરીની રેકી કરતા હોવાની શંકા કરી ગડદાપાટુનો માર માર્યો



• અમદાવાદ

અમદાવાદના વિરાટનગર બ્રિજ નીચે લઘુમતી સમાજના બે યુવક ગેરેજમાંથી બાઈક લેવા માટે આવ્યા હતા. આ દરમિયાન બજરંગ દળના કાર્યકરોએ આ યુવકો છોકરીની રેકી કરતા હોવાની શંકા કરી ગડદાપાટુનો માર માર્યો હતો, જેમાં એક વ્યક્તિનું ટી-શર્ટ પણ નીકળી ગયું હતું. તો સામે બન્ને યુવકે પણ કેટલાક કાર્યકરો સાથે મારામારી કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઘટના અંગેની જાણ થતાં પોલીસ પહોંચતા બજરંગ દળના કાર્યકરોએ પોલીસ કર્મચારીને ગાડીમાં બેસાડી ત્યાંથી રવાના કરી દીધા હતા. બનાવ બનતા રસ્તા પર ભારે ટ્રાફિકજામ થયો હતો. નિકોલ પોલીસે બંને પક્ષે સામ સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. ગોમતીપુરમાં રહેતો 23 વર્ષીય આયમઅલી શેખ એમબીબીએસનો અભ્યાસ કરે છે. 19 જાન્યુઆરીના બપોરના સમયે તે એક્ટિવા લઈને તેના મિત્ર નદીમ અંસારી સાથે વિરાટનગર બ્રિજના છેડે આવેલા ગેરેજ ખાતે ગયો હતો. જોકે, ગેરેજ બંધ હોવાથી થોડીવાર રાહ જોઈને તે વિરાટનગર બ્રિજની નીચે બેઠો હતો. આ સમયે બજરંગ દળના સાતથી આઠ કાર્યકરો આવ્યા હતા, જેમણે અહીંયા કેમ બેઠો છે? તેમ જણાવી બંનેના ફોન ચેક કર્યા હતા. બાદમાં બંનેને ગડદાપાટુનો માર માર્યો હતો, જેથી બંને ત્યાંથી ભાગી ગયા હતા અને 112 નંબર પર ફોન કરતા પોલીસની ગાડી પણ આવી હતી. બંને જ્યારે પોલીસને જે જગ્યાએ મારામારી થઈ તે બતાવતા હતા, ત્યારે બે-ત્રણ યુવકે તેમને પકડીને ગાળો આપી હતી અને મારામારી કરી હતી. આ અંગે આયમ અલીએ બાબા ગોસ્વામી, જીતુ ચૌહાણ, વિશાલ રાજપૂત, રવિન્દ્ર રાજપુત, સાહિલ ભદોરીયા અને અન્ય ત્રણ વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આયમ અલી સાથે જ્યારે મારામારી થઈ હતી, ત્યારે આયમ અલી અને તેના મિત્રએ પણ બજરંગ દળના કાર્યકરોને માર્યા હતા. આ અંગે બજરંગ દળના કાર્યકરોએ આયમ અને તેના મિત્ર વિરુદ્ધમાં નિકોલ પોલીસ સ્ટેશનમાં મારામારીની ફરિયાદ નોંધાવી છે. નિકોલ પોલીસે બંને પક્ષે સામ સામે ફરિયાદ નોંધાવી તપાસ શરૂ કરી છે. પોલીસે કેટલાક આરોપીઓને રાઉન્ડ અપ પણ કરી લીધા છે. સમગ્ર બનાવ દરમિયાન પોલીસ સ્થળ પર પહોંચી ત્યારે બજરંગ દળના કાર્યકરોએ પોલીસ પણ ગાડીમાં બેસાડી રવાના કરી દીધા હતા.

કાર્યકરોએ રસ્તા પર બેસી બસ રોકીને બેસી ગયા હતા. બનાવ બનતા ભારે ટ્રાફિકજામ થયો હતો અને લોકોના ટોળા પણ ભેગા થયા હતા. ઝોન 5 ડીસીપી જીતેન્દ્ર અગ્રવાલે જણાવ્યું હતું કે, બનાવ બનતા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધી આરોપીની અટકાયત કરી છે.

# અમદાવાદમાં 21 ગુનામાં સંડોવાયેલો કુખ્યાત આરોપી અઝહર ઝડપાયો

ગુજસીટોકના કેસમાં દોઢ વર્ષથી હતો ફરાર

• અમદાવાદ

અમદાવાદનો કુખ્યાત અને છેલ્લા ઘણાં સમયથી પોલીસથી ભાગતો ફરતો આરોપી અઝહરની ધરપકડ કરવામાં આવી છે. વેજલપુર પોલીસ અને ઝોન-7 પોલીસની ટીમે બાતમીના આધારે કાર્યવાહી કરીને જુહાપુરા-વેજલપુર વિસ્તારમાંથી રીઢા ગુનેગારને ઝડપી પાડ્યો છે. પોલીસ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીમાં આરોપી પાસેથી એક વાહન, રોકડ રકમ તેમજ વિદેશી ચલણી નોટો કબજે કરવામાં આવી છે. આરોપી અઝહરનો ગુનાહિત ઈતિહાસ અત્યંત ચોંકાવનારો છે. આરોપી વિરુદ્ધ અત્યાર સુધીમાં કુલ 21 જેટલા ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. જેમાં મુખ્યત્ત્વે ખંડણી ઉઘરાવવી, હત્યાનો પ્રયાસ અને ગુજસીટોક જેવા કડક કાયદા હેઠળના ગુનાઓનો સમાવેશ થાય છે. તે ખાસ કરીને ગુજસીટોકના ગુનામાં વોન્ટેડ હતો અને પોલીસથી બચવા નાસતો ફરતો હતો. નોંધનીય છે કે, અગાઉ કોર્ટ દ્વારા તેને શરતી જામીન આપવામાં આવ્યા હતા. પરંતુ તેણે જામીન પર બહાર આવ્યા બાદ પણ નવા ગુનાઓ આચર્યા હતા.



આ કારણોસર તેના શરતી જામીન રદ કરવામાં આવ્યા હતા. સ્થાનિક વિસ્તારમાં તે લોકો પર ધાક-ધમકી જમાવીને ખંડણી માંગતો હતો અને ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો રહેતો હતો. હાલમાં પોલીસે તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરમાં 158 જેટલી બિલ્ડિંગની બી.યુ. પરમિશન બાદ ટેક્સની આકારણી ન કરી

AMC ટેક્સ વોર્ડ ઇન્સ્પેક્ટરને નોટિસ અપાશે

• અમદાવાદ

અમદાવાદના વિવિધ વિસ્તારોમાં ઊંચી-ઊંચી રહેણાંક અને કોમર્શિયલ બિલ્ડિંગો બનાવી દેવામાં આવે છે, પરંતુ બિલ્ડિંગને બીયુ મળી ગયા બાદ પણ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્સની આકારણી કરવામાં આવતી નથી, જેથી કોર્પોરેશનને લાખો રૂપિયાના ટેક્સની આવકને નુકસાન થાય છે. શહેરમાં 158 જેટલી બિલ્ડિંગો અને બીજું પરમિશન મળી ગઈ છતાં પણ તેના ટેક્સની આકારણી કરવામાં આવી નથી. જે તે વોર્ડમાં આવી બિલ્ડિંગની આકારણી ન કરનાર વોર્ડ ઈન્સ્પેક્ટરને શો- કોઝ નોટિસ આપવા માટેની સૂચના રેવન્યુ કમિટી ચેરમેન દ્વારા આપવામાં આવી છે. નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે જ્યારે પણ તેઓ પોતાની મિલકતની ખરીદી કરે ત્યારે તેની મિલકતની ટેક્સ માટેની આકારણી થઈ છે કે નહીં તેની પણ ચકાસણી કરી લેવી જોઈએ. રેવન્યુ કમિટીના ચેરમેન અનિરુદ્ધસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, જે પણ મિલકતને બીયુ પરમિશન મળી ગઈ હોય તેના ટેક્સની આકારણી કરવાની હોય છે. મારા ધ્યાન ઉપર આવ્યું હતું કે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં 158 રહેણાંક-કોમર્શિયલ સ્કીમને બીયુ પરમિશન મળી ગઈ છતાં ટેક્સ અંગેની આકારણી કરવામાં આવી નથી. આ અંગે રેવન્યુ કમિટીમાં ગંભીરતાથી ચર્ચા કરવામાં આવી હતી. લાંબા સમયથી પ્રોપર્ટી ટેક્સ અંગે આકારણી ન કરનાર AMCના વોર્ડ ઈન્પેક્ટરોને શો- કોઝ નોટિસ આપવા અધિકારીઓને સૂચના આપી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જ્યારે કોઈપણ નાગરિક પોતાની મિલકત ખરીદતા પૂર્વે ડેવલપરે પ્રોપર્ટી ટેક્સ ભર્યો છે કે નહીં તેની ગ્રાહકે ખાતરી કરવી જોઈએ. નાગરિકોએ પોતે ન વાપરેલી મિલકતોનો ટેક્સ ન ભરવાનો થાય, જેથી આવી તપાસ કરી લેવી જોઈએ. કારણ કે, બીયુ પરમિશન મળ્યા બાદ આકારણી થાય ત્યાં સુધીનો પ્રોપર્ટી ટેક્સ ડેવલપરે ભરવાનો હોય છે.

# કામેશ્વર ગ્રુપ અને દીપ બિલ્ડર્સના 33 સ્થળોએ IT રેડ

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં ઈન્કમટેક્સ વિભાગે શહેરના અગ્રણી બિલ્ડર ગ્રુપો પર દરોડા પાડતાં બિલ્ડર લોબીમાં ખળભળાટ મચી ગયો છે. કામેશ્વર ગ્રુપ અને દીપ બિલ્ડર્સના 33 ઠેકાણાઓ પર ઈન્કમટેક્સ દ્વારા રેડ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, 100 અધિકારીઓ દ્વારા કામેશ્વર ગ્રુપ અને દીપ બિલ્ડર્સની ઓફિસ અને નિવાસસ્થાનો પર તપાસ કરવામાં આવી રહી છે. કામેશ્વર ગ્રુપના દીપેન પટેલ અને નિકુંજ પટેલ તથા દીપ ગ્રુપના દિનેશ પટેલની ઓફિસ તથા નિવાસસ્થાનો સહિતના ઠેકાણાઓ પર દરોડા છે. કામેશ્વર ગ્રુપના દીપેન પટેલ અને નિકુંજ પટેલની ઓફિસ તથા નિવાસસ્થાનો સહિત, દીપ ગ્રુપના દિનેશ પટેલ અને અન્ય ભાગીદારોના સ્થળોએ પણ દરોડા કરવામાં આવ્યા છે. અલગ-અલગ 30થી વધુ જગ્યાઓ પર ઈન્કમટેક્સ અધિકારીઓની તપાસ ચાલુ છે. આ ઓપરેશન શહેરના અલગ-અલગ 30થી વધુ જગ્યાઓ પર ઈન્કમટેક્સ અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. હાલ તપાસ પ્રક્રિયા ચાલી રહી છે. દસ્તાવેજો અને નાણાકીય રેકોર્ડ્સની ચકાસણી કરવામાં આવી રહી છે.

સસ્તા દારૂને 'પ્રીમિયમ' બ્રાન્ડમાં ખપાવતી મહિલાની ધરપકડ

# ઓઢવમાં નકલી દારૂના કૌભાંડનો પર્દાફાશ

• અમદાવાદ

અમદાવાદ શહેરના ઓઢવ વિસ્તારમાં સસ્તા ભાવના દારૂને મોંઘી બ્રાન્ડની બોટલોમાં ભરીને વેચવાના કૌભાંડનો પોલીસે પર્દાફાશ કર્યો છે. આ મામલે એક મહિલાની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે તેનો પતિ હાલ ફરાર છે. ઓઢવ પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે અરિહંતબાગ સોસાયટીના એક મકાનમાં નકલી દારૂ બનાવવાનું નેટવર્ક ચાલી રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે 19 જાન્યુઆરીએ દરોડો પાડ્યો હતો. આ દરમિયાન પોલીસે ઘટનાસ્થળ પરથી 40 વર્ષીય લક્ષ્મીબેન શાહની ધરપકડ કરી છે. જ્યારે સહ-આરોપી અને તેનો પતિ અલ્પેશભાઈ કનુભાઈ શાહ નાસી છૂટવામાં સફળ રહ્યો છે. આ દંપતી મોંઘી અને પ્રીમિયમ બ્રાન્ડની ખાલી બોટલો મેળવી લેતા હતા, જેમાં તેઓ સસ્તો ઈંગ્લિશ દારૂ ભરીને, નકલી ઢાંકણા અને સ્ટીકરો લગાવીને ગ્રાહકોને ઊંચા ભાવે અસલી કહીને પધરાવી દેતા હતા. આ દરોડામાં પોલીસે કુલ 2.2 લાખનો મુદ્દામાલ



કબજે કર્યો હતો. એટલું જ નહીં, આ દંપતિ પાસેથી જાણીતી લિકર બ્રાન્ડની 30 બોટલો, નકલી ઢાંકણા અને સ્ટીકરો પણ મળી આવ્યા છે. આ સિવાય પ્લાસ્ટિકની થેલીઓમાં ભરેલો આશરે 33 લિટર છૂટક દારૂ પણ જપ્ત કરાયો છે. નોંધનીય છે કે, ઓઢવ પોલીસ સ્ટેશનમાં આ દંપતી વિરુદ્ધ ગુજરાત પ્રોહિબિશન એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા (BNS)ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો છે. આ દારૂનો જથ્થો ક્યાંથી આવતો હતો અને તેઓ કોને આ નકલી દારૂ સપ્લાય કરતા હતા, તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI


શાહરૂખ ખાન બોલિવૂડના કિંગ તરીકે ઓળખાય છે

# રાહનો અંતઃ શાહરૂખની કિંગ મૂવીની રિલીઝ ડેટ કન્ફર્મ



શાહરૂખ ખાન બોલિવૂડના કિંગ તરીકે ઓળખાય છે, અને લોકો તેની ફિલ્મોની આતુરતાથી રાહ જુએ છે. હાલમાં, અભિનેતા તેની આગામી ફિલ્મ 'કિંગ' માટે સમાચારમાં છે. લોકો લાંબા સમયથી ફિલ્મની રિલીઝ ડેટની ચર્ચા કરી રહ્યા હતા, પરંતુ હવે તેની રિલીઝ ડેટ પર પડદો લગભગ ખતમ થઈ ગયો છે. થોડા સમય પહેલા, ફિલ્મના ડિરેક્ટરે રિલીઝ ડેટની જાહેરાતનો સંકેત આપ્યો હતો, અને હવે તે જાહેર થઈ ગયું છે.સિદ્ધાર્થ આનંદ દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'કિંગ' વિશે મહત્વપૂર્ણ માહિતી સામે આવી છે. અગાઉ, સિદ્ધાર્થે તેના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરી હતી, જેમાં ફક્ત રિલીઝ ડેટની જાહેરાતનો સંકેત આપવામાં આવ્યો હતો. જોકે, ફિલ્મ સાથે જોડાયેલા એક સૂત્રએ હવે ખુલાસો કર્યો છે કે શાહરૂખ ખાનની સૌથી અપેક્ષિત ફિલ્મ "કિંગ" આ વર્ષે ક્રિસમસ પર રિલીઝ થઈ શકે છે. જોકે, નિર્માતાઓ બે તારીખો આપી રહ્યા છે.સૂત્ર અનુસાર, શાહરૂખ અને સિદ્ધાર્થ ૪ ડિસેમ્બર અથવા ૨૫ ડિસેમ્બરે ફિલ્મ રિલીઝ કરવાનું વિચારી રહ્યા છે. જોકે, ૨૦૨૬ ના ક્રિસમસ માટે વધુ આશાઓ છે, કારણ કે નિર્માતાઓ નિતેશ તિવારીની રામાયણ સાથે અથવા તેની નજીક રિલીઝ થવાનું ટાળી રહ્યા છે. બંને ફિલ્મો ઐતિહાસિક કમાણી હાંસલ કરે તેવી અપેક્ષા છે, તેથી નિર્માતાઓ બંને ફિલ્મોને કમાણી માટે પૂરતી જગ્યા આપવા માંગે છે, જેનાથી ક્રિસમસ એક મહાન દિવસ બની જાય છે.નાતાલ દરમિયાન શાહરૂખ ખાનની ફિલ્મ રિલીઝ કરવાનો બીજો ફાયદો એ છે કે તે સમય દરમિયાન કોઈ મોટી હિન્દી ફિલ્મો રિલીઝ થતી નથી. હોલીવુડની ફિલ્મો પણ પહેલાથી જ રિલીઝ થવાનું નક્કી છે. "કિંગ" ની રિલીઝ તારીખ હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી નથી, પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે આવતા અઠવાડિયે સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. આ ફિલ્મમાં શાહરૂખ ખાન ઉપરાંત દીપિકા પાદુકોણ, અભિષેક બચ્ચન, સુહાના ખાન, રાની મુખર્જી, અરશદ વારસી અને અન્ય ઘણા કલાકારો છે.

# અક્ષય કુમારના કાર અકસ્માતમાં ઘાયલ થયેલા ઓટો ડ્રાઈવરની હાલત ગંભીર





અક્ષય કુમારની સુરક્ષા કાર સોમવારે મુંબઈમાં અકસ્માતનો ભોગ બની હતી. આ ઘટના ત્યારે બની જ્યારે અભિનેતા અને તેની પત્ની, ટ્વિંકલ ખન્ના, એરપોર્ટથી તેમના જુહુના ઘરે પરત ફરી રહ્યા હતા. અકસ્માતમાં એક ઓટો રિક્ષા ચાલક ઘાયલ થયો હતો. હવે, તેના ભાઈનું નિવેદન બહાર આવ્યું છે. તેણે ઓટો-રિક્ષા ડ્રાઈવરની સ્થિતિ અંગે અપડેટ શેર કર્યું છે.ઓટો-રિક્ષા ડ્રાઈવરના ભાઈ મોહમ્મદ સમીરએ જણાવ્યું, "આ ઘટના રાત્રે ૮ થી ૮:૩૦ વાગ્યાની આસપાસ બની. મારો ભાઈ રિક્ષા ચલાવી રહ્યો હતો ત્યારે અક્ષય કુમારની ઈનોવા અને એક મર્સિડીઝ તેની પાછળ હતી. જ્યારે મર્સિડીઝે ઈનોવાને ટક્કર મારી, ત્યારે ઈનોવા રિક્ષા સાથે અથડાઈ. પરિણામે, મારો ભાઈ અને અન્ય એક મુસાફર કાર નીચે ફસાઈ ગયા. આખી રિક્ષા નાશ પામી. મારા ભાઈની હાલત ખૂબ જ ગંભીર છે. મારી એક જ વિનંતી છે કે મારા ભાઈની યોગ્ય સારવાર કરવામાં આવે અને રિક્ષાને થયેલા નુકસાનનું વળતર આપવામાં આવે.અમને બીજું કંઈ જોઈતું નથી."મુંબઈ પોલીસે પણ અકસ્માત વિશે માહિતી શેર કરી છે.

બંને ગયા ઓગસ્ટ મહિનાથી ડેટિંગ કરી રહ્યા હોવાની ચર્ચા

# અભિનેત્રી ધનુષ અને મૃણાલ ઠાકુર વેલેન્ટાઇન ડે પર લગ્ન કરશે ?





ધનુષ અને મૃણાલ ઠાકુર ગયા ઑગસ્ટ મહિનાથી ડેટિંગ કરી રહ્યા હોવાની ચર્ચા છે. ત્યારે હવે તેઓ આવતા મહિને લગ્ન કરવાના હોવાના અહેવાલો ફરતા થયા છે. ગયા વર્ષે ઑગસ્ટમાં રિલીઝ થયેલી અજય દેવગન અને મૃણાલની ફિલ્મ સન ઓફ સરદાર ૨ના પ્રીમિયર દરમિયાનનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં ધનુષ આવતા મૃણાલ તેને રિસીવ કરવા દોડી ગઈ હતી. ત્યારથી મૃણાલ અને ધનુષના સંબંધની અફવાઓ શરૂ થઈ હતી. તે વખતે કેટલાંક અહેવાલો પણ સામે આવ્યા હતા, જેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે બંને એકબીજાને પ્રેમ કરે છે અને એકબીજાને ડેટ કરી રહ્યાં છે. બાદમાં જ્યારે આ અંગે મૃણાલને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે ધનુષ તેનાં માટે 'માત્ર સારો મિત્ર' છે અને તેને ફિલ્મનાં સ્ક્રીનિંગ માટે અજય દેવગણે આમંત્રણ આપ્યું હતું. ત્યારબાદ આ અફવાઓ ધીમે ધીમે શાંત પડી ગઈ હતી. હવે ફરી એક વખત મૃણાલ અને ધનુષની કથિત લગ્ન તારીખ અંગેના નવા અહેવાલ ફરતા થયા છે.આ અહેવાલો મુજબ, મૃણાલ ઠાકુર અને ધનુષ આવતા મહિને ૧૪ ફેબ્રુઆરીએ, વેલેન્ટાઈન ડેના દિવસે લગ્ન કરવા જઈ રહ્યા હોવાની ચર્ચા છે. જોકે, ધનુષ અને મૃણાલે આ અંગે કોઈ જ વાત કરી નથી. હવે એ જોવાનું રહ્યું કે મૃણાલ અને ધનુષ લગ્નની તસવીરો શેર કરે છે કે આ અફવાને નકારી કાઢે છે. જોકે, તેમની બંનેની નજીકના એક સુત્રએ થોડા સમય પહેલા એક ઈન્ટરવ્યુ દરમિયાન વાતચીતમાં તેમના સંબંધનો ખુલાસો કરી દીધો હતો.સુત્રએ જણાવ્યું હતું, "હા, તે બંને ડેટિંગ કરી રહ્યા છે. આ સાચી વાત છે. પરંતુ આ બધું હજુ નવું છે અને જાહેરમાં કે મીડિયા સામે તેમના સંબંધને અધિકૃત કરવાનો કોઈ વિચાર નથી. તેમ છતાં, તેઓ બહાર સાથે ફરવામાં કે દેખાઈ જવામાં કોઈ સંકોચ અનુભવતા નથી. તેમનાં મિત્રો તેમનાં માટે ખરેખર ખુશ છે, કારણ કે મુલ્યો, પસંદ -નાપસંદ અને વિચારોની બાબતમાં બંનેમાં ઘણી સમાનતા અને એકબીજાને અનુરૂપ છે."

સ્ક્રીન પર બૂમ પાડી રહી હતી તે તેની માતા : રાની

# શાહરૂખ સાથે રાષ્ટ્રીય પુરસ્કાર મેળવવો એ મારા માટે ખાસ હતુંઃ રાની મુખર્જી

રાની મુખર્જીને ફિલ્મ શ્રીમતી ચેટર્જી વર્સિસ નોર્વે માટે રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો. શાહરૂખ ખાને ફિલ્મ જવાન માટે તેની સાથે રાષ્ટ્રીય પુરસ્કાર પણ જીત્યો હતો. હવે, રાનીએ ખુલાસો કર્યો છે કે તે ક્ષણ તેના માટે શા માટે ખાસ હતી.નોંધનીય છે કે રાની મુખર્જી અને શાહરૂખ ખાન વચ્ચે લાંબા સમયથી મિત્રતા છે. તેઓએ જીવનમાં ઘણી સારી અને ખરાબ ક્ષણો શેર કરી છે. ગયા વર્ષે, તેમને એકસાથે રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો. તેમના ઘણા સુંદર ફોટા અને વીડિયો વાયરલ થયા હતા. હવે, રાનીએ ખુલાસો કર્યો છે કે શાહરૂખ ખાન સાથે રાષ્ટ્રીય પુરસ્કાર મેળવવો તેના માટે કેમ ખાસ હતો. રાનીએ તેની પુત્રી આદિરાની પ્રતિક્રિયા પણ શેર કરી.રાની મુખર્જીએ રાષ્ટ્રીય પુરસ્કાર મેળવ્યાની ક્ષણની યાદ અપાવવા સહિત વિવિધ વિષયો પર ચર્ચા કરી. રાની અને શાહરૂખ ખાને ગયા વર્ષે સાથે રાષ્ટ્રીય પુરસ્કાર મેળવ્યો હતો. શાહરૂખ ખાનને મેડલ પહેરાવવામાં મદદ કરતી રાનીની ક્લિપ્સ વાયરલ થઈ હતી. તે દિવસને યાદ કરતાં રાનીએ કહ્યું, "મને લાગે છે કે આજે અહીં બેઠેલા બધા વિદ્યાર્થીઓ આ સમજી શકશે. જો તમે ખૂબ જ નાની ઉંમરથી તમારા મિત્રો સાથે શાળા, કોલેજ અને જીવનમાં એકબીજાને ટેકો આપતા હોવ, તો આવા પ્લેટફોર્મ પર સાથે કંઈક જીતવું વધુ ખાસ બની જાય છે. તમે તેને એવી વ્યક્તિ સાથે શેર કરી રહ્યા છો જેણે તમારી સાથે પ્રવાસ શરૂ કર્યો હતો.રાની આગળ સમજાવે છે, "મેં શાહરૂખ ખાન પાસેથી ઘણું બધું શીખ્યું છે - વ્યાવસાયિક રીતે, એક વ્યક્તિ તરીકે અને એક અભિનેતા તરીકે. તેની સાથે જીતવું એ વધુ ખાસ છે કારણ કે તે ૩૫ વર્ષથી ઈન્ડસ્ટ્રીમાં છે, અને હું ૩૦ વર્ષથી તેમાં છું. રાષ્ટ્રીય પુરસ્કાર હોય કે ન હોય, આપણે હંમેશા એવા લોકો રહ્યા છીએ જેમણે ક્યારેય અમારી ફિલ્મો માટે અમારું શ્રેષ્ઠ આપવાનું બંધ કર્યું નથી." રાનીએ એમ પણ શેર કર્યું કે તેની પુત્રી આદિરાને એવોર્ડ મળ્યો ત્યારે તે ખૂબ જ ખુશ થઈ ગઈ હતી. સ્ક્રીન જોતી વખતે તે ખુશીથી ઉછળી પડી. રાનીએ કહ્યું કે તે સ્ક્રીન પર બૂમ પાડી રહી હતી કે તે તેની માતા છે.



## બોલીવુડ ગોસીપ

### 'નાગિન' અને 'તુલસી' વચ્ચે તીવ્ર સ્પર્ધા, અનુપમા પાછળ રહી ગઈ

નવું વર્ષ શરૂ થયાને ૨૦ દિવસ થઈ ગયા છે. પરંતુ આ વર્ષના પહેલા અઠવાડિયાના ટીઆરપી રેટિંગ હવે જાહેર થઈ ગયા છે. 'ક્યુંકી સાસ ભી કભી બહુ થી ૨' સિરિયલ પહેલા અઠવાડિયા માટે ટીઆરપી યાદીમાં ટોચ પર રહી હતી. તેનો ટીઆરપી ૨.૩ હતો. આ દિવસોમાં, સિરિયલમાં ઘણા



નાટક અને ટ્વિસ્ટ જોવા મળી રહ્યા છે. મુખ્ય પાત્રો તુલસી (સ્મૃતિ ઈરાની) અને મિહિર (અમર ઉપાધ્યાય) એકબીજાથી અલગ થઈ ગયા છે. તાજેતરમાં, તુલસીનું પાત્ર વિરાણી પરિવારમાં પાછું આવ્યું છે. 'નાગિન ૭' સિરિયલ આ દિવસોમાં દર્શકોમાં ખૂબ જ લોકપ્રિય છે. આ સિરિયલે પહેલા અઠવાડિયા માટે ટીઆરપી યાદીમાં બીજું સ્થાન મેળવ્યું છે. તેનો ટીઆરપી ૨.૧ છે. "નાગિન ૭" માં પ્રિયંકા ચહર ચૌધરી મુખ્ય ભૂમિકામાં છે.

### કંગના રનૌતના નીના ગુપ્તાની દીકરી પર ગંભીર આરોપ મુક્યો

કંગના રનૌતે તાજેતરમાં નીના ગુપ્તાની દીકરી અને ફેશન ડિઝાઈનર મસાબા ગુપ્તા પર ગંભીર આરોપો લગાવ્યા છે. કંગનાએ કહ્યું છે કે, મસાબા ગુપ્તાએ રામ જન્મભૂમિ દર્શનમાં પહોંચતા પહેલા જ પોતાના લેબલની



સાડી આપવાનો ઈનકાર કરી દીધો હતો. જ્યારે એક્ટ્રેસ તે સાડી પહેરીને ઈવેન્ટ માટે રવાના થઈ ચૂકી હતી. કંગનાને આનાથી ખૂબ અપમાનિત અનુભવ થયું, જેના પછી તે ખૂબ રડી હતી.કંગનાએ તાજેતરમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (પહેલા ટ્વિટર) પર આ ઘટનાનો ઉલ્લેખ કરતા લખ્યું છે, 'ડિઝાઈનર્સ ત્યારે ખૂબ ખુશ થાય છે, જ્યારે તેમના કપડાં કોઈ સેલિબ્રિટી પર દેખાય છે. શું તમે ક્યારેય જોયું કે, મસાબા ગુપ્તા કે તેમની બ્રાન્ડે આ (મારી) તસવીરોનો ઉપયોગ કર્યો હોય? આ તસવીરો ઈન્ટરનેટ પર બધે હતી. તો પછી તેમણે આનો ઉપયોગ કેમ ન કર્યો? કે પછી સ્ટાઈલિસ્ટે તેમને ટેગ કેમ ન કર્યા?'આગળ કંગનાએ કહ્યું, 'તે દિવસોમાં મારી ફિલ્મ 'તેજસ' રિલીઝ થવાની હતી.

### સુહાનાની દરેક પસંદ અંગે આખરી નિર્ણય શાહરુખ અને ગૌરી જ લે છે

શાહરુખ ખાનના બંને સંતાનો સુહાના ખાન અને આર્યન ખાન હવે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરવા લાગ્યા છે. આર્યન ખાને ડિરેક્ટ કરેલી ફિલ્મ બૅડ્ઝ ઓફ બોલિવૂડ'ની ગયા વર્ષે ઘણી ચર્ચા રહી છે. સુહાનાએ ઝોયા અખ્તરની 'ધ આર્ચિઝ સ્ટોરી'થી ઓટીટી ડેબ્યુ કર્યું હતું. હવે તે પિતા શાહરુખ સાથે કિંગમાં મોટા પડદા પર ડેબ્યુ કરવા જઈ રહી છે. ત્યારે તેણે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તેની દરેક પસંદ પાછળ શાહરુખ અને ગૌરીનો જ અંતિમ નિર્ણય હોય છે. સુહાનાએ કહ્યું કે ઘણી વખત તેમની સલાહ ભલે વિરોધાભાસી હોય, તેમ છતાં આ સલાહો તેને વિનમ્ર બની રહેવામાં મદદ કરે છે.સુહાનાએ તાજેતરમાં આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાં પોતાની રીતે ડેબ્યુ કર્યું છતાં તે માર્ગદર્શન માટે હજી પણ પોતાના માતા-પિતા પાસે જ જાય છે.

પીઢ સંગીતકાર એઆર રહેમાન હાલમાં ફિલ્મ અને સંગીત ઉદ્યોગ પર તેમની ટિપ્પણીઓને કારણે સમાચારમાં છે

# એઆર રહેમાનની પુત્રીઓ તેમના પિતાને ટેકો આપે છે, અપમાન અને ટીકા વિશે બોલે છે

પીઢ સંગીતકાર એઆર રહેમાન હાલમાં ફિલ્મ અને સંગીત ઉદ્યોગ પર તેમની ટિપ્પણીઓને કારણે સમાચારમાં છે. રહેમાને કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં બોલિવૂડમાં તેમના કામના અભાવ પાછળ સાંપ્રદાયિક કારણો હોઈ શકે છે. વ્યાપક પ્રતિક્રિયાઓ પછી, તેમણે સ્પષ્ટતા જારી કરી, પરંતુ તેમના નિવેદન પર ચર્ચા ચાલુ છે. દરમિયાન, સંગીતકારની પુત્રીઓ, ખતીજા અને રહીમાએ આ બાબતે પ્રતિક્રિયા આપી છે. તેમણે સીધી ટિપ્પણી કરી નથી, પરંતુ મલયાલમ સંગીતકાર કૈલાશ મેનનની ટિપ્પણી શેર કરી છે, જેમાં વિવાદ પર તેમના મંતવ્યો જાહેર કરવામાં આવ્યા છે.

ખાતીજા અને રહીમાએ રહેમાન વિવાદ પર કૈલાશ મેનનની પોસ્ટ તેમની ઈન્સ્ટાગ્રામ વાર્તાઓ પર શેર કરી છે. તેમની પોસ્ટમાં, કૈલાશ મેનને "અસંમત, અપમાન ન કરો" શીર્ષકવાળી એક લાંબી નોંધ શેર કરી છે. તેમાં, તેમણે લખ્યું છે કે, "જે લોકો એઆર રહેમાન પર પોતાના મનની વાત કહેવાનો આરોપ લગાવી રહ્યા છે તેઓ એક મૂળભૂત મુદ્દાને અવગણી રહ્યા છે. તેમણે પોતાના મનની વાત કહી. તે તેમનો અધિકાર છે. તમે તેમની સાથે અસંમત હોઈ શકો છો, પરંતુ તમે તેમને તેમના અનુભવો વ્યક્ત કરવાની સ્વતંત્રતાથી




વંચિત રાખી શકતા નથી." વૈશ્વિક સ્તરે આદરણીય કલાકારને અપમાનજનક કહેવું, તેમના ધર્મ પર પ્રશ્ન ઉઠાવવો, તેમની તાજેતરની રચનાઓની મજાક ઉડાવવી અને તેમના જીવનના અનુભવોનો પીડિત કાર્ડ તરીકે ઉપયોગ કરવો એ ટીકા નથી. તે મંતવ્યો તરીકે રજૂ કરાયેલી દ્વેષપૂર્ણ ટિપ્પણીઓ છે. ટીકા ઠીક છે, પરંતુ આદર વિના ગુસ્સો દર્શાવવાથી તેમના વિશે ઓછું અને આપણા વિશે વધુ કહેવાય છે.'

રહેમાનની બે પુત્રીઓએ કૈલાશ મેનનની આ પોસ્ટ તેમની ઈન્સ્ટાગ્રામ વાર્તાઓ પર શેર કરી. ખાતીજા રહેમાને તેને તેની ઈન્સ્ટાગ્રામ વાર્તા પર શેર કરી અને તાળીઓ, અગ્નિ, હૃદય અને ૧૦૦% જેવા ઈમોજીનો ઉપયોગ કરીને પોસ્ટ પર ટિપ્પણી કરી. તેણીએ તેના એકાઉન્ટ પર એક અલગ પોસ્ટ પણ પોસ્ટ કરી. તેમાં, તેણીએ લખ્યું, "હે ભગવાન, મારા મિત્રોને આશીર્વાદ આપો જેમણે કોઈપણ અપેક્ષા વિના મારા સ્વાસ્થ્ય વિશે પૂછ્યું. તેમના પ્રેમને અનેક ગણો બદલો અને તેમના બધા પ્રયત્નોમાં તેમને આશીર્વાદ આપો." રહેમાનની નાની પુત્રી રહીમાએ પણ કોઈ કેપ્શન કે ટિપ્પણી ઉમેર્યા વિના કૈલાશ મેનનની પોસ્ટ તેની ઈન્સ્ટાગ્રામ વાર્તા પર શેર કરી.

વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે એઆર રહેમાને ફિલ્મ ઉદ્યોગમાં થયેલા ફેરફારો વિશે વાત કરી. તેમણે ફિલ્મ "છાવા" ને વિભાજનકારી ગણાવી. તેમણે એમ પણ કહ્યું કે કેટલાક અસ્પષ્ટ સાંપ્રદાયિક પરિબળોએ તેમને તકોના અભાવમાં ભૂમિકા ભજવી હતી. તેમણે એમ પણ કહ્યું કે સંગીત ઉદ્યોગ હાલમાં પ્રતિભાશાળી લોકોના બદલે બિનપ્રતિભાશાળી લોકોના હાથમાં સત્તા ધરાવે છે.

# પ્રજાસત્તાક દિવસની પરેડમાં વંદે માતરમની નવી રચના રજૂ કરશે એમએમ કીરવાણી, દેશભરના ૨,૫૦૦ કલાકારો પરફોર્મ કરશે



પ્રજાસત્તાક દિવસની પરેડ ઘણી રીતે ખાસ છે. હવે, ૨૦૨૬ની પ્રજાસત્તાક દિવસની પરેડ વધુ ખાસ બનવા જઈ રહી છે. કારણ કે આ વખતે, ઓસ્કાર વિજેતા સંગીતકાર એમ.એમ. કીરવાની દ્વારા રચિત એક સૂર આ પ્રસંગે સંભળાશે. રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ" ની ૧૫૦મી વર્ષગાંઠ પર, એમ.એમ. કીરવાની પ્રજાસત્તાક દિવસની પરેડ માટે સંગીત કંપોઝ કરશે.

એમ.એમ. કીરવાની ૨૬ જાન્યુઆરીએ રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ" ની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે ભવ્ય પ્રજાસત્તાક દિવસની પરેડ માટે સંગીત કંપોઝ કરશે. આ જાહેરાતથી સોશિયલ મીડિયા પર ઉત્સાહનો માહોલ સર્જાયો છે. આ સમાચારની પુષ્ટિ કરતા, એમ.એમ. કીરવાનીએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી. આ સન્માન માટે કૃતજ્ઞતા વ્યક્ત કરતા કીરવાનીએ લખ્યું, "મિત્રો, વંદે માતરમ ગીતની ૧૫૦મી વર્ષગાંઠના શુભ પ્રસંગે, મને સંસ્કૃતિ મંત્રાલય હેઠળ ૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસની પરેડ માટે સંગીત રચવાનો લહાવો મળ્યો છે. દેશભરમાંથી ૨,૫૦૦ કલાકારો આ ભવ્ય પ્રસ્તુતિમાં ભાગ લેશે. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે જોડાયેલા રહો." ચાલો વંદે માતરમની ઉજવણી કરીએ.'

પ્રજાસત્તાક દિવસે, ભારતભરમાંથી ૨૫૦૦ કલાકારોનું એક મોટું જૂથ પ્રદર્શન કરશે, જે દેશના સ્વતંત્રતા સંગ્રામમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનારા ગીતને શક્તિશાળી શ્રદ્ધાંજલિ આપશે. એમએમ કીરવાનીના નેતૃત્વમાં, શાસ્ત્રીય ઊંડાણ, સાંસ્કૃતિક વિવિધતા અને દેશભક્તિની ભાવનાથી ભરપૂર આ પ્રદર્શન દેશના સૌથી મોટા ઉત્સવ મંચોમાંના એક પર રજૂ કરવામાં આવશે.

કામના મોરચે, એમએમ કીરવાની ફરી એકવાર એસએસ રાજામૌલી સાથે સહયોગ કરી રહ્યા છે. કીરવાની રાજામૌલીની આગામી ફિલ્મ 'વારાણસી' માટે સંગીત આપી રહ્યા છે. ગયા વર્ષે ફિલ્મના 'ગ્લોબેટ્રોટર' ઈવેન્ટમાં એમએમ કીરવાની દ્વારા રચિત એક ગીત લોન્ચ કરવામાં આવ્યું હતું. આ ગીત શ્રુતિ હાસને ગાયું છે. જ્યારે તેના શબ્દો ચૈતન્ય પ્રસાદે લખ્યા છે.

નેટ યૂઝર્સે પબ્લિસિટી માટે ચેષ્ટા ગણાવી ટ્રોલ કરી

# નોરા ફતેહીએ ભૂષણકુમાર સાથે અફેરની વાત પાંચ વર્ષે નકારતાં આશ્ચર્ય



નોરા ફતેહીએ ટી સીરિઝ કંપનીના માલિક ભૂષણ કુમાર સાથે તેનું અફેર ચાલતું હોવાની એક પોસ્ટ અંગે પાંચ વર્ષ બાદ પ્રત્યાઘાત આપતાં આશ્ચર્ય સર્જાયું છે. નોરાએ પોતાના પ્રત્યાઘાતમાં આ અફવાને હસી કાઢી છે. જોકે, આ ચેષ્ટા બદલ નોરા ભારે ટ્રોલ થઈ રહી છે. લોકો કોમેન્ટ કરી રહ્યા છે કે હવે પાંચ વર્ષ બાદ આ મુદ્દો ઉખેડવાની ક્યાં જરુર હતી. કેટલાકે લખ્યું હતું કે નોરાએ છેક હવે જવાબ આપીને મૂળ પોસ્ટને વધારે ચર્ચિત કરી દીધી છે. તે પબ્લિસિટી માટે આવી ચેષ્ટા કરી રહી છે. નોરા હાલ મોરોક્કોના ફૂટબોલ ખેલાડી અશરફ હકિમી સાથે અફેર ધરાવતી હોવાનું કહેવાય છે. નોરાએ તેની એક પોસ્ટને લાઈક કરી હતી તે પછી બંનેનાં અફેરની ચર્ચાઓ શરુ થઈ હતી. ઉલ્લેખનીય છે કે ભૂષણ કુમારનાં લગ્ન હિરોઈન દિવ્યા ખોસલા સાથે થઈ ચૂક્યાં છે. જોકે, તેમનાં લગ્નજીવનમાં વિખવાદની અફવા એકથી વધુ વખત ચગી ચૂકી છે.

નીતિન નવીન ભાજપના ૧૨મા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા, તેમના નામની ભાજપ મુખ્યાલયમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવી

# ભાજપ બંધારણની પ્રક્રિયાઓ, જોગવાઈને ધ્યાનમાં રખાઈ હતી, તે પૂર્ણ થઈ : પીએમ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, ' હું નીતિન નવીનજીને વિશ્વના સૌથી મોટા રાજકીય પક્ષના પ્રમુખ તરીકે ચૂંટાયા બદલ હાર્દિક અભિનંદન પાઠવું છું

• નવીદિલ્હી,તા.૨૦

નીતિન નવીન ભાજપના ૧૨મા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે. તેમના નામની આજે ભાજપ મુખ્યાલયમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવી. નીતિન નવીન ભાજપના સૌથી યુવા રાષ્ટ્રીય અધ્યક્ષ છે, તેમની ઉંમર ૪૫ વર્ષ છે. આ પ્રસંગે પીએમ મોદી સહિત અનેક ભાજપના નેતાઓ મંચ પર હાજર હતા. પીએમ મોદીએ નીતિન નવીનને પણ અભિનંદન આપ્યા. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું, 'હું નીતિન નવીનજીને વિશ્વના સૌથી મોટા રાજકીય પક્ષના પ્રમુખ તરીકે ચૂંટાયા બદલ હાર્દિક અભિનંદન પાઠવું છું.' ઘણા મહિનાઓથી, પક્ષના નાનામાં નાના એકમથી લઈને રાષ્ટ્રીય અધ્યક્ષ સુધીની સંગઠન પ્રક્રિયા લોકશાહી રીતે ચાલી રહી હતી, જેમાં ભાજપ બંધારણની પ્રક્રિયાઓ અને દરેક જોગવાઈને ધ્યાનમાં રાખવામાં આવી હતી. આજે, તે ઔપચારિક રીતે પૂર્ણ થઈ ગઈ છે. આ પ્રક્રિયાને સફળ બનાવવા બદલ હું દેશભરના કાર્યકરોને અભિનંદન આપું છું.'

પીએમ મોદીએ કહ્યું, 'છેલ્લા દોઢ વર્ષમાં, આપણે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની ૧૨૫મી જન્મજયંતિ, અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ૧૦૦મી વર્ષગાંઠ જેવા મહત્વપૂર્ણ તહેવારો ઉજવ્યા છે. આ પ્રેરણાઓ રાષ્ટ્ર માટે જીવવાના આપણા સંકલ્પને વધુ મજબૂત બનાવે છે. આપણું નેતૃત્વ પરંપરામાં મૂળ ધરાવે છે, અનુભવથી સમૃદ્ધ છે, અને સંગઠનને જનસેવા અને રાષ્ટ્રસેવાની ભાવના સાથે આગળ લઈ જાય છે. કેન્દ્રમાં ભાજપ-એનડીએ સરકાર સતત ત્રીજી વખત રચાઈ છે. હું ભાજપના તમામ ભૂતપૂર્વ અધ્યક્ષોને હૃદયપૂર્વક અભિનંદન આપું છું. તમે જાણો છો કે આજે ભાજપ સંગઠનના વિસ્તરણ પર જેટલું ધ્યાન કેન્દ્રિત કરે છે, તેટલો જ કાર્યકર્તાઓના નિર્માણને પણ સમાન પ્રાથમિકતા આપે છે.'પીએમ મોદીએ વધુમાં કહ્યું, 'અટલજી, અડવાણીજી અને મુરલી મનોહર જોશીજીના નેતૃત્વમાં ભાજપે શૂન્યથી શિખર સુધીની સફર જોઈ છે. આ સફર દરમિયાન, વેંકૈયા નાયડુજી અને નીતિન ગડકરીજી સહિત અમારા ઘણા વરિષ્ઠ સાથીઓએ સંગઠનનો વિસ્તાર કર્યો. રાજનાથજીના નેતૃત્વમાં, ભાજપે પહેલીવાર પોતાના દમ પર સંપૂર્ણ બહુમતી પ્રાપ્ત કરી.



ત્યારબાદ, અમિતભાઈના નેતૃત્વમાં, દેશના ઘણા રાજ્યોમાં ભાજપની સરકારો બની અને સતત બીજી વખત કેન્દ્રમાં ભાજપની સરકાર બની. પછી, જેપી નડ્ડાજીના નેતૃત્વમાં, ભાજપ પંચાયતથી સંસદ સુધી વધુ મજબૂત બન્યો, અને કેન્દ્રમાં સતત ત્રીજી વખત ભાજપની સરકાર બની. હું ભાજપના તમામ ભૂતપૂર્વ પ્રમુખોને હૃદયપૂર્વક અભિનંદન આપું છું.'

પીએમ મોદીએ કહ્યું, 'લોકો કદાચ વિચારશે કે નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન છે, ત્રીજી વખત વડાપ્રધાન બન્યા છે, ૫૦ વર્ષની નાની ઉંમરે મુખ્યમંત્રી બન્યા છે. તેઓ સતત ૨૫ વર્ષ સુધી સરકારના વડા રહ્યા છે. આ બધું પોતાની જગ્યાએ છે, પરંતુ મારા જીવનની સૌથી મોટી વાત એ છે કે હું ભાજપનો કાર્યકર છું. આ સૌથી મોટું ગૌરવ છે. નીતિન નવીન જી, હું પાર્ટીનો કાર્યકર છું અને તેઓ મારા બોસ છે. નીતિન નવીન જી આપણા બધાના પ્રમુખ છે. તેમની જવાબદારી ફક્ત ભાજપને સંચાલિત કરવાની જ નથી, પરંતુ તેમને NDAના સાથી પક્ષો સાથે સંકલન જાળવવાની પણ છે. નીતિન જી એ તેમને મળેલી દરેક જવાબદારીમાં પોતાને સાબિત કર્યા છે. આ વર્ષે જન સંઘની સ્થાપનાને ૭૫ વર્ષ પૂર્ણ થયા છે. હું જન સંઘ સાથે જોડાયેલા કાર્યકરો દ્વારા આપવામાં આવેલા તમામ બલિદાનને સલામ કરું છું.'પીએમ મોદીએ કહ્યું, 'આગામી ૨૫ વર્ષ મહત્વપૂર્ણ છે. આ એવો સમય છે જ્યારે વિકસિત ભારતનું નિર્માણ થવું જોઈએ, અને તે થશે. આ મહત્વપૂર્ણ સમયગાળાની શરૂઆતમાં, આપણા નીતિન નવીન જી ભાજપનો વારસો આગળ ધપાવશે. આજના યુવાનોની ભાષામાં કહીએ તો, નીતિન જી પોતે એક સહસ્ત્રાબ્દી છે. તેઓ એવી પેઢીના છે જેણે ભારતમાં મોટા આર્થિક, સામાજિક અને તકનીકી ફેરફારો જોયા છે. તેઓ એવી પેઢીના છે જેણે બાળપણમાં રેડિયો પરથી શીખ્યા હતા અને હવે તેઓ AIના સક્રિય વપરાશકર્તા છે. નીતિન જી પાસે યુવા ઉત્સાહ અને સંગઠનાત્મક કાર્યમાં બહોળો અનુભવ બંને છે. આ આપણા પક્ષના દરેક કાર્યકર્તા માટે ખૂબ જ ફાયદાકારક રહેશે.'તેમણે કહ્યું, 'ભાજપ એક સંસ્કૃતિ છે. ભાજપ એક પરિવાર છે. અહીં આપણા સંબંધો ફક્ત સભ્યપદથી વધુ છે. ભાજપ એક પરંપરા છે, જે પદથી નહીં, પ્રક્રિયાથી ચાલે છે. આપણા રાષ્ટ્રપતિઓ બદલાય છે, પરંતુ આપણા આદર્શો યથાવત રહે છે. નેતૃત્વ બદલાય છે, પરંતુ દિશા એ જ રહે છે. ભાજપની ભાવના રાષ્ટ્રીય છે, કારણ કે આપણું જોડાણ સ્થાનિક છે. આપણા મૂળ જમીનમાં ઊંડા છે. એટલા માટે ભાજપ પ્રાદેશિક આકાંક્ષાઓ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. તે રાષ્ટ્રીય મહત્વાકાંક્ષાઓનો પાયો બનાવે છે.

---

નવા બજારોએ ઉગાર્યા, કુલ વેપારમાં માત્ર 2-3% નું વેરિએશ

# ટ્રમ્પ ટેરિફનો સુરત ડાયમંડ માર્કેટ પર પ્રહાર :અમેરિકામાં નિકાસ 50% ઘટી

• સુરત

વિશ્વના હીરા ઉદ્યોગના કેન્દ્ર ગણાતા સુરત અને ભારત માટે અમેરિકાના નવા ટ્રેડ ટેરિફ એક મોટો પડકાર બનીને આવ્યા છે. જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટરમાં અમેરિકા હંમેશા સૌથી મોટું ટ્રેડિંગ હબ રહ્યું છે, પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા 50% ટેરિફને કારણે ભારતીય નિકાસ પર અસર જોવા મળી રહી છે. ખાસ કરીને 'કટ એન્ડ પોલિશ્ડ' હીરાની નિકાસમાં અમેરિકા જેવા મોટા બજારમાં ધરખમ ઘટાડો થયો છે.અમેરિકામાં જે ડાયરેક્ટ 35% એક્સપોર્ટ થતું હતું, તેમાં સીધો 50% નો મોટો ઘટાડો નોંધાયો છે. પરંતુ નવા બજારોએ ઉદ્યોગને ટકાવી રાખ્યો છે. કુલ વેપારમાં માત્ર 2-3% નું વેરિએશન છે ભારતના કુલ ડાયમંડ એક્સપોર્ટના આંકડા જોઈએ તો, અગાઉ અમેરિકામાં ડાયરેક્ટ એક્સપોર્ટનો હિસ્સો 35% હતો, જ્યારે હોંગકોંગ-ચાઈનામાં



35% અને બાકીના 30% અન્ય દેશોમાં મોકલવામાં આવતા હતા. મહત્વની વાત એ છે કે અન્ય દેશોમાં મોકલેલા હીરા પણ અંતે જ્વેલરી બનીને અમેરિકાના બજારમાં જ વેચાતા હતા. આ નવા ટેરિફ બાદ, અમેરિકામાં થતી ડાયરેક્ટ નિકાસમાં સીધો 50% જેટલો મોટો ઘટાડો નોંધાયો છે, જે ઉદ્યોગકારો માટે ચિંતાનો વિષય બન્યો છે.જોકે, આ કપરા સમયમાં પણ એક આશાનું કિરણ દેખાઈ રહ્યું છે. ભારત સરકાર અને જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના સંયુક્ત પ્રયાસોને કારણે બજારનું વૈવિધ્યકરણ શક્ય બન્યું છે. અમેરિકા પરની નિર્ભરતા ઘટાડવા માટે હવે યુએઈ અને અન્ય નાના દેશોમાં નવી તકો ઊભી કરવામાં આવી રહી છે. અગાઉ જ્યાં ભારતનું એક્સપોર્ટ નહિવત હતું, ત્યાં હવે ભારતીય હીરા પોતાની ઓળખ બનાવી રહ્યા છે.આ સ્થિતિમાં સુરત શહેરનું યોગદાન પણ નોંધપાત્ર રહ્યું છે. હાલમાં સુરતમાં 200થી 300 જેટલી નવી જ્વેલરી મેન્યુફેક્ચરિંગ કંપનીઓ પૂરજોશમાં કાર્યરત થઈ છે. પહેલા આપણે માત્ર હીરા પોલિશ કરીને મોકલતા હતા, પરંતુ હવે સુરતમાં જ તૈયાર થયેલી જ્વેલરી (ફિનિશ્ડ ગુડ્સ) સીધી વિદેશી બજારોમાં નિકાસ થઈ રહી છે. આ લોકલ મેન્યુફેક્ચરિંગને કારણે ટેરિફની અસરો સામે લડવા માટે ઉદ્યોગને મોટું બેકઅપ મળ્યું છે.

---

# ગોવામાં નજીવી બાબતમાં બે રશિયન મહિલાઓની હત્યા કરવામાં આવી

• ગોવા,તા.૨૦

તાજેતરમાં, ઉત્તર ગોવાના અરમ્બોલ અને મોર્જિમ ગામમાં બે રશિયન મહિલાઓનું ગળું કાપીને હત્યા કરવામાં આવી હતી. પોલીસે આ કેસમાં બે રશિયન મહિલાઓના મિત્રની ધરપકડ કરી છે. હવે એવું બહાર આવી રહ્યું છે કે ધરપકડ કરાયેલા પુરુષે પોતે જ બંનેના ગળા કાપી નાખ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપીએ ઉછીના પૈસા અને ૧૦૦ રૂપિયાના રબર ક્રાઉન માટે બંને મહિલાઓની હત્યા કરી હતી. હાલમાં, આરોપી લિયોનોવની પોલીસે ધરપકડ કરી છે અને માહિતી એકત્રિત કરવા માટે તેની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

રશિયન નાગરિક એલેક્સી લિયોનોવે ગોવામાં તેની બે મહિલા મિત્રોની ઉછીના પૈસા અને ૧૦૦ રૂપિયાના રબર ક્રાઉન માટે હત્યા કરી હતી. આ મહિલાઓની ઓળખ એલેના વાનેવા અને એલેના કાસાટનોવા તરીકે થઈ છે, બંને રશિયન નાગરિક છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, એક મહિલાએ રશિયન પુરુષ પાસેથી પૈસા ઉછીના લીધા હતા, જ્યારે બીજી મહિલાએ આરોપી પાસેથી ૧૦૦ રૂપિયાનો રબર ક્રાઉન ઉછીનો લીધો હતો, જે બંનેમાંથી કોઈએ પરત કર્યો ન હતો. ગુસ્સે ભરાયેલા, તેણે ૧૪ અને ૧૫ જાન્યુઆરીના રોજ અલગ અલગ દિવસોમાં તેમના રૂમમાં તેમના ગળા કાપી નાખ્યા. સૂત્રોએ જણાવ્યું હતું કે આ હત્યાઓ "પૂર્વયોજિત" નહોતી, પરંતુ "ગુસ્સામાં કરવામાં આવેલી હત્યાઓ" હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે એલેક્સી "ખૂબ જ ભ્રમિત" હતો અને સરળતાથી ઉશ્કેરાઈ જતો હતો.આરોપીએ દાવો કર્યો હતો કે તેણે પાંચ અન્ય લોકોની હત્યા કરી છે જેમની સાથે તેનો વિવાદ હતો અને તેમના નામ પણ આપ્યા હતા.


---

દિલ્હીમાં કર્તવ્ય પથ પર યોજાનાર

# પ્રજાસત્તાક દિવસ નિમિત્તે પરેડ જોવા ૧૦,૦૦૦ ખાસ મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યા

• રૂનવીદિલ્હી,તા.૨૦

૨૦૨૬ ના પ્રજાસત્તાક દિવસ પર દિલ્હીમાં કર્તવ્ય પથ પર યોજાનારી ૭૭મી પ્રજાસત્તાક દિવસની પરેડમાં લગભગ ૧૦,૦૦૦ ખાસ મહેમાનોને આમંત્રિત કરવામાં આવ્યા છે. વિવિધ ક્ષેત્રોના આ મહેમાનોએ રાષ્ટ્રના નિર્માણમાં ઉત્કૃષ્ટ ભૂમિકા ભજવી છે. સંરક્ષણ મંત્રાલયે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે આ મહેમાનોને તેમના જીવનસાથીઓ સાથે કર્તવ્ય પથ પર શાનદાર પરેડ જોવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે. આ ખાસ મહેમાનોની પસંદગી આવક અને રોજગાર સર્જનમાં શ્રેષ્ઠ કામગીરી કરનારા, શ્રેષ્ઠ સંશોધકો, સંશોધકો, સ્ટાર્ટ-અપ્સ, સ્વ-સહાય જૂથો અને વિવિધ સરકારી યોજનાઓમાંથી કરવામાં આવી છે. નિવેદન અનુસાર, આ મહેમાનોમાં ખેડૂતો, મજૂરો, પેરા-એથ્લીટ્સ, વૈજ્ઞાનિકો, લખપતિ દીદીઓ, શેરી વિક્રેતાઓ (પીએમ સ્વનિધિ યોજના હેઠળ), અસંગઠિત કામદારો (પીએમ શ્રમ યોગી માનધન યોજના), આંગણવાડી કાર્યકરો, ગંગા સ્વચ્છતા મિશનના જળ યોદ્ધાઓ, બાંધકામ કામદારો, માઈ ભારત સ્વયંસેવકો, NDMA કાર્યકરો, ઉત્તર-પૂર્વીય ક્ષેત્રના લાભાર્થીઓ, ખાદી વિકાસ યોજના અને મહિલા કાથી



યોજના હેઠળ તાલીમ પામેલી મહિલા કારીગરો, પીએમ મુદ્રા યોજના દ્વારા સમર્થિત મહિલા ઉદ્યોગસાહસિકો, પીએમ આવાસ યોજના (ગ્રામીણ) અને જળ જીવન મિશનના લાભાર્થીઓનો સમાવેશ થાય છે. 'મન કી બાત' કાર્યક્રમમાં ભાગ લેનારાઓ, યુવા વિનિમય કાર્યક્રમ ૨૦૨૬ ના વિદેશી પ્રતિનિધિઓ, ગ્લોબલ બૌદ્ધ સમિટમાં ભાગ લેનારા મઠોના પ્રતિનિધિઓ અને ખગોળશાસ્ત્ર અને ખગોળ ભૌતિકશાસ્ત્ર ૨૦૨૫ પર જુનિયર આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિયાડના ચંદ્રક વિજેતાઓ.

---

કર્ણાટક રાજ્યમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી

# ડીજીપીનો અશ્લીલ વીડિયો વાયરલ, કર્ણાટક સરકારે તેમને સસ્પેન્ડ કર્યા

• બેંગ્લુરૂ,તા.૨૦

કર્ણાટક રાજ્યમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો જેમાં કથિત રીતે કર્ણાટકના ડીજીપી (નાગરિક અધિકાર અમલીકરણ) રામચંદ્ર રાવ એક મહિલા સાથે આપત્તિજનક સ્થિતિમાં જોવા મળ્યા હતા. આ વીડિયોએ વિવાદ ઉભો કર્યો હતો. ડીજીપી રામચંદ્ર રાવે આ વીડિયોને બનાવટી અને ખોટો ગણાવ્યો હતો. જોકે, કર્ણાટક સરકારે હવે આ મામલે કડક કાર્યવાહી કરી છે. કર્ણાટક સરકારે પોર્નોગ્રાફિક વીડિયો કેસમાં ડીજીપી ડીસીઆરઈ રામચંદ્ર રાવને સસ્પેન્ડ કર્યા છે.નોંધનીય છે કે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ પણ DGPના કથિત પોર્નોગ્રાફિક વીડિયો અંગે એક નિવેદન બહાર પાડ્યું હતું. તેમણે કહ્યું હતું કે જો અધિકારી દોષિત સાબિત થશે તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ઝસ્ સિદ્ધારમૈયાએ કહ્યું, 'અમે આની તપાસ કરીશું. મને આજે સવારે આ વિશે ખબર પડી. અમે તેમની સામે શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરીશું. કોઈ પણ કાયદાથી ઉપર નથી, પછી ભલે તે ગમે તેટલો વરિષ્ઠ પોલીસ અધિકારી હોય.'આ ઘટના અંગે ડીજીપી રામચંદ્ર રાવે કહ્યું, 'હું પણ વિચારી રહ્યો છું કે આ કેવી રીતે અને ક્યારે બન્યું, અને કોણે તેને અંજામ આપ્યો. આજકાલ કંઈ પણ થઈ શકે છે. મને તેના વિશે કોઈ માહિતી નથી. હું ચોંકી ગયો છું. આ બધું બનાવટી અને ખોટો છે. આ વીડિયો સંપૂર્ણપણે નકલી છે. મને તેના વિશે કોઈ માહિતી નથી.ડીજીપી રામચંદ્ર રાવે જણાવ્યું હતું કે તેઓ આ મામલે આગળની કાર્યવાહી અંગે તેમના વકીલ સાથે વાત કરશે. કર્ણાટકના મંત્રી લક્ષ્મી હેબ્બલકરે પણ આ મામલે એક નિવેદન બહાર પાડ્યું. તેમણે કહ્યું કે જો કોઈએ કંઈ ખોટું કર્યું છે, તો સરકાર તેમની સામે કાર્યવાહી કરશે. તેમણે વધુમાં કહ્યું, 'મહિલા અને બાળ વિકાસ મંત્રી તરીકે, હું તમને કહી શકું છું કે અમે વરિષ્ઠતાને ધ્યાનમાં લીધા વિના કાર્યવાહી કરીશું.' દરમિયાન, ભાજપના ધારાસભ્ય અને ભૂતપૂર્વ મંત્રી એસ. સુરેશ કુમારે આ ઘટનાની નિંદા કરતા તેને અક્ષમ્ય ગુનો ગણાવ્યો.

---

# વિરોધીઓ પર ઈરાનમાં કરાયેલી કાર્યવાહીમાં ઓછામાં ઓછા ૪,૦૨૯ લોકો માર્યા ગયા

• તહેરાન,તા.૨૦

ઈરાનમાં થયેલા વિશાળ વિરોધ પ્રદર્શન દરમિયાન ખામેની સરકારની ક્રૂરતા વિશેનું સત્ય વિશ્વ સમક્ષ જાહેર થઈ રહ્યું છે. માનવાધિકાર કાર્યકરોએ જણાવ્યું હતું કે દેશવ્યાપી પ્રદર્શનોમાં ભાગ લઈ રહેલા વિરોધીઓ પર ઈરાનમાં કરવામાં આવેલા કાર્યવાહીમાં ઓછામાં ઓછા ૪,૦૨૯ લોકો માર્યા ગયા છે. અમેરિકા સ્થિત માનવાધિકાર કાર્યકરો ન્યૂઝ એજન્સીએ આ આંકડાની જાણ કરી હતી, અને ઉમેર્યું હતું કે કાર્યવાહીમાં ૨૬,૦૦૦ થી વધુ લોકોની અટકાયત પણ કરવામાં આવી છે. એજન્સીએ અહેવાલ આપ્યો હતો કે મૃતકોમાં ૩,૭૮૬ વિરોધીઓ, ૧૮૦ સુરક્ષા દળો, ૨૮ બાળકો અને ૩૫ બિન-વિરોધકર્તાઓનો સમાવેશ થાય છે. મૃત્યુઆંક ઘણો વધારે હોવાની આશંકા છે. એપી સ્વતંત્ર રીતે આ આંકડાની ચકાસણી કરી શક્યું નથી. ઈરાની વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીને સ્વિટ્ઝલૅન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં બોલવા માટેનું આમંત્રણ હત્યાઓને કારણે પાછું ખેંચી લેવામાં આવ્યું છે. ફોરમે જણાવ્યું હતું કે, "ગયા પાનખરમાં તેમને આમંત્રણ આપવામાં આવ્યું હોવા છતાં, છેલ્લા કેટલાક અઠવાડિયામાં ઈરાની નાગરિકોના દુ:ખદ મૃત્યુનો અર્થ એ છે કે આ વર્ષે દાવોસમાં ઈરાની સરકારનું પ્રતિનિધિત્વ કરવું યોગ્ય નથી."

એજન્સીએ ઈરાનમાં અગાઉની અશાંતિ દરમિયાન સતત સચોટ માહિતી પૂરી પાડી છે અને દરેક મૃત્યુની પુષ્ટિ કરવા માટે જમીન પર રહેલા કાર્યકરોના નેટવર્ક પર આધાર રાખે છે. મૃત્યુઆંક ઘણો વધારે હોવાની આશંકા છે. એપી સ્વતંત્ર રીતે આ આંકડાની ચકાસણી કરી શક્યું નથી. ઈરાની વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીને સ્વિટ્ઝલૅન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં બોલવા માટેનું આમંત્રણ હત્યાઓને કારણે પાછું ખેંચી લેવામાં આવ્યું છે. ફોરમે જણાવ્યું હતું કે, "ગયા પાનખરમાં તેમને આમંત્રણ આપવામાં આવ્યું હોવા છતાં, છેલ્લા કેટલાક અઠવાડિયામાં ઈરાની નાગરિકોના દુ:ખદ મૃત્યુનો અર્થ એ છે કે આ વર્ષે દાવોસમાં ઈરાની સરકારનું પ્રતિનિધિત્વ કરવું યોગ્ય નથી."

---

બંને દેશો વચ્ચે સંબંધોને નવી દિશા આપી

# માત્ર ૩ કલાકની ઉડતી મુલાકાતમાં યુએઈના રાષ્ટ્રપતિએએ ધોલેરામાં મોટું રોકાણ કર્યું

• નવીદિલ્હી,તા.૨૦

સંયુકત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહંમદ બિન જાયદ અલ નાહયાન ભારતની ઉડતી મુલાકાતે આવ્યા હતા. માત્ર ૩ કલાકની મુલાકાતમાં તેઓ બંને દેશો વચ્ચે સંબંધોને નવી દિશા આપી છે. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ સોમવારે આ મુલાકાતની માહિતી આપતા જણાવ્યું હતું કે, બંને વૈશ્વિક નેતાઓ વચ્ચે થયેલી વાતચીતમાં મિત્રતાભર્યો માહોલ જોવા મળ્ય. જે હવે ભારત અને યુએઈના સંબંધોની નવી ઓળખ બની ગઈ છે. આ મુલાકાત દરમિયાન બંને દેશોએ રક્ષા, અંતરિક્ષ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રમાં મહત્વના કરાર કર્યા. દિલ્હીમાં પ્રધાનમંત્રી અને યુએઈના રાષ્ટ્રપતિ અલ નાહયાને મુલાકાત દરમિયાન અંતરિક્ષ, ઉર્જા, એલએનજી આપૂર્તિ, ઈન્વેસ્ટમેન્ટ, ફૂડ સિક્યોરિટી અને આતંકવાદ વિરોધ પર મહત્વના કરાર કર્યા છે. આ દરમિયાન યુએઈ ભારતમાં મોટું રોકાણકાર બન્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહંમદ બિન જાયદ નાહયાને દિલ્હીમાં થયેલી દ્વિપક્ષીય વાર્તામાં બંને દેશોના રાજકીય રક્ષા કરાર, અંતરિક્ષ કરાર અને ઉર્જા જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં કરાર કર્યા છે. ત્રીજું સૌથી મોટો કરાર ગુજરાતા ધોલેરાને લઈને કરવામાં આવ્યો છે. વિદેશ સચિવે આ ઈવેન્ટને મેગા પાર્ટનરશિપ ગણાવી હતી. જે અંતર્ગત યુએઈ ગુજરાતના ધોલેરામાં બની રહેલા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીઝનના વિકાસમાં ભાગીદાર બનશે. આ કરાર બાદ ધોલેરામાં ઈન્ટરનેશનલ એરોપ્રટ, પાયલટ ટ્રેનિંગ સ્કૂલ, વિમાનના રીપેરીંગ માટે એમઆરઓ સેન્ટર, નવું પોર્ટ (ગ્રીનલેન્ડ પોર્ટ) અને ટાઉનશિપ જેવી સુવિધાઓ વિકસિત કરવામાં આવશે. સાથે જ રેલવે કનેક્ટિવિટી અને ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા બંને દેશો મળીને કામ કરશે. યુએઈના રાષ્ટ્રપતિનું ગુજરાત સાથેનું જોડાણ વધુ મજબૂત કરવા માટે તેમને ભેટ પણ ગુજરાતથી આપવામાં આવી. યુએઈ રાષ્ટ્રપતિને ગુજરાતનો હાથથી કોતરવામાં આવેલ રોયલ લાકડાનો ઝુલો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ભેટ કરાયો હતો.

---

આગ પછી ઈમારતનું માળખું નબળું પડી ગયું છે, જેના કારણે તે લોકો માટે અસુરક્ષિત બની ગયું છે

# પાકિસ્તાનના ગુલ પ્લાઝા મોલમાં આગ લાગી, ૮૧ લોકો હજુ પણ ગુમ છે; મૃત્યુઆંક ૨૬ ઉપર પહોંચ્યો



• ઈસ્લામાબાદ,તા.૨૦

પાકિસ્તાનના કરાચીમાં એમએ જિન્ના રોડ પર ગુલ પ્લાઝા મોલમાં ભીષણ આગ લાગી. ઓછામાં ઓછા ૨૬ લોકોના મોતની પુષ્ટિ થઈ છે અને ૮૧ અન્ય લોકો ગુમ છે.એઆરવાય ન્યૂઝ અનુસાર, આગ પછી ઈમારતનું માળખું નબળું પડી ગયું છે, જેના કારણે તે લોકો માટે અસુરક્ષિત બની ગયું છે.

પાકિસ્તાની અધિકારીઓએ જણાવ્યું હતું કે રાત્રે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ આગ લાગી હતી. લગભગ ૩૪ કલાક પછી આગ પર કાબુ મેળવાયો હતો. બચાવ અને રાહત કામગીરી હજુ પણ ચાલુ છે. સેના, રેન્જર્સ અને નાગરિક વહીવટીતંત્રની મદદથી શોધ ટીમો કામગીરી ચલાવી રહી છે, જ્યારે એન્જિનિયરો ક્ષતિગ્રસ્ત માળખાનું મૂલ્યાંકન કરી રહ્યા છે.રિપોર્ટ મુજબ, ડીઆઈજી સાઉથે પુષ્ટિ આપી હતી કે અત્યાર સુધીમાં ઘટનાસ્થળેથી ૨૬ મૃતદેહો મળી આવ્યા છે. ૭ લોકોની ઓળખ થઈ ગઈ છે, જ્યારે બાકીના મૃતદેહો ડીએનએ પરીક્ષણ દ્વારા ઓળખવામાં આવશે. પોલીસના જણાવ્યા અનુસાર, શરૂઆતમાં ૬૯ લોકો ગુમ થયા હોવાનું જાણવા મળ્યું હતું, જેમાંથી ૩૨ છેલ્લે ગુલ પ્લાઝામાં શોધી કાઢવામાં આવ્યા હતા. દાખલ થયેલી ફરિયાદોના આધારે, ગુમ થયેલા લોકોની સંખ્યા હવે ૮૧ થઈ ગઈ છે.આગ બાદ ડીએનએ નમૂના સંગ્રહ શરૂ થઈ ગયો છે, ૧૮ પીડિતોના સંબંધીઓએ ઓળખ પ્રક્રિયામાં અધિકારીઓને મદદ કરવા માટે પહેલાથી જ નમૂના સબમિટ કર્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ગુલ પ્લાઝા અને નજીકના રામ્પા પ્લાઝામાં અને તેની આસપાસની પરિસ્થિતિ નિયંત્રણમાં છે, બધા પ્રવેશ બિંદુઓ સીલ કરવામાં આવ્યા છે. બિલ્ડિંગની અંદર ફક્ત અધિકૃત બચાવ કર્મચારીઓને જ મંજૂરી આપવામાં આવી રહી છે. કાટમાળ સાફ કરવા અને શોધ કામગીરીને સરળ બનાવવા માટે એક સુરક્ષિત માર્ગ બનાવવામાં આવ્યો છે. અધિકારીઓએ ગુમ થયેલા વ્યક્તિઓના પરિવારોને અપડેટ્સ માટે ડીસી ઓફિસ હેલ્પલાઈનનો સંપર્ક કરવા વિનંતી કરી છે.આગથી બચી ગયેલા ઝુબૈરે જણાવ્યું હતું કે ગુલ પ્લાઝામાં ૨૬ દરવાજા છે, પરંતુ રાત્રે ૧૦ વાગ્યા પછી, ૨૪ દરવાજા બંધ કરવામાં આવ્યા હતા, જેમાં ફક્ત બે બહાર નીકળવાના રસ્તા બાકી હતા. "અંધારા અને ગાઢ ધુમાડાને કારણે બહાર નીકળવું અશક્ય હતું," તેમણે કહ્યું. તેમણે કહ્યું કે ઘટના સમયે તેમની દુકાનમાં ૨૦ થી વધુ લોકો હતા. અન્ય એક દુકાનદારે કહ્યું કે તેઓ ફસાયેલા લોકોને બચાવવા માટે બિલ્ડિંગમાં પ્રવેશ્યા અને ઘણા બેભાન લોકોને બહાર કાઢ્યા. તેમણે દાવો કર્યો કે ત્યાં કોઈ ઈમરજન્સી એક્ઝિટ નહોતા અને દરવાજા બંધ હતા, જેના કારણે ઈમારત "મૃત્યુનું જાળ" બની ગઈ.અધિકારીઓએ જણાવ્યું હતું કે ગુલ પ્લાઝા ૧૯૮૦ માં બનાવવામાં આવ્યું હતું અને ૧૮ વર્ષ પછી ૧૯૯૮ માં બીજો માળ ઉમેરવામાં આવ્યો હતો.